સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

શ્રી સ્વામિનારાયણ ચિંતન

જાન્યુઆરી - ૨૦૧૦

વ્યક્તિગત લવાજમ રૂા. ૧૨૫/-

ચલો ગજ બૈઠકે મહારાજ, બોલત જય જય ચોપદાર બાજત બહુ બાજા...

ભાવનગર શહેરને આંગણે યોજાયેલ પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી વૃંદાવનપ્રસાદજી મહારાજશ્રીની નવગજ ગજરાજ પર ભવ્ય સ્વાગત શોભાયાત્રા (તા.૧૦-૧-૨૦૦૮)

ગોંડલિયા પરિવાર નિષ્કામ્ય ભક્તિભાવે દ્વારા ભાવેણા ભાવનગર શહેરને આંગણે યોજાયેલ પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી વૃંદાવનપ્રસાદજી મહારાજશ્રીની નવગજ ગજરાજ પર ભવ્ય સ્વાગત શોભાયાત્રા (તા.૧૦-૧-૨૦૦૮)

રાજકોટને આંગણે 'મહાપૂજાધામ' ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રીના પવિત્ર સાંન્નીધ્યમાં યોજાયેલ 'ભવ્ય શાકોત્સવ' (તા. ૨૭-૧૨-૦૯)

નવસારીને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય ઉપસ્થિતિમાં યોજાયેલ શાકોત્સવ તથા સત્સંગ સભા (તા. ૪-૧-૨૦૧૦)

ભાલપ્રદેશના ખંભાત શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' અંતર્ગત 'શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ' (તા. ૨૪ થી ૩૦ ડીસેમ્બર - ૨૦૦૯)

:: સંસ્થાપક ::

:: અધ્યક્ષ ::

શ્રી સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૫, અંક :- ૭, તા. ૨૦-૦૧-૧૦

:: પ્રયોજક ::

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

તંત્રી : સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::

સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાપનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

બે વર્ષ	: રૂા. ૧૬૦/-
પંચવાર્ષિક	: રૂા. ૩૫૦/-
પચ્ચીસ વર્ષ	: રૂા. ૭૫૦/-
પરદેશમાં લવાજમ	: $ 200 U.S.A.
	: £ 100 U.K.

:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::

'ચિંતન કાર્યાલય'

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧

Visit us : www.sardhadham.org

www.swaminarayanvadtalgadi.org

E-mail : chintansardhar@yahoo.in

sardharmandir@gmail.com

"વ્હાલા લાગે વાલપના વેણ..."

"...વિશિષ્ટાદ્વૈત મત વિના બીજા બધા મતોમાં કોઈકને કોઈક દૂષણોને જોઈને અને જગતના તમામમતોથી વિશિષ્ટાદ્વૈત મત અતિ ઉત્તમછે એમનિશ્ચય કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણે દાર્શનિક જગતમાં અભૂતપૂર્વ વૈચારિક ક્રાંતિ સર્જી અને સ્વયં રચેલી 'શિક્ષાપત્રી'માં જ લખ્યું છે કે -

'मतं विशिष्टाद्वैतं मे' - અમારો જે મત તે વિશિષ્ટાદ્વૈત છે એમજાણવું.

(શિક્ષાપત્રી - શ્લોક : ૧૨૧)

આનાં બે અર્થ થઈ શકે : ૧. મારો મત (સિદ્ધાંત) વિશિષ્ટાદ્વૈત છે. ૨. મને વિશિષ્ટાદ્વૈત મત સ્વીકાર્ય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના અવતારી કાર્ય દરમ્યાન ક્યાંય પણ પોતાના દાર્શનિક સિદ્ધાંત કે મતનું નામનિર્દેશ કર્યું નથી. પોતાને રામાનુજાચાર્યના મતમાં વિશેષ રુચિ છે તેવું જણાવતાં શ્રીજીમહારાજ લોયા પ્રકરણના ૧૪માં વચનામૃતમાં કહે છે :- "જેવી રીતે શંકર સ્વામીએ અદ્વૈત બ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે, તેને વિષે તો અમારે રુચિ નથી. તથા રામાનુજ સ્વામીએ જેવી રીતે ક્ષર-અક્ષર થકી પર જે પુરુષોત્તમભગવાન તેનું નિરૂપણ કર્યું છે તે પુરુષોત્તમભગવાનને વિષે તો અમારે ઉપાસના છે..."

:: અનુક્રમણિકા ::

1. 'मतं विशिष्टाद्वैतं मे' - અમારો જે મત તે વિશિષ્ટાદ્વૈત છે એમ જાણવું... ૦૪
2. વિશિષ્ટાદ્વૈત એટલે શું ??? ૦૮
3. ભગવાન શ્રી સ્વામિનારાયણ સંમત વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત... ૧૬
4. ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રતિપાદિત 'નવ્ય વિશિષ્ટાદ્વૈત' સિદ્ધાંત... ૧૭
5. શ્રી સ્વામિનારાયણીય નવ્ય વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં સૃષ્ટિ પ્રક્રિયા... ૧૮

સંપૂર્ણ લેખન/સંકલન : પાર્ષદ ખુશાલ ભગત

ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

6. સત્સંગ સમાચાર... ૩૭

- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ ધર્મવલ્લભદાસજી - સરધાર

મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામિદ્વારા સ્વહસ્તલિખિત વાઙ્મય સ્વરૂપ **'શિક્ષાપત્રીની ૧૮૫ જન્મજયંતિ'** પ્રસંગે ચાલો આપણે આ અંકના માધ્યમથી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા શ્રીમુખે પ્રબોધેલ **'નવ્ય વિશિષ્ટાદ્વૈત'** સિદ્ધાંતને સમજીએ...

।। मतं विशिष्टाद्वैतं मे ।।

અમારો જે મત તે વિશિષ્ટાદ્વૈત છે એમ જાણવું.

(શિક્ષાપત્રી - શ્લોક : ૧૨૧)

- પાર્ષદ ખુશાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

'શિક્ષાપત્રી' એટલે ???

'શિક્ષા' એટલે ધર્મમય વચનો.
'શિક્ષા' એટલે હિતકારી વચનો.
'શિક્ષા' એટલે વિધિનિષેધાત્મક આચાર.
'શિક્ષા' એટલે વાત્સલ્યતાથી ભરેલી ભલામણો.

દૂર દૂર દેશ સુધી પોતાનો સંદેશો પહોંચાડી શકે એને 'પત્ર' અથવા 'પત્રી' કહેવાય.

'शिक्षायाः पत्री शिक्षार्था वा पत्री'

આ રીતે ખૂબજ સુંદર આ નાનકડા ગ્રંથનું **'શિક્ષાપત્રી'** નામ સુસંગત છે.

એ જાણવા માટે આપણે આદિઆચાર્યશ્રી સંમત અર્થ જ વિચારીએ :

પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રી ભાષ્યમાં ખૂબજ સુંદર અર્થ કરે છે :-

'शिक्षायाः पत्री शिक्षार्था वा पत्री'

ભાવાર્થક 'ઘઞ્' પ્રત્યયાન્ત 'શિક્ષા' શબ્દથી 'ષષ્ઠીસમાસ' દ્વારા શિક્ષાપત્રી શબ્દ નિષ્પન્ન થાય છે.

'શિક્ષાપત્રી' શબ્દનો અર્થ શિક્ષાઓનું સંકલન કરનારી પત્રી એવો થાય

છે. શિક્ષાનો અર્થ સ. ગુ. શ્રી શતાનંદ સ્વામી **અર્થદિપીકા** ટીકામાં આ રીતે બતાવે છે : 'शिक्षाशब्देन हिततमं धर्मतत्त्वम्'

પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રી પણ 'शिक्ष्यते उपदिश्यते मुमुक्षूणामसाधारणं धर्मतत्त्वमनया ईति शिक्षा ।' એવો કરે છે.

અર્થાત્ સંસારચક્રથી મુક્તિ ઈચ્છનારા ભક્તો માટે જે અસાધારણ ધર્મતત્ત્વનો ઉપદેશ એનું જ નામ **'શિક્ષા.'** આવી શિક્ષાઓનું સંક્ષેપમાં સંકલન જેમાં થયું છે તે શિક્ષાપત્રી.

'विक्रमार्क शकस्याब्दे नेत्राष्टवसुभूमिते । वसंताद्यदिने शिक्षापत्रीयं लिखिता शुभा ।।'

વિ.સં. ૧૮૮૨ના મહા સુદિ - ૫ (વસંતપંચમી)ના રોજ વડતાલમાં હરિમંડપમાં બિરાજી સકલશાસ્ત્રના સારરૂપ આ પત્રીનું આલેખન 'लिलेख पत्रिकां स्वामी' - (શ્રી સત્સંગિજીવન : ૪/૪૩/૨૩) મુજબ અનંત અવતારોના અવતારી સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે અનંત જીવાત્માઓના આત્યંતિક શ્રેયને માટે **'सर्वजीवहितावह'** એવું પોતાનું વાઙ્મય સ્વરૂપ (શિક્ષાપત્રી)ની રચના કરી છે.

કોઈપણ ગ્રંથ હોય તેના ચાર પાયા હોય છે. એ ચાર પાયા વગર કોઈપણ ગ્રંથની રચના ન થઈ શકે :

૧. પ્રયોજન ૨. પ્રતિપાદ્ય - વિષય ૩. અધિકારી ૪. સંબંધ

શિક્ષાપત્રીનું પ્રયોજન :-

આ કળિયુગમાં અલ્પ આયુષ્ય, અલ્પ બુદ્ધિવાળા મનુષ્યો સરળતાથી પોતાને અનુરૂપ શ્રેયમાર્ગનું ગ્રહણ કરે એટલા માટે પરમકૃપાળુ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણે આ શિક્ષાપત્રી લખી આપી છે.

'यो भक्तौ प्रकटीबभूव दयया धर्माज्जनश्रेयसे' - કૃપાળુતા એક જ પ્રભુને પૃથ્વી પર પધારવામાં હેતુભૂત બની હતી.

શિક્ષાપત્રી ધ્યાનમાં પણ કહેવાયું છે કે,

'विज्ञाने विलयं गते प्रसरति क्षोण्यां तमस्यांतरे । दिङ्मूढेषु भवाध्वगेषु परितः पीडैकशेषे विधौ ।।'

અર્થાત્ : જ્ઞાનનો વિલય થયો, અજ્ઞાન અંધકાર ચારેબાજુ વ્યાપી રહ્યો, પ્રજા કર્તવ્યશૂન્ય દિગ્મૂઢ બની, પીડામાત્ર અવશેષ રહી ત્યારે કરુણાવતારે કૃપા કરી **'શિક્ષાપત્રી'**નું પ્રણયન કર્યું.

શિક્ષાપત્રીનું લેખન શા માટે ???

આ પ્રશ્નને સરળતાથી સમજવો હોય તો આચાર્યશ્રી સંમત રહસ્યને થોડો વિચારીએ :

શિક્ષાપત્રી આલેખનના ગુપ્ત પ્રયોજનને ભગવાન શ્રીહરિ **'શ્રી સત્સંગિજીવન'**માં સ્પષ્ટ કરે છે :

'अन्तर्हिते मयि भुवो मदीयानां च सर्वशः ।
स्फुटमद्वाक्यरूपा सा भवित्र्यालम्बनं भुवि ।।'

હું પૃથ્વીથી અંતર્હિત થાઉં ત્યારે પૃથ્વીમાં સર્વે મારા જનોને સ્પષ્ટ મારા વાક્યરૂપી પત્રી આધારરૂપ થશે.'

(શ્રી સત્સંગિજીવન : ૪/૪૩/૨૩)

અર્થાત્ મહાપ્રભુના અંતર્ધાન પછી તેમના આવિર્ભાવનો આશય સ્પષ્ટ રીતે આશ્રિતભક્તો સમજી તે માર્ગે વર્તી મોક્ષરૂપી પરમફળને પામી શકે તે માટે શિક્ષાપત્રીનું લેખન કરવાનો ભગવાન શ્રી સહજાનંદ સ્વામિએ સંકલ્પ કર્યો.

શિક્ષાપત્રી શ્લોક ૭ દ્વારા પણ આવો જ આશય શ્રીજીમહારાજે સ્પષ્ટ કર્યો :

'एकाग्रेणैव मनसा पत्रीलेखः सहेतुकः ।
अवधार्योऽयमखिलैः सर्वजीवहितावहः ॥७॥'

''અને આ શિક્ષાપત્રી લખ્યાનું જે કારણ છે તે સર્વે તેમણે એકાગ્ર મને કરીને ધારવું અને આ શિક્ષાપત્રી જે અમે લખી છે, તે સર્વેના જીવને હિતની કરનારી છે.''

આ ગ્રંથનું પ્રયોજન માત્ર આશ્રિતોને માટે જ શ્રેયનો પથ પ્રદર્શિત કરવાનું નહિ, પરંતુ 'सर्वजीवहितावहः' જીવપ્રાણી માત્રના હિતતત્ત્વને પ્રતિપાદન કરવાનું છે.

આ રીતે સં. ૧૮૫૮ થી ૧૮૮૨ સુધીના ૨૫ વર્ષના સમય દરમ્યાન હજારો-લાખો નરનારીઓને સદ્ધર્મના માર્ગે ચાલતા જોઈ શ્રીજીમહારાજે પોતાના સ્વધામગમન પૂર્વે ભક્તોના સંરક્ષણ માટે **'लक्ष्मणरेखा'** આંકવાનો સંકલ્પ કર્યો. એ જ સંકલ્પનું મૂર્તિમંત સ્વરૂપ એટલે **'શિક્ષાપત્રી.'**

શિક્ષાપત્રીનો પ્રતિપાદ્ય વિષય :-

ઉપાસના (ભક્તિ) :

શિક્ષાપત્રીમાં મુખ્યતઃ પ્રતિપાદ્ય વિષયો તરીકે ચાર વિષયો ચર્ચાયા છે : ૧. ધર્મ ૨. જ્ઞાન ૩. વૈરાગ્ય ૪. ભક્તિ (ઉપાસના)

આ ચાર વિષયો પૈકી પ્રથમ ત્રણ વિષયો પર વિસ્તૃત વિવેચન ઘણી જગ્યાએ, ઘણાંય શાસ્ત્રોમાં જોઈએ છીએ. અહીં આપણે ભક્તિ (ઉપાસના) વિષય બાબત શિક્ષાપત્રીમાં સ્વયં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે જે પ્રતિપાદન કર્યું છે તેને જોઈએ - વિચારીએ... :

ભગવાન શ્રી સ્વામિનારાયણની દૃષ્ટિ માનવસહજ રાગદ્વેષથી પર છે. જે

સંપ્રદાયો, પંથો, પરિવારો રાગદ્વેષની ભૂમિકાથી ઉદ્‌ભવ્યા હોય તેમાં સત્ય તો ક્યાંય ગુપ્ત રીતે છુપાઈને બેઠું હોય છે તેનું સંશોધન કરવું ખૂબજ દુષ્કર બને છે. **કોઈપણ સંપ્રદાયની સ્થિરતા તેના નક્કર સિદ્ધાંતથી જ ટકે છે.** બૌદ્ધ સંપ્રદાય શાસ્ત્ર વિરુદ્ધ અને લોકવિરુદ્ધ હોવાથી ભારતદેશમાં નામ શેષ રહ્યો છે. વિચારભ્રષ્ટ સિદ્ધાંતોથી અને આચારભ્રષ્ટ અનુયાયીઓથી ઘણાંજ સંપ્રદાયો અને પંથો આજે લુપ્તપ્રાપ્ય થઈ ગયેલા જોવા મળે છે.

આચાર્ય શ્રી શંકરાચાર્યજીએ કેવળ આત્મા-પરમાત્મા વિષયક જ્ઞાનને જ પ્રાધાન્ય આપ્યું : 'ऋते ज्ञानान्न मुक्तिः ।, तत्त्वमसि ।, एकमेवाद्वितीयं ब्रह्म ।' - વગેરે વેદવાક્યોના આધારે અદ્વૈતમતની સ્થાપના કરી.

આ મતના સ્થાપન પાછળ એક બહુજ સમજણપૂર્વકનો હેતુ હતો. આપણા આગમ અને પુરાણોમાં વિષ્ણુ, શિવ અને શક્તિ (દેવી)ની ભક્તિ-ઉપાસના જોવા મળે છે. તેમાં પંચરાત્ર તથા વૈખાનસ આગમ તથા મત્સ્ય, કૂર્મ, વારાહ, વામન, નારદ, બ્રહ્મવૈવર્ત, પદ્મ, વિષ્ણુ તથા ભાગવત વગેરે પુરાણોમાં સ્પષ્ટપણે વિષ્ણુની ભક્તિ એટલે કે વૈષ્ણવધર્મનું પ્રતિપાદન જોવા મળે છે. આ ઉપરાંત નારદ તથા શાંડિલ્યના ભક્તિસૂત્રમાં અને ગીતામાં પણ ભક્તિનું સ્વરૂપ અને મહત્ત્વ દર્શાવ્યું છે. આવી રીતે વૈદિકકાળથી જ ભક્તિનું પોષણ, સંવર્ધન અને રક્ષણ અવારનવાર થતું જ રહ્યું છે. ભક્તિની આ વિકાસયાત્રામાં વચ્ચે વચ્ચે જૈન, બૌદ્ધ જેવા નાસ્તિકો તથા કર્મપ્રધાન મીમાંસકોએ ઘણાં વિઘ્નો નાંખ્યા. તેમણે ઈશ્વરના અસ્તિત્વમાં જ અનાસ્થા જગાડવાનો જબરો પુરુષાર્થ કર્યો. અને બહોળા પ્રમાણમાં સફળ પણ થયા, પરંતુ શંકરાચાર્યે બૌદ્ધધર્મ અને કેવળ કર્મકાંડના પ્રાધાન્યની અસરમાંથી હિન્દુધર્મને મુક્ત કરવા માટે ઉપનિષદો પર આધારિત સંન્યાસપ્રધાન જ્ઞાનમાર્ગ (અદ્વૈતમાર્ગ)ની સ્થાપના કરી. પરંતુ મધ્યયુગના સંતો-ભક્તોને શંકરાચાર્યની સંન્યાસપ્રધાન જ્ઞાન એજ મોક્ષનું સાધન છે એ વાત રુચિ નહિ, તેથી શંકરાચાર્યની વિરુદ્ધ બધા જ વૈષ્ણવ આચાર્યો આવ્યા. તેમણે શંકરાચાર્યના માયાવાદનું ખંડન કરીને **ભક્તિપ્રધાન વૈષ્ણવ સંપ્રદાય** સ્થાપવાનો પ્રયત્ન કર્યો. એકતરફ મીમાંસકોનો કંટાળાજનક નીરસ કર્મકાંડ, તો બીજી બાજુ શંકરાચાર્યનું ભારેખમશુષ્કજ્ઞાન. બંનેથી કંટાળીને હતાશ થયેલા સમાજમાંથી વૈષ્ણવધર્મના મુખ્ય ચાર **ભક્તિસંપ્રદાયો** બહાર આવ્યા. એ ચાર સંપ્રદાયોના સંસ્થાપક શ્રીમદ્ રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય, નિમ્બાર્કાચાર્ય અને વલ્લભાચાર્ય વગેરે આચાર્યોએ પ્રસ્થાનત્રયીના આધારે પોતપોતાના દેશ, કાળ, સંસ્કાર અને સંપ્રદાયની પરંપરા અનુસાર વિવિધ દાર્શનિક મતો સ્થાપ્યા. આ વૈષ્ણવ આચાર્યોએ સ્થાપેલા દર્શનો અનુક્રમે રામાનુજાચાર્યનું **શ્રી રામાનુજ દર્શન,** મધ્વાચાર્યનું **શ્રી મધ્વદર્શન,** નિમ્બાર્કાચાર્યનું **શ્રી નિમ્બાર્કદર્શન** અને વલ્લભાચાર્યનું **શ્રી વલ્લભદર્શન** તરીકે પ્રસિદ્ધ છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ કેવળ સેવારૂપા ભક્તિની ભૂમિકા પર **શુદ્ધાદ્વૈત** મત સ્થાપ્યો. તો કેટલાક સંપ્રદાયોએ કેવળ બાહ્ય આચારને જ મહત્ત્વ આપ્યું. અતિશય જ્ઞાન, તપ અને ત્યાગથી અદ્વૈતવાદીઓ શુષ્ક અને ભક્તિહીન બની ગયા. જ્યારે વિવેકભ્રષ્ટ ભક્તિથી વૈષ્ણવો ભ્રષ્ટાચારમાં ડૂબ્યા.

વિશિષ્ટાદ્વૈત મત વિના બીજા બધા મતોમાં કોઈકને કોઈક દૂષણોને જોઈને અને જગતના તમામ મતોથી **વિશિષ્ટાદ્વૈત મત** અતિ **ઉત્તમ** છે એમનિશ્ચય કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણે દાર્શનિક જગતમાં અભૂતપૂર્વ **વૈચારિક ક્રાંતિ** સર્જી અને સ્વયં રચેલી 'શિક્ષાપત્રી'માં શ્લોક ૧૨૧માં જ લખ્યું છે કે -

'मतं विशिष्टाद्वैतं मे' - અમારો જે મત તે વિશિષ્ટાદ્વૈત છે એમ જાણવું. (શિક્ષાપત્રી - શ્લોક : ૧૨૧)

આનાં બે અર્થ થઈ શકે : ૧. મારો મત (સિદ્ધાંત) વિશિષ્ટાદ્વૈત છે. ૨. મને વિશિષ્ટાદ્વૈત મત સ્વીકાર્ય છે.

જગદ્‌ગુરુ શ્રી રામાનુજાચાર્યજીનો મત **'વિશિષ્ટાદ્વૈત'** છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના અવતારી કાર્ય દરમ્યાન ક્યાંય પણ પોતાના **દાર્શનિક સિદ્ધાંત** કે મતનું નામ નિર્દેશ કર્યું નથી. પોતાને રામાનુજાચાર્યના મતમાં વિશેષ રુચિ છે તેવું જણાવતાં શ્રીજીમહારાજ લોયા પ્રકરણના ૧૪માં વચનામૃતમાં કહે છે :- "જેવી રીતે શંકર સ્વામીએ અદ્વૈત બ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે, તેને વિષે તો અમારે રુચિ નથી. તથા રામાનુજ સ્વામીએ જેવી રીતે ક્ષર-અક્ષર થકી પર જે પુરુષોત્તમ ભગવાન તેનું નિરૂપણ કર્યું છે તે પુરુષોત્તમ ભગવાનને વિષે તો અમારે ઉપાસના છે."

વળી, શિક્ષાપત્રી શ્લોક ૧૦૦માં કહ્યું છે :-

'शारीरकाणां भगवद्गीतायाश्चावगम्यताम् ।
रामानुजाचार्यकृतं भाष्यमाध्यात्मिकं मम ॥'

"અને શ્રી રામાનુજાચાર્યે કર્યું એવું જે વ્યાસસૂત્રનું શ્રીભાષ્ય તથા શ્રીભગવદ્‌ગીતાનું ભાષ્ય એ જે બે તે અમારું **અધ્યાત્મશાસ્ત્ર** છે એમ જાણવું."

ભગવાન શ્રીહરિ વડતાલ પ્રકરણના ૧૮માં વચનામૃતમાં કહે છે :- "તે શ્રી રામાનંદ સ્વામી શ્રીરંગક્ષેત્રને વિષે સ્વપ્નમાં સાક્ષાત્ **શ્રી રામાનુજાચાર્ય** થકી વૈષ્ણવી દીક્ષાને પામ્યા. માટે રામાનંદ સ્વામીના ગુરુ તે રામાનુજાચાર્ય છે. ને તે રામાનંદ સ્વામીના શિષ્ય અમે છીએ એવી રીતે **ગુરુપરંપરા** જાણવી."

આમ, બીજા આચાર્યોના મત અને શાસ્ત્રો કરતા શ્રી રામાનુજાચાર્યના મત અને શાસ્ત્રોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણને વિશેષ રુચિ છે એવું સ્પષ્ટપણે જણાય છે.

તેથી જ મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામિ શિક્ષાપત્રીમાં સ્પષ્ટ

શબ્દોમાં લખે છે :-

'मतं विशिष्टाद्वैतं मे' - અમારો જે મત તે **વિશિષ્ટાદ્વૈત** છે એમ જાણવું. (શિક્ષાપત્રી - શ્લોક : ૧૨૧)

આ શ્લોકને આપણે કોઈપણ અર્થમાં સ્વીકારીએ તોપણ અહીં સ્પષ્ટપણે એ તો જાણવું અને સમજવું ઘટે કે શ્રીજીમહારાજનો વિશિષ્ટાદ્વૈત મત શ્રી રામાનુજાચાર્યજીના વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતથી અનેક રીતે ભિન્ન છે. તેની છણાવટ આપણે અહીં જોઈશું.

'વિશિષ્ટાદ્વૈત' શબ્દની સિદ્ધિ (અર્થ નિષ્પત્તિ) પાણિની વ્યાકરણ મુજબ વિશિષ્ટ + અદ્વૈત = વિશિષ્ટાદ્વૈત એ દૃષ્ટિએ વિશિષ્ટાદ્વૈત શબ્દની સિદ્ધિ આ પ્રકારે છે.

'વિ' ઉપસર્ગ પૂર્વક 'शिष्लृ' ધાતુ વિશેષણ અર્થમાં પ્રવર્તે છે. તે ધાતુથી કર્મમાં **'क्त'** પ્રત્યય લાગવાથી 'વિશિષ્ટ' શબ્દની સિદ્ધિ થાય છે.

હવે **અદ્વૈત** શબ્દની સિદ્ધિ આ પ્રકારે છે.

'उभ' એ ધાતુ પૂરણ અર્થમાં લાગે છે. તુદાદીગણના એ 'उभ' ધાતુથી 'उभेर्द्वेश्च' આ ઉણાદીનું સૂત્ર લાગવાથી 'इ' પ્રત્યય થાય છે. અને 'उभ'નો 'द्व' આદેશ કરવાથી 'द्वि' શબ્દની સિદ્ધિ થાય છે. પછી 'द्वयोर्भावः' અર્થાત્ બેનો ભાવ જે ધર્મ તે 'द्वित्ता' કહેવાય. પછી 'प्रज्ञादिभ्यश्च' એ સૂત્રથી સ્વાર્થમાં 'अण्' પ્રત્યય થઈને 'द्वैत' શબ્દની સિદ્ધિ થાય છે. ન દ્વૈત તે 'अद्वैत' બેપણું નહિ એનું નામ- 'अद्वैत.' આવી રીતે અદ્વૈત શબ્દની સિદ્ધિ થાય છે. ત્યારપછી એકશેષ સમાસવાળા બે 'विशिष्ट' તેનું 'अद्वैत' તે 'विशिष्टाद्वैत' કહેવાય. આ પ્રકારે વિશિષ્ટાદ્વૈત શબ્દ સિદ્ધ થાય છે.

ચેતન-અચેતન વિશિષ્ટ ઈશ્વર તત્ત્વનું એકત્વપણાનું નિરૂપણ કરનાર સિદ્ધાંત એટલે **'વિશિષ્ટાદ્વૈત.'**

શ્રીમદ્ રામાનુજાચાર્યે પોતાની કૃતિઓ દ્વારા જે દાર્શનિક મતનું સમર્થન, પ્રતિપાદન કર્યું છે તે વિશિષ્ટાદ્વૈતના નામથી પ્રસિદ્ધ છે.

વિશિષ્ટ + અદ્વૈત = વિશિષ્ટાદ્વૈત.

વિશેષણયુક્ત વિશેષ્યને **વિશિષ્ટ** કહેવામાં આવે છે. જેમકે 'पीतः पटः'માં 'पीतः' વિશેષણ છે. 'पटः' વિશેષ્ય છે. કેમ જે 'पीतः' વિશેષણથી વિશિષ્ટ છે.

શ્રી રામાનુજાચાર્ય જીવ (चित्), માયા (अचित्) અને ઈશ્વર - એમ ત્રણ તત્ત્વોમાં માને છે. આ ત્રણ તત્ત્વોમાં चित् અને अचित् એટલે કે જીવ અને માયા એ બે ઈશ્વરના વિશેષણો છે, ઈશ્વર વિશેષ્ય છે. અને चित् તથા अचित्થી વિશિષ્ટ (યુક્ત) છે.

અહીં વિશેષણરૂપે જીવ-માયા (જગત) એટલે કે દ્વૈત અને વિશિષ્ટરૂપે પરબ્રહ્મ (અદ્વૈત) વચ્ચે અપૃથક્ સિદ્ધ સંબંધ છે. કારણ કે જીવ અને માયા એટલે કે જગતને ઈશ્વરથી પૃથક્ કરી શકાતાં નથી. ઈશ્વર, જીવ અને જગતના આત્માપણે સદૈવ રહે છે. ઈશ્વરનું વ્યાપકપણું સર્વત્ર અને સર્વદા છે. તેથી જીવ, જગત (चित्-अचित्)નું ઈશ્વરથી પૃથક્ અસ્તિત્વ શક્ય નથી. જો કે શ્રી રામાનુજાચાર્યે દ્વૈત (વિશેષણ) અને અદ્વૈત (વિશેષ્ય) બંનેને સત્ય અને અપૃથક્ માન્યા છે, છતાં પણ તેઓ આ બંનેને સમાન સ્તરના નથી માનતા. અહીં અદ્વૈત (ઈશ્વર) મુખ્ય છે અને દ્વૈત (चित् અને अचित्) ગૌણ છે. અદ્વૈત શરીરી (આત્મા) રૂપ છે. અંગી છે, વિશેષ્ય છે; જ્યારે દ્વૈત શરીરરૂપ છે, અંગ છે અને વિશેષણ છે.

વિશેષણભૂત દ્વૈત (चित् અને अचित्) પરતંત્ર છે અને અદ્વૈતને આશ્રિત છે. જ્યારે વિશેષ્યભૂત અદ્વૈત (ઈશ્વર) સ્વતંત્ર છે.

આ રીતે ઈશ્વરતત્ત્વ **चिदचिद् विशिष्ट** છે કે જે એક અને અદ્વિતીય છે - અર્થાત્ **અદ્વૈત તત્ત્વ** છે. શ્રી રામાનુજાચાર્યના ઉપરોક્ત સિદ્ધાંતને યથાર્થપણે દર્શાવતું **'વિશિષ્ટાદ્વૈત'** એવું નામાભિધાન **સાર્થક** છે. શ્રી રામાનુજાચાર્યના દાર્શનિક સિદ્ધાંતને અનુરૂપ તેમનો મત **'વિશિષ્ટાદ્વૈત'**ના નામે ઓળખાય છે.

વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતની તત્ત્વમીમાંસા

વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત અનુસાર બધા જ તત્ત્વોનું નીચે પ્રમાણે **વર્ગીકરણ** કરવામાં આવે છે.

૧. चित् (જીવ તત્ત્વ).

૨. अचित् (માયા તથા માયાનું કાર્ય - જગત, જડતત્ત્વ).

શ્રી રામાનુજાચાર્યજી



શ્રી શંકરાચાર્યજી

શ્રી વલ્લભાચાર્યજી

શ્રી મધ્વાચાર્યજી

શ્રી નિમ્બાર્કાચાર્યજી

विशिष्टाद्वैत એટલે શું ???



ઉ. ઈશ્વર.

૧. ચિત્ (જીવ)ના ત્રણ ભેદ છે : (૧) નિત્યમુક્ત (૨) મુક્ત (૩) બદ્ધ.

૨. અચિત્ (માયા)ના ચાર ભેદ છે : (૧) પ્રકૃતિ (૨) કાળ (૩) શુદ્ધસત્વ (૪) ધર્મભૂતજ્ઞાન.

૩. ઈશ્વરના પાંચ ભેદ છે : (૧) પર (૨) વ્યૂહ (૩) વિભવ (૪) અંતર્યામી (૫) અર્ચા.

આ પ્રમાણે મુખ્યત્વે ચિત્, અચિત્ અને ઈશ્વર - આ ત્રણ મૂળભૂત તત્ત્વો અનાદિ અને અનંત છે, અવિનાશી છે, નિત્ય છે. તેમાં ચિત્ અને અચિત્ તત્ત્વ ઈશ્વરને આશ્રિત છે, નિયામ્ય (શાસિત), તેના પ્રકારરૂપ, તેના શરીરભૂત અને તેનાથી અપૃથક્‌સિદ્ધ તત્ત્વો છે. એ બંનેના નિયંતા, શાસક, પ્રકારી બંનેથી વિશિષ્ટ અને શરીરી એવા ઈશ્વર (પરબ્રહ્મ) એક અને અદ્વિતીય છે.

હવે આપણે આ ત્રણે તત્ત્વો વિષે વિસ્તારથી વિચારીએ :

૧. ચિત્ (જીવ)

જીવનું સ્વરૂપ અને તેના ગુણધર્મો :

શ્રી રામાનુજાચાર્યના મતે જીવ એ ઈશ્વરથી ભિન્ન છતાં અપૃથક્ એવું વાસ્તવિક, અનાદિ અને અનંત અર્થાત્ નિત્ય તત્ત્વ છે.

દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણ આદિકથી ભિન્ન એવું આ ચિત્ તત્ત્વ એક પ્રકારનું ચેતન દ્રવ્ય છે.

જીવ **જ્ઞાનસ્વરૂપ** એટલે કે ચૈતન્યમય છે અને **જ્ઞાનનો આશ્રય** એટલે કે ચૈતન્ય ધર્મ (જ્ઞાન ગુણ) યુક્ત છે. આમ, જ્ઞાન (ચૈતન્ય) જીવનું સ્વરૂપ છે. અને તે જીવનો ધર્મ એટલે કે **ગુણ** પણ છે.

જ્ઞાન જીવનું નિજીસ્વરૂપ હોવાથી તે ધર્મીભૂતજ્ઞાન સ્વરૂપ છે અને જ્ઞાન તેનો ગુણ હોવાથી તે ધર્મભૂત જ્ઞાનવાન પણ છે.

જીવ પોતાના ધર્મભૂતજ્ઞાન વડે આંતર-બાહ્ય વિષયને જાણે છે, તેથી તે જ્ઞાતા છે. તે જ પોતે શુભાશુભ કર્મોનો કર્તા છે અને કર્માનુસાર સુખદુઃખરૂપ ફળનો ભોક્તા પણ છે.

જીવની આ જ્ઞાતા શક્તિ, કર્તાશક્તિ અને ભોક્તા શક્તિ સ્વતઃ અને સ્વતંત્ર નથી, પરંતુ પરમાત્માને આધીન છે.

જીવનું વાસ્તવિક સ્વરૂપ અજર (જર્જરિત ન થાય તેવું), અમર (મરે નહિ તેવું), શાશ્વત અને નિત્ય; અને અજ (અજન્મા) જેનો જન્મજ નથી - અનાદિ છે. એટલે કે જીવ જન્મતો નથી કે મરતો નથી, પરંતુ સ્થૂળ દેહના સંબંધથી **જન્મ** અને તે દેહનો ત્યાગ કરવાથી **મૃત્યુ** કહેવામાં આવે છે. આ રીતે જન્મ અને મરણ દેહના છે, પરંતુ જીવના નથી. જીવ તો અનાદિ, અનંત અને શાશ્વત છે. જો જીવને નિત્ય માનવામાં ન આવે તો પૂર્વજન્મ- પુનર્જન્મ કે વિશ્વની વિષમતા કોઈપણ રીતે સમજાવી શકાય તેમ નથી. તેથી રામાનુજદર્શન જીવને સાદિ અને સાંત માનવાને બદલે **અનાદિ** અને **અનંત** અર્થાત્ નિત્ય માને છે. કોઈપણ અવસ્થામાં (જગતની ઉત્પત્તિ, સ્થિતિ કે પ્રલયની અવસ્થા

કે જીવની બદ્ધ કે મુક્તાવસ્થામાં) જીવ પોતાનું અસ્તિત્વ અને વ્યક્તિત્વ ગુમાવતો નથી.

વળી, આ જીવ કુટસ્થ નિત્ય છે, તેથી તેના સ્વરૂપમાં કોઈપણ પ્રકારના રૂપાંતર, પરિવર્તન કે વિકારો સંભવતા નથી.

અનાદિથી જીવ સાથે વળગેલ માયા અને માયાના કોઈપણ કાર્ય કે દોષ અથવા જીવે કરેલું કોઈપણ પ્રકારનું કર્મ જીવના મૂળભૂત સ્વરૂપમાં કોઈપણ પ્રકારની વિકૃતિ ઉત્પન્ન કરી શકે તેમનથી. આ રીતે જીવાત્મા એના મૂળ સ્વરૂપમાં સદૈવ, સર્વત્ર અને સર્વથા અવિકારી, અસંગી, શુદ્ધ અને સચ્ચિદાનંદરૂપ જ છે.

જીવનું વિભિન્નપણું તથા તેના ભેદ :

વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતની એ માન્યતા છે કે 'સ્વાભાવિક અને વાસ્તવિક દૃષ્ટિએ જોતા જીવો સ્વરૂપતઃ અનેક છે. પ્રત્યેક શરીરમાં રહેનાર જીવ ભિન્ન ભિન્ન છે. કારણ કે, પ્રત્યેક શરીરમાં સુખ-દુઃખ, જ્ઞાન, અનુભવ, સ્મૃતિ ભિન્ન ભિન્ન હોવાથી તેના અધિષ્ઠાતારૂપ પ્રત્યેક જીવ અલગ છે તેમ સ્વીકાર્યા વગર છૂટકો જ નથી.'

તદુપરાંત વિશ્વની ચેતન સૃષ્ટિમાં પ્રવર્તતી અનેક પ્રકારની વિવિધતા પણ જીવોના અનેકત્વનો સ્વીકાર કરાવે છે.

દરેક જીવ બદ્ધાવસ્થા કે મુક્તાવસ્થામાં પોતાનું એકબીજાથી પૃથક્ વ્યક્તિત્વ અને અસ્તિત્વ જાળવી રાખે છે અને પરિણામે કોઈપણ સ્થિતિમાં જીવોનું અનેકત્વ જળવાઈ રહે છે.

બધાજ જીવો સ્વરૂપસ્વભાવે કરીને સચ્ચિદાનંદરૂપ કે **જ્ઞાનાનંદ સ્વરૂપ** હોવાથી સમાન છે અર્થાત્ એકજ પ્રકારના છે. જીવોમાં સ્વરૂપતઃ સામ્ય અને પ્રકારતઃ ઐક્ય છે, પરંતુ સ્વરૂપથી ઐક્ય નથી. દેવ, મનુષ્ય, પશુ, પક્ષી અને અન્ય સ્થાવર-જંગમ ચેતન સૃષ્ટિમાં વિભિન્ન પ્રકારના દેહોમાં સમાન યા એકજ પ્રકારના જીવો છે. પરંતુ બધાજ દેહોમાં એકજ જીવ નથી.

સર્વે જીવો સ્વરૂપ સ્વભાવે કરીને સમાન હોવા છતાં દેવ, મનુષ્ય, પશુ, પક્ષી આદિક અને તેમાં પણ સ્ત્રી-પુરુષ વગેરે **બાહ્ય ભેદો** તથા સજ્જન-દુર્જન, સુખી-દુઃખી આદિક **આંતરિક ભેદો** જણાય છે, તે **ઔપાધિક** ભેદો છે. આ બંને પ્રકારના ભેદ દેહ-ઈન્દ્રિયો-અંતઃકરણ તથા અજ્ઞાન-અવિદ્યા-માયા અને કર્માદિક ઉપાધિને લીધે જણાય છે. આ ઉપાધિ ટળી જતા એ ભેદ આત્મામાં જણાતા નથી. આમ, બધાજ જીવો જ્ઞાનાનંદ સ્વરૂપ જ હોવાથી એકજ પ્રકારના છે, છતાં સંખ્યાતઃ અનંત છે. જીવોની ગણતરી કરી શકાય તેમ નથી. કારણ કે બધા જીવો અસંખ્ય છે અને મુક્તો પણ અનંત છે. અનાદિકાળથી ચાલતા આ સૃષ્ટિપ્રવાહમાં દરરોજ હજારો-લાખો જીવોનો મોક્ષ થવા છતાં જીવો તો **અનંત** છે.

જ્ઞાનાનંદ સ્વરૂપથી બધા જ જીવો સમાન હોવા છતાં તેના મુખ્યત્વે **ત્રણ ભેદ** પડે છે.

૧) નિત્યમુક્ત :- 'प्रकृतिसंसर्गात्यन्ताभाववान्' - જેને પ્રકૃતિ (માયા)નો યોગ (સંસર્ગ) ઈશ્વરની જેમજ ત્રિકાળમાંય થયો જ નથી તેવા શેષ, વિશ્વક્સેન, ગરુડ વગેરે મુક્તો.

૨) મુક્તો :- 'प्रकृतिसंसर्गप्रध्वंसाभाववान्' - અર્થાત્ જેણે પ્રકૃતિ (માયા)ના સંસર્ગનો નાશ કર્યો છે તે, એટલે કે માયાનો જેણે ત્યાગ કર્યો છે તે.

૩) બદ્ધ :- 'प्रकृतिसंसर्गवान्' - જે પ્રકૃતિના સંસર્ગથી બંધાયેલા છે તે, જે પ્રકૃતિસંસર્ગજન્ય સંસાર-સંસારજન્ય કર્મોથી લખચોરાશીમાં ભટકે છે તે. તે જે જે શરીર પ્રાપ્ત કરે છે તદનુસાર તેના **સામાન્યપણે** દેવ, મનુષ્ય, પશુ, પક્ષી આદિક જંગમ અને સ્થાવર (વૃક્ષ, લતા, છોડ વગેરે) એમ ચાર પ્રકાર છે. આમ, જુદા જુદા દેહાનુસાર બદ્ધ જીવોના જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ એમ **ચાર પ્રકાર** પડે છે.

જીવ અને ઈશ્વર વચ્ચેનો ભેદ :

શંકરાચાર્યજીના **અદ્વૈત** મતે 'जीवो ब्रह्मैव नापरः' - અર્થાત્ જીવ બ્રહ્મ જ છે, પણ બ્રહ્મથી ભિન્ન તત્ત્વ નથી. નિર્ગુણ બ્રહ્મ જ અજ્ઞાનવશ જીવરૂપે ભાસે છે, તેથી જીવ અને બ્રહ્મ વચ્ચેનું ઐક્ય સિદ્ધ થાય છે. જીવ અને બ્રહ્મ બંનેની અલગ, ભિન્ન યા પૃથક્ હસ્તી નથી, બંને એકજ તત્ત્વ છે એમ માને છે.

અદ્વૈતવાદના આ મતનું ખંડન કરીને **શ્રી રામાનુજાચાર્યજી** અદ્વૈત શ્રુતિઓની સાથે સાથે દ્વૈત અને ઘટક શ્રુતિઓને સહારે જીવ અને બ્રહ્મ-ઈશ્વર વગેરે શરીર-શરીરી, નિયામ્ય-નિયંતા, શાસ્ય-શાસ્તા, શેષ-શેષી, સેવક-સ્વામી, પ્રકાર-પ્રકારી, વિશેષણ-વિશેષ્ય, ગુણ-ગુણી, રક્ષ્ય-રક્ષક, ભક્ત-ભગવાન, ઉપાસક-ઉપાસ્ય વગેરેનો **'અપૃથક્ સિદ્ધ' સંબંધ** સ્થાપિત કરે છે.

જીવ અને બ્રહ્મના સ્વરૂપ અને ગુણોમાં કેટલુંક સામ્ય હોવા છતાં અનેક પ્રકારનું **વૈષમ્ય** નિરૂપાયેલું છે.

જીવ **અજ્ઞાની** છે; જ્યારે ઈશ્વર **જ્ઞાની** છે...,

જીવ **પરતંત્ર** છે; જ્યારે ઈશ્વર **સ્વતંત્ર** છે...,

જીવ **શેષ** છે; જ્યારે ઈશ્વર **શેષી** છે...,

જીવ **આધેય** છે; જ્યારે ઈશ્વર **આધાર** છે...,

પ.પૂ. ધ. ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી **'શ્રીહરિલીલામૃત ગ્રંથ'**માં કહે છે :-

'સ્વતંત્ર છે ઈશ્વર એક સ્વામી, જીવો બિચારા પરતંત્ર ગામી.'

જીવ **કર્મફળનો ભોક્તા** છે જ્યારે પરમાત્મા **કર્મફળ પ્રદાતા** છે.

જીવ અનાદિકાળથી માયાથી બંધાયેલા છે જ્યારે પરમાત્મા પરબ્રહ્મ માયાથી પર છે. અનાદિકાળથી

જીવમાં અનેક દોષો, સ્વભાવ, વાસનાઓ છે જ્યારે પરબ્રહ્મ માયાથી પર સદાય નિર્દોષ અને અનંત કલ્યાણકારી ગુણોના નિધિ છે.

જીવ **અસમર્થ** છે જ્યારે ઈશ્વર **અતિ સમર્થ** છે.

જીવો **અનેક** છે જ્યારે પરબ્રહ્મ પરમાત્મા **એક** જ છે.

આમ, જીવ અને બ્રહ્મના ગુણોમાં અનેક પ્રકારની વિષમતા હોવાથી જીવ અને બ્રહ્મનું સ્વરૂપતઃ **તાત્ત્વિક ઐક્ય** કોઈપણ પરિસ્થિતિમાં કોઈપણ અવસ્થા (બદ્ધ કે મુક્ત)માં શક્ય નથી.

૨. અચિત્ તત્ત્વ (માયા - પ્રકૃતિ)

વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં સ્વીકારાયેલાં ત્રણ તત્ત્વોમાંનું ત્રીજું **અચિત્** તત્ત્વ કહેવામાં આવે છે.

અચિત્ તત્ત્વ અંતર્ગત (૧) શુદ્ધ સત્ત્વ (૨) મિશ્ર સત્ત્વ (પ્રકૃતિ) અને (૩) કાળને ગણવામાં આવે છે.

શુદ્ધ સત્ત્વ અજડ (સ્વયંપ્રકાશ) દ્રવ્ય છે, જ્યારે પ્રકૃતિ એટલે કે મિશ્ર સત્ત્વ અને કાળ બંને જડ (પરપ્રકાશ) દ્રવ્યો છે.

અચિત્ તત્ત્વમાં વિકાર યા પરિણામ ઈશ્વરના સંકલ્પે થાય છે. વિકાર યા પરિણામ અચિત્ તત્ત્વનો **સ્વભાવ** હોવાથી તેમાં વિકાર થયા કરે છે, છતાં તે મિથ્યા તત્ત્વ નથી; પરંતુ ચિત્ (જીવ) અને ઈશ્વરની જેમજ તેનું **વાસ્તવિક અસ્તિત્વ** છે. તે અનાદિ અને અનંત છે. અહિં અનાદિનો અર્થ એવો નથી કે જીવ-ઈશ્વરની જેમતેના સ્વરૂપમાં કોઈ વિકાર જ થતાં નથી. પરંતુ અહીં એનું તાત્પર્ય એટલું જ છે કે તેનું કાયમી અસ્તિત્વ રહે જ છે એટલે કે તેનો કાયમી તદ્દન ઉચ્છેદ થતો જ નથી. તે સૂક્ષ્મયા સ્થૂળ સ્વરૂપમાં અપૃથક્પણે ઈશ્વરના શરીરરૂપે રહે જ છે.

વિશિષ્ટાદ્વૈત મતમાં સૃષ્ટિક્રમ :

પરબ્રહ્મના સૃષ્ટિસર્જનના સંકલ્પથી સામ્યાવસ્થામાં રહેલી પ્રકૃતિમાં ક્ષોભ થતાં જ તે **કાર્યોન્મુખ** બને છે અને તેમાંથી પછી ક્રમાનુસાર મહત્તત્ત્વાદિક તત્ત્વોની ઉત્પત્તિ થાય છે. અર્થાત્ અવ્યક્ત પ્રકૃતિ ૨૪ તત્ત્વોરૂપે થાય છે. અને આ ૨૪ તત્ત્વોમાંથી જીવ માટે ભોગ્ય વસ્તુઓ, ભોગના ઉપકરણો અને ભોગના સ્થાનોનું નિર્માણ થાય છે. આ નિર્માણનું કાર્ય **બ્રહ્મા દ્વારા** થાય છે.

ભગવાન નારાયણના નાભિકમળમાંથી સર્વપ્રથમ બ્રહ્માની ઉત્પત્તિ થાય છે. બ્રહ્મા થકી સનકાદિક ચાર યોગીઓ, નારદાદિ દેવર્ષિઓ, ભૃગુ વગેરે નવ **પ્રજાપતિઓ** ઉત્પન્ન થાય છે. પ્રજાપતિઓમાંથી દિગ્પાળો, મનુઓ ઉત્પન્ન થાય છે.

અસુર, પિતૃગણ, સિદ્ધ, ગંધર્વ, કિન્નર, કિમ્પુરુષ, વિદ્યાધર વગેરે **દેવયોનિઓ** બ્રહ્માના માનસપુત્રોથી ઉત્પન્ન થાય છે. તેમનાથી જ વસુગણ ઉત્પન્ન થાય છે. **એકાદશ રુદ્રો**ની ઉત્પત્તિ પણ બ્રહ્માના માનસપુત્રોથી જ થાય છે તથા તેમનાથી જ દાનવ, યક્ષ, રાક્ષસ અને પિશાચની ઉત્પત્તિ થાય છે.

આ પ્રકારે અનેક પ્રકારની દેવયોનિ, મનુષ્યયોનિ, તિર્યગ્યોનિ અને સ્થાવર યોનિના જીવોના દેહોની સૃષ્ટિ થાય છે.

વિશિષ્ટાદ્વૈત મતમાં મુક્તિના ઉપાયો :

શ્રીમદ્ રામાનુજાચાર્યજીના

મતે મુક્તિના સાક્ષાત્ ઉપાયરૂપે તો ભગવાન જ છે. એ જ ઉપેય છે અને એ જ ઉપાય છે. મોક્ષમાં અવરોધ કરનાર અવિદ્યા જ છે એટલે કે માયા જ છે. અને પરબ્રહ્મની કૃપા અને પ્રસન્નતા વગર અવિદ્યાની નિવૃત્તિ અને મુક્તિ શક્ય જ નથી. ભગવાન જ કરુણાવશ થઈને ભક્તની ભક્તિથી પ્રસન્ન થઈને મોક્ષ પ્રદાન કરે છે. તેથી ભગવાનની કૃપા-પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે **ભક્તિ** મુખ્ય સાધન છે.

તે ઉપરાંત બીજું એક મુક્તિનું સાધન શરણાગતિ બતાવી છે. ભક્તિ અને **શરણાગતિ** આ બે સાધન વિના જીવાત્માની મુક્તિ શક્ય જ નથી એવી વિશિષ્ટાદ્વૈત મતની **માન્યતા** છે.

૧. ભક્તિ :

શ્રી રામાનુજ દર્શન એમમાને છે કે પરમતત્ત્વ પ્રત્યેના અત્યંત પ્રેમ વગરનું તત્ત્વજ્ઞાન વાંઝિયું છે, નિરર્થક છે. તેના વગર જીવાત્મા પ્રભુનો કૃપાપાત્ર કે વરણીય બની શકતો નથી. અને એમની કૃપા વગર અન્ય કોઈપણ સાધનોથી જીવનો મોક્ષ થઈ શકે તેમજ નથી. પ્રભુકૃપાની પ્રાપ્તિ માટે સાક્ષાત્ કારણરૂપ ભક્તિના **બે પ્રકાર** છે :

૧. **સાધનભક્તિ** અને ૨. **સાધ્યભક્તિ.**

૧. સાધનભક્તિ :- યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ આ **અષ્ટાંગયોગ**ના આઠ સાધનો તથા વિવેક, વિમોક, અભ્યાસ, ક્રિયા, કલ્યાણ, અનવસાદ અને અનુદ્ધર્ષ આ **સાધન સપ્તક**ની સાધના દ્વારા જે ભક્તિ ઉત્પન્ન થાય, તેને **સાધન ભક્તિ** કહેવામાં આવે છે.

૨. સાધ્યભક્તિ :- કોઈપણ પ્રકારના સાધનો કર્યા વગર ભગવાનની કૃપાથી જે ભક્તિ સિદ્ધ થાય છે, તે **સાધ્યભક્તિ** છે. સાધન ભક્તિ ભગવાનની પ્રસન્નતા-કૃપાનું **સાધન** છે, જ્યારે આ **સાધ્યભક્તિ** એમની પ્રસન્નતા-કૃપાનું **ફળ** છે.

૨. શરણાગતિ (પ્રપત્તિ) :

વિશિષ્ટાદ્વૈત મતમાં શરણાગતિના **છ પ્રકાર** માનવામાં આવ્યા છે.

'आनुकूल्यस्य सङ्कल्पः प्रातिकूल्यस्य वर्जनम् ।
रक्षिष्यतीति विश्वासो गोपतृत्ववरणं तथा ।
आत्मनिक्षेपकार्पण्ये षड्विधा शरणागतिः ।।'

૧) 'आनुकूल्यस्य संङ्कल्पः' - ભગવાનની મરજી પ્રમાણે જ વર્તવાનો દૃઢ નિરધાર-નિશ્ચય, ભગવાનને જેમ ગમે તેમજ વર્તવાનો **સંકલ્પ** તે.

૨) 'प्रातिकूल्यस्य वर्जनम्' - ભગવાનને જે ન ગમે તે ન કરવું અર્થાત્ તેનો **ત્યાગ** કરવો તે.

૩) 'रक्षिष्यतीति विश्वासः' - ભગવાન મારી રક્ષા કરશે, મારો ઉદ્ધાર કરશે, મારા અનંત પાપ અને બંધનમાંથી મને છોડાવશે એવો દૃઢ **અવિચળ વિશ્વાસ,** ભગવાન રક્ષા કરશે કે નહિ કરે એવો લેશમાત્ર સંશય કે તર્ક નહિ તે.

૪) 'गोप्तृत्ववरणम्' - પોતાના રક્ષક, ઉદ્ધારક કે **મોક્ષપ્રદાતા** તરીકે એકમાત્ર પરમેશ્વરની જ અનન્યગતિ પૂર્વકની **પસંદગી** તે.

૫) 'कार्पण्यम्' - ભગવાનની આગળ અતિશય દીનતા, અસમર્થતા, લાચારપણાની કબૂલાત, 'અહંકારનો ત્યાગ' હું કંઈજ નથી, કંઈ પણ સમજતો નથી, હું કંઈ કરવા સમર્થ નથી, મારી પાસે કંઈ પણ કરવાની શક્તિ કે પાત્રતા નથી એવો **અહેસાસ** તે.

૬) 'आत्मनिक्षेप' - સંપૂર્ણપણે પોતાની જાતને ભગવાનના શ્રીચરણોમાં સોંપી દેવી, ભગવાનના ગુલામ થવું, સર્વસ્વના સમર્પણમાં મુખ્યત્વે **ત્રણ પ્રકારના સમર્પણ** હોય છે.

૧. સ્વરૂપ સમર્પણ ૨. ભાર સમર્પણ ૩. ફળ સમર્પણ.

૧) <u>સ્વરૂપ સમર્પણ</u> :- પોતે સંપૂર્ણપણે પરતંત્ર અને પરાધીન છે. ભગવાન જ **શેષી** (માલિક) છે, પોતે **શેષ** (દાસ) છે એમ માનીને સર્વ પ્રકારની અહંતા અને મમતાનો ત્યાગ કરવો. સંપૂર્ણપણે પોતાની જાતનું સમર્પણ કરવું.

૨) <u>ભાર સમર્પણ</u> :- પોતાના રક્ષણ-પોષણનો સંપૂર્ણ ભાર-જવાબદારી ભગવાનને સોંપીને પોતે **નચિંત** બની જવું.

૩) <u>ફળ સમર્પણ</u> :- કોઈપણ પ્રકારની કામના નહિ, ફળની અપેક્ષા નહિ. ફક્ત ભગવાન માટે જ જીવે છે અને એના માટે જ સેવા કરે છે. સેવા-ભક્તિમાં તેને **ભગવત્પ્રસન્નતા** સિવાય કોઈ **ફળની ઈચ્છા** ન હોય.

ઉપરોક્ત છ પ્રકારની શરણાગતિમાં 'આત્મનિક્ષેપ' મુખ્ય છે. તે **અંગી** છે, જ્યારે અન્ય પાંચ પ્રકારો અંગીભૂત 'આત્મનિક્ષેપ'ના **અંગો** છે.

૩. ઈશ્વર

વિશિષ્ટાદ્વૈત મતમાં સ્વીકારેલા ત્રણ તત્ત્વોમાંનું અંતિમ અને મુખ્ય તત્ત્વ **'ઈશ્વર'** તત્ત્વ છે. શ્રી રામાનુજાચાર્યજી પ્રતિપાદિત વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત **ઈશ્વરવાદી સિદ્ધાંત** છે. ચાર્વાક, જૈન, બૌદ્ધ, સાંખ્ય અને પૂર્વમીમાંસા વગેરે દર્શનો ઈશ્વરના અસ્તિત્વને સ્વીકારતા નથી. તેઓને પોતપોતાના દર્શનોની માન્યતા અનુસાર ઈશ્વરની આવશ્યકતા જણાતી નથી અને એ માટે તેઓ યુક્તિઓ લાવીને ઈશ્વરનું અસ્તિત્વ નકારે છે. **શ્રી રામાનુજાચાર્યજી** કહે છે કે, "ઈશ્વર ઈન્દ્રિયાતીત હોવાથી પ્રત્યક્ષ પ્રમાણનો વિષય જ નથી. તેથી પ્રત્યક્ષ પ્રમાણ કે અનુપલબ્ધિ પ્રમાણના આધારે ઈશ્વરનું અસ્તિત્વ નકારી શકાય નહિ."

જો કે **નૈયાયિકો** અનુમાન પ્રમાણથી જ **ઈશ્વરનું અસ્તિત્વ** સિદ્ધ કરે છે. પરંતુ શ્રી રામાનુજાચાર્યના મતે ઈશ્વરના અસ્તિત્વની સિદ્ધિ પ્રત્યક્ષ પ્રમાણની જેમ તર્ક યા અનુમાન પ્રમાણથી પણ થઈ શકતી

નથી, કારણ કે તેમાં અનેક દોષો રહ્યા છે. વળી, ઈશ્વર ઈન્દ્રિયને પ્રત્યક્ષ ન હોવાથી વ્યાપ્તિ પણ શક્ય નથી. તેથી વ્યાપ્તિ વગર અનુમાન જ થઈ શકતું નથી. તેમ છતાં કોઈપણ રીતે અનુમાન દ્વારા ઈશ્વરના અસ્તિત્વને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવામાં આવે તોપણ તેમાં અનેક પ્રકારના **હેત્વાભાસ** ઉપસ્થિત કરીને અનુમાનોને ખોટા કરાવી શકાય છે. તેથી કારણ મૂલક યુક્તિ કે પ્રયોજનમૂલક યુક્તિ કે જે ઈશ્વરના અસ્તિત્વને પ્રમાણિત કરવાનો દાવો કરે છે તેને **રામાનુજાચાર્ય** સ્વીકારતા નથી. તેઓ બ્રહ્મસૂત્રના 'शास्त्रयोनित्वात्' (૧/૧/૩) - સૂત્રમાં વિસ્તૃતપણે ઈશ્વરની સિદ્ધિ માટે પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણ ને અયોગ્ય ઠરાવીને **એકમાત્ર શાસ્ત્ર પ્રમાણથી** જ ઈશ્વરના અસ્તિત્વને **સિદ્ધ** કરે છે.

ઈશ્વરનું સ્વરૂપ :

ઈશ્વર પરમસત્, પરમતત્ત્વ છે કે જે ચિત્ (જીવ) અને અત્ત્ (પ્રકૃતિ) તત્ત્વોથી વિશિષ્ટ છે તથા અનાદિ અનંત છે. અનેકવિધ શ્રુતિઓ, સ્મૃતિઓ અને સૂત્રો વિશ્વના કર્તા-હર્તા-ભર્તા-ધર્તા-નિયંતા તરીકે જે સત્-બ્રહ્મ-આત્મા કે **નારાયણ**નો નિર્દેશ કરે છે તે જ આ **ઈશ્વર** છે. ઈશ્વર એટલે ભગવાન વિષ્ણુ અર્થાત્ **શ્રીમન્નારાયણ** જ છે, કે જે લક્ષ્મીના પતિ છે, વૈકુંઠધામનિવાસી છે અને એ જ પરમતત્ત્વ છે. એમ **શ્રી રામાનુજાચાર્યજી** પ્રતિપાદન કરે છે.

શંકરાચાર્યે **પરબ્રહ્મ** અને **અપરબ્રહ્મ** એમ ભિન્ન ભિન્ન બે બ્રહ્મની કલ્પના કરીને પર એટલે કે **નિર્ગુણ** બ્રહ્મને જ **પારમાર્થિક સત્તત્ત્વ** કહ્યું છે અને **અપર** એટલે કે **સગુણ** બ્રહ્મ, કે જેને ઈશ્વર તરીકેની જવાબદારી સોંપી છે, તે તો માયાને લીધે જણાતું વ્યવહારિક સત્તત્વ છે. આમ, શંકરાચાર્ય નિર્ગુણ બ્રહ્મ અને ઈશ્વર વચ્ચેનો ભેદ સ્વીકારીને કહે છે કે નિર્ગુણ બ્રહ્મ જ **સત્ય** છે, જ્યારે ઈશ્વર એટલે સગુણ બ્રહ્મ તો **મિથ્યા** છે, વ્યવહારિક સત્ય છે. શ્રી રામાનુજાચાર્ય બ્રહ્મ અને ઈશ્વર વચ્ચે એવો કોઈ ભેદ નથી માનતા. તેથી તેઓ શંકરાચાર્યના ઉપરોક્ત મતનું **ખંડન** કરીને કહે છે કે, પરમસત્તત્ત્વરૂપ જે બ્રહ્મ છે તે જ ઈશ્વર છે, પરમેશ્વર છે, પરબ્રહ્મ છે, પુરુષોત્તમ છે અને ભગવાન છે. તેમના મતે બ્રહ્મના પર-અપર એટલે કે **સગુણ-નિર્ગુણ** એવા કોઈ ભેદ નથી. **બ્રહ્મ એક જ છે** અને તે જ સગુણ છે, તે જ નિર્ગુણ છે.

શ્રી રામાનુજાચાર્યજી સગુણ અને નિર્ગુણ શબ્દનું અર્થઘટન શંકરાચાર્ય કરતા કંઈક જુદા પ્રકારે કરે છે. શંકરાચાર્યના મતે **સગુણ** એટલે માયાના સંબંધવાળું અને **નિર્ગુણ** એટલે કોઈપણ પ્રકારના ગુણરહિત. શ્રી રામાનુજાચાર્યજીના મતે આ શબ્દો જ્યારે પરબ્રહ્મ માટે પ્રયોજાય છે ત્યારે સગુણ એટલે દિવ્યગુણોથી યુક્ત અને નિર્ગુણ એટલે માયિક ગુણોથી રહિત એવો **વિશિષ્ટ અર્થ** થાય છે. શંકરાચાર્યે બ્રહ્મના ઉપાધિભેદે સગુણ-નિર્ગુણ એમ બે ભેદો પાડ્યા છે. શ્રી રામાનુજાચાર્યજી તેનું ખંડન કરતાં કહે છે કે બ્રહ્મ એક જ છે. તેમાં સગુણ-નિર્ગુણ એવા ભેદ જ નથી. બ્રહ્મમાં પ્રાકૃત ગુણોનો નિષેધ કરવા માટે શ્રુતિઓમાં તેને **નિર્ગુણ** કહ્યું છે. અને દિવ્ય ગુણોનો બોધ કરાવવા માટે **સગુણ** કહ્યું છે. માટે સગુણ કે નિર્ગુણ શબ્દથી એક જ બ્રહ્મનો નિર્દેશ કરવામાં આવે છે.

શ્રી રામાનુજાચાર્ય સ્પષ્ટપણે પ્રતિપાદન કરે છે કે સગુણ અને નિર્ગુણ શ્રુતિઓ વચ્ચે કોઈપણ પ્રકારનો વિરોધ જ નથી. બંને પ્રકારની શ્રુતિઓને એક જ બ્રહ્મ કે ઈશ્વરમાં ઘટાવી શકાય છે. બંને પ્રકારની શ્રુતિઓના વિષયો જ જુદા છે. સગુણ શ્રુતિઓ બ્રહ્મના કલ્યાણકારી સ્વાભાવિક ગુણોનો **નિર્દેશ** કરે છે, જ્યારે નિર્ગુણ શ્રુતિઓ માયિક એવા ગુણોનો **નિષેધ** કરે છે. તેથી નિર્ગુણ શ્રુતિઓ દ્વારા સગુણ શ્રુતિઓનો નિષેધ કરવો યોગ્ય નથી.

નિર્ગુણ શ્રુતિઓ બ્રહ્મના ગુણમાત્રનો નિષેધ નથી કરતી, (કારણ કે અન્ય સગુણ શ્રુતિઓ બ્રહ્મના અનંત **કલ્યાણકારી ગુણો**નું પ્રતિપાદન કરે છે;) પરંતુ ફક્ત માયિક અને દોષરૂપ ગુણોનો નિષેધ કરે છે. બ્રહ્મ સત્ત્વ, રજ, તમ, જન્મ-મરણ, જરા, ભૂખ-તરસ તથા કામાદિક દોષો વગેરે મિથ્યા ગુણોથી રહિત છે. અને જ્ઞાન, આનંદ, ઐશ્વર્ય, સામર્થ્ય, વાત્સલ્યાદિક અનંત કલ્યાણકારી ગુણોથી યુક્ત છે.

આમ, શ્રી રામાનુજાચાર્યના મતે એક જ પરમસત્તા પર એકજ બ્રહ્મ કે ઈશ્વરમાં સગુણપણું અને નિર્ગુણપણું બંને સમાનપણે રહે છે. બંને વચ્ચે કોઈપણ પ્રકારનો વિરોધ નથી. બ્રહ્મમાં જે અનંત મંગળકારી ગુણો રહ્યા છે તે ઔપાધિક કે વ્યવહારિક સત્ રૂપે નથી પણ **પારમાર્થિક** અને **સ્વાભાવિક** છે.

પરમતત્ત્વ ઈશ્વર એટલે કે બ્રહ્મ અનંત કલ્યાણકારી ગુણોથી યુક્ત છે. સત્યમ્, જ્ઞાનમ્, અનંતમ્, સત્, ચિત્, આનંદમ્ વગેરે એમના સ્વરૂપ નિરૂપક ધર્મો છે. તદુપરાંત વિષ્ણુપુરાણમાં નીચે પ્રમાણેના **ષડ્ગુણો** પણ તેમાં જણાવેલા છે.

'ज्ञानशक्तिबलैश्वर्य वीर्यतेजांस्यशेषतः ।
भगवच्छब्दवाच्यानि विना हेयैर्गुणादिभिः ।।'

(ઈવષ્ણુપુરાણ : ૬/૫/૭૯)

જ્ઞાન-શક્તિ, બળ-ઐશ્વર્ય, વીર્ય-તેજ, આ છ પ્રકારના 'ભગ' (ઐશ્વર્યો)ને લીધે જ ઈશ્વરને **ભગવાન** કહેવામાં આવે છે.

તે ઉપરાંત - સૌશીલ્ય, સૌલભ્ય, વાત્સલ્ય, કારુણ્ય, માધુર્ય, માર્દવ, આર્જવ, સૌહાર્દ જેવા અનંત **કલ્યાણકારી ગુણો** ઈશ્વરમાં રહેલા છે. વળી ભગવાનના દિવ્ય વિગ્રહમાં ઔજ્જવલ્ય, સૌગન્ધ્ય, સૌંદર્ય, સૌકુમાર્ય, લાવણ્ય, યૌવન, માર્દવ, આર્જવ વગેરે અનંત ગુણો દિવ્યતા સહિત પૂર્ણપણે રહેલા છે.

ભગવાનના ઉપરોક્ત બધા જ ગુણો ઔપાધિક નથી, પરંતુ **સ્વાભાવિક**-વાસ્તવિક-દિવ્ય-અનવધિકાતિશય અને **પરિપૂર્ણ** છે. ભગવાન પોતાની સ્વતંત્ર ઈચ્છાથી જ તેમાંથી કેટલાક ગુણોને પ્રસંગોપાત **તિરોહિત** પણ કરે છે.

અદ્વૈતદર્શન બ્રહ્મના સ્વરૂપમાં સજાતીય, વિજાતીય કે સ્વગતભેદ સ્વીકારતું નથી. કારણ કે તેમના મતે પારમાર્થિક સદ્રૂપે એક જ નિર્ગુણ બ્રહ્મ તત્ત્વ છે. **શ્રી રામાનુજાચાર્ય** ચિત્, અચિત્ અને ઈશ્વર - આ ત્રણ તત્ત્વોમાં માને છે. ચૈતન્યપણાથી ચિત્તત્ત્વ (જીવો) ઈશ્વરને સજાતીય છે, જ્યારે અચિત્તત્ત્વ ઈશ્વરથી વિજાતીય છે. એ દૃષ્ટિએ ઈશ્વરમાં **સજાતીય** અને **વિજાતીયભેદ** કહી શકાય, પરંતુ શ્રી રામાનુજાચાર્યના મતે ચિત્-અચિત્ ઈશ્વરના સદૈવ શરીરભૂત હોવાથી તેની ઈશ્વરથી પૃથક્ સત્તા ક્યારેય નથી. તેથી તેનો સજાતીય કે વિજાતીય ભેદ સ્વીકારવામાં આવતો નથી. પરંતુ ચિત્-અચિત્ બંને ઈશ્વરના શરીરભૂત વિશેષણરૂપે હોવાથી તથા તેમાં અનંત કલ્યાણકારી ગુણો હોવાથી ઈશ્વરમાં **સ્વગત ભેદ** સ્વીકારેલો છે.

ઈશ્વર અન્વયસ્વરૂપે સર્વત્ર અને સર્વદા વિભુ-વ્યાપક છે, જ્યારે મૂર્તિમાન સાકારરૂપે સ્વયં દિવ્યવિગ્રહયુક્ત પોતાના દિવ્યધામ**વૈકુંઠલોક**માં સદા વિરાજમાન છે.

ઈશ્વર એક અને અદ્વિતીય :

શ્રી રામાનુજાચાર્યના મતે ઈશ્વર એક અને અદ્વિતીય છે. 'एकमेवाद्वितीयम्'નો અર્થ **શંકરાચાર્ય** એવો કરે છે કે પારમાર્થિક દૃષ્ટિએ નિર્ગુણ બ્રહ્મ જ એકમાત્ર પરમસત્ તત્ત્વ છે, એ સિવાય બીજું જે કાંઈ છે તે બધું જ મિથ્યા છે. એટલે કે સગુણ બ્રહ્મ કહેતા ઈશ્વર, જીવ અને જગત મિથ્યા છે. પરંતુ **શ્રી રામાનુજાચાર્ય** આ બાબતમાં કહે છે કે જીવ, જગત અને ઈશ્વર એ ત્રણેય તત્ત્વોને પારમાર્થિક સત્ય માનવા છતાં ઈશ્વર માટે **દ્વૈતાપત્તિ** આવતી નથી. કારણ કે જીવ અને જગતથી ઈશ્વર તત્ત્વ **શ્રેષ્ઠ, સર્વોપરી** અને **સ્વતંત્ર** તત્ત્વ છે.

'અદ્વિતીય' એટલે બ્રહ્મ સિવાય બીજું કોઈ તત્ત્વ જ નથી એમ માનવું બહુ ભૂલ ભરેલું છે, પરંતુ બ્રહ્મની સમાન કે તેનાથી ચડિયાતું એવું બીજું કોઈ તત્ત્વ નથી. માટે બ્રહ્મ એટલે કે ઈશ્વરને એક અને અદ્વિતીય કહેવામાં આવે છે એમ **શ્રી રામાનુજાચાર્યનો મત** છે.

ઈશ્વરના પાંચ સ્વરૂપો :

શ્રી રામાનુજાચાર્યના મતે ઈશ્વરને કોઈ પ્રકારનું કર્મબંધન નથી, છતાં તે સ્વેચ્છાથી જ સ્વતંત્ર થકા સૃષ્ટિઆદિક કાર્ય અથવા કોઈક પ્રયોજનવશાત્ જીવોના કલ્યાણ માટે પર, વ્યૂહ, વિભવ, અંતર્યામી અને અર્ચાવતારરૂપ ધારણ કરે છે. તેની વિક્તિ જોઈએ :

૧) <u>પરરૂપ</u> :- ભગવાનનું પરરૂપ સદાય દિવ્ય વૈકુંઠધામમાં દિવ્ય સ્વરૂપે વિરાજમાન છે. તેમાં અપ્રતિહત જ્ઞાનશક્તિ, ઈચ્છાશક્તિ અને ક્રિયાશક્તિ રહેલી છે. તેમના સંકલ્પમાત્રથી અનંતકોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે. બ્રહ્મનું પરસ્વરૂપ પરમઉપાસ્ય અને પરમધ્યેય છે, તેનો આશ્રય કરવાથી આત્યંતિક મુક્તિ મળે છે.

૨) <u>વ્યૂહરૂપ</u> :- વ્યૂહ સ્વરૂપો ચાર છે. ૧. વાસુદેવ ૨. સંકર્ષણ ૩. પ્રદ્યુમ્ન અને ૪. અનિરુદ્ધ - આ ચતુર્વ્યૂહનો સ્વીકાર કરતા શ્રી રામાનુજાચાર્ય કહે છે કે, ચતુર્વ્યૂહ બ્રહ્મના કાર્યકારી સ્વરૂપો છે. કોઈક વિશિષ્ટ કાર્ય કરવા માટે બ્રહ્મ સ્વયં તે તે સ્વરૂપો ધારે છે. ચતુર્વ્યૂહ તત્ત્વતઃ બ્રહ્મથી ભિન્ન એવા ચાર સ્વરૂપો નથી, ચારેયમાં એકજ બ્રહ્મ અનુસ્યૂતપણે રહેલું છે. છતાં તે જ્યારે જ્યારે જે જે કામકરે ત્યારે તે અનુસાર તેનું તે તે નામાભિધાન કરવામાં આવે છે.

પર સ્વરૂપમાં **છ ભગ રૂપ ઐશ્વર્યો** સદૈવ રહે છે, પણ વ્યૂહસ્વરૂપમાં પ્રગટરૂપે ફક્ત **બબ્બે ગુણો** રહે છે. અને બાકીના ચાર ગુણો અભિભૂત રહે છે. આ પ્રત્યેક રૂપ પણ ચતુર્ભુજયુક્ત છે.

આ ચતુર્વ્યૂહના લક્ષણો નીચે મુજબ છે.

૧. **વાસુદેવ** :- આ 'પરમ' તત્ત્વનો જ એક વિશિષ્ટ ભેદ છે, તે છ ભગયુક્ત છે. તેનો અનુભવ ફક્ત નિત્યસૂરિઓ અને મુક્તો જ કરી શકે છે.

૨. **સંકર્ષણ** :- તે જ્ઞાન તથા બળ - આ બે ગુણોથી યુક્ત છે. ભગવાન આ રૂપ દ્વારા શાસ્ત્રપ્રવર્તન તથા જગતનો સંહાર કરે છે. તે જીવતત્ત્વ યા બુદ્ધિતત્ત્વના નિયંતા છે.

૩. **પ્રદ્યુમ્ન** :- તે ઐશ્વર્ય તથા વીર્ય - આ બે ગુણો યુક્ત હોય છે. ભગવાન આ રૂપે સમષ્ટિ (વૈરાજપુરુષપર્યંત)ની સૃષ્ટિ અને ધર્મોપદેશનું કાર્ય કરે છે. તે મનના નિયંતા છે.

૪. **અનિરુદ્ધ** :- તે શક્તિ તથા તેજ - આ બે ગુણો યુક્ત હોય છે. ભગવાન આ રૂપથી વિવિધ પ્રકારની સૃષ્ટિ (બ્રહ્માથી કીટ પર્યંત) કરે છે તથા જગતનું પાલન, પોષણ, ધારણ અને રક્ષણ કરે છે. તે અહંકારના નિયંતા છે.

ઉપરોક્ત ચાર વ્યૂહોમાંથી પ્રત્યેકમાંથી ત્રણ ત્રણ વ્યૂહાન્તરોનો આવિર્ભાવ થાય છે.

વાસુદેવ સ્વરૂપમાંથી : ૧. કેશવ ૨. નારાયણ ૩. માધવ.
સંકર્ષણ સ્વરૂપમાંથી : ૧. ગોવિંદ ૨. વિષ્ણુ ૩. મધુસૂદન.
પ્રદ્યુમ્ન સ્વરૂપમાંથી : ૧. ત્રિવિક્રમ ૨. વામન ૩. શ્રીધર.
અનિરુદ્ધ સ્વરૂપમાંથી : ૧. ઋષીકેશ ૨. પદ્મનાભ ૩. દામોદર.

આમ, એક એકમાંથી ત્રણ ત્રણ વ્યૂહાન્તર સ્વરૂપોનો આવિર્ભાવ થાય છે. આ ૧૨ વ્યૂહો અનુક્રમે માગશરાદિ ૧૨ માસની શુકલ પક્ષની એકાદશીઓના અધિષ્ઠાતા દેવો છે. એવી જ રીતે બીજા

પણ વદિ પક્ષની એકાદશીઓના અધિષ્ઠાતા ૧૨ સ્વરૂપો આ ચતુર્વ્યૂહમાંથી જ ઉત્પન્ન થાય છે.

વાસુદેવ સ્વરૂપમાંથી : ૧. વાસુદેવ ૨. પુરુષોત્તમ૩. જનાર્દન.

સંકર્ષણ સ્વરૂપમાંથી : ૧. સંકર્ષણ ૨. અધોક્ષજ ૩. ઉપેન્દ્ર.

પ્રદ્યુમ્ન સ્વરૂપમાંથી : ૧. પ્રદ્યુમ્ન ૨. નૃસિંહ ૩. હરિ.

અનિરુદ્ધ સ્વરૂપમાંથી : ૧. અનિરુદ્ધ ૨. અચ્યુત ૩. કૃષ્ણ

આમ, આ કેશવાદિક ૨૪ મૂર્તિઓનો અંતર્ભાવ આ ચતુર્વ્યૂહમાં થાય છે તે દરેકના રંગ તથા આયુધો જુદા જુદા પ્રકારના છે.

૩) <u>વિભવરૂપ</u> :- શ્રી રામાનુજાચાર્યના મત પ્રમાણે વિભવરૂપના **મુખ્ય** અને **ગૌણ** એમબે પ્રકાર છે.

૧. મુખ્ય વિભવરૂપો :-

રામકૃષ્ણાદિક અવતારો મુખ્ય વિભવ સ્વરૂપો છે. આ અવતારો કર્મવશ નથી, પરંતુ જીવો ઉપર અને ખાસ કરીને પોતાના ભક્તો ઉપર અત્યંત કરુણા અને વાત્સલ્યને લીધે પોતાની સ્વતંત્ર ઈચ્છાથી વિવિધ કાર્ય માટે ભગવાન પોતે જ પોતાના દિવ્યધામમાં રહ્યા થકા જ પોતાના અનંત ઐશ્વર્યયુક્ત મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ-કૃષ્ણાદિક રૂપે પ્રગટ થાય છે. તેઓમાં અપાર સામર્થ્ય હોવા છતાં બધું ઐશ્વર્ય તેઓ પ્રગટ કરતા નથી. જ્યાં જેટલું આવશ્યક જણાય તેટલું જ ઐશ્વર્ય પ્રગટ કરે છે. આ અવતાર સ્વરૂપો ભક્તિ અને ઉપાસના કરવા યોગ્ય છે. તેમની ભક્તિ અને ઉપાસનાથી જીવો સંસારના બંધનોથી મુક્ત થઈને પરમપદને પામે છે. દરેક વિભવ સ્વરૂપો એટલે કે અવતારો પોતાનું કાર્ય કરીને આ લોકમાંથી અંતર્ધાન થાય છે.

૨. ગૌણ વિભવરૂપો :-

વ્યાસ, વાલ્મીકિ વગેરે ગૌણ વિભવ સ્વરૂપો છે. તેઓને પરબ્રહ્મની દિવ્ય વિભૂતિઓ કહી શકાય. તેમાં પરબ્રહ્મનો આવિર્ભાવ પૂર્ણરૂપે થતો નથી, પરંતુ આંશિકરૂપે થાય છે. જીવ દ્વારા કોઈક વિશિષ્ટ કાર્યની સિદ્ધિ માટે પરમાત્મા તેમાં આંશિકરૂપે પ્રવેશ કરે છે. અને કાર્ય પૂર્ણ થતાં તેમાંથી અંતર્ધાન થઈ જાય છે. વિભૂતિઓમાં ઈશ્વરનો તારતમ્યપણે પ્રાદુર્ભાવ થાય છે. વિભૂતિરૂપે પરબ્રહ્મનો જીવમાં આવિર્ભાવ થતો હોવાથી, વિભૂતિ સ્વરૂપને અવતારસ્વરૂપ કરતા ઊતરતું ગણવામાં આવે છે. વિભૂતિઓ તો અનંત છે, તે મુમુક્ષુને ઉપાસના કરવા યોગ્ય નથી.

૪) <u>અંતર્યામી રૂપ</u> :- શ્રી રામાનુજાચાર્યજી એવું પ્રતિપાદન કરે છે કે, ઈશ્વર સર્વે ચિત્, અચિત્ તત્ત્વોથી ભિન્ન અને પર હોવા છતાં તે સર્વેમાં અંતર્યામીરૂપે રહીને સર્વેનું નિયમન કરે છે. સર્વેમાં વ્યાપીને રહેવા છતાં પણ કોઈના દોષો ઈશ્વરને લાગુ પડતાં નથી. જીવમાં રહેલા અંતર્યામી સ્વરૂપને **દૃષ્ટા** યા **સાક્ષી** કહેવામાં આવે છે. આ સ્વરૂપને જીવના પાપ-પુણ્ય, અજ્ઞાન વગેરે સ્પર્શતા જ નથી, પરંતુ સર્વથા સર્વદા નિર્લેપ રહે છે. છતાં પણ સાક્ષી બનીને જીવોના કર્મ અનુસાર કર્મફળ આપે છે તેથી તેઓ કર્મફળપ્રદાતા છે.

શ્રી રામાનુજાચાર્ય કહે છે કે, જેવી રીતે દરેક જીવ પોતાના શરીરનો નિયંતા છે, તેમ દરેક જીવના નિયંતા અંતર્યામી પરમાત્મા છે. તે જીવના આત્મા છે, જીવ તેનું શરીર છે, તે અંતર્યામીરૂપે જીવનું નિયમન કરે છે.

શ્રી રામાનુજાચાર્ય જીવનું કર્તૃત્વ પણ અંતર્યામીરૂપે પરબ્રહ્મનો પ્રવેશ થાય ત્યારે જ શક્ય માને છે. તેઓ કહે છે કે જીવમાં અંતર્યામીરૂપે પરબ્રહ્મનો પ્રવેશ થાય ત્યારે જ તે કાર્ય કરવા માટે સમર્થ થાય છે. જીવમાં અંતર્યામીનું કર્તૃત્વ સાક્ષાત્ નથી, પરંતુ પ્રેરકરૂપમાં છે. તેથી જડ-ચેતન સર્વમાં અંતર્યામીરૂપે રહેવા છતાં બ્રહ્મ માયિક ગુણોથી રહિત અને દિવ્યગુણોથી યુક્ત રહે છે.

૫) <u>અર્ચા રૂપ</u> :- કાષ્ટ, પાષાણ, ધાતુ યા કોઈપણ અભિમત દ્રવ્યમાંથી બનાવેલ સ્વરૂપની અંદર રહીને પોતાના આશ્રિત જીવોને પરાધીન થકા સ્નાન, ભોજન, આસન, શયન વગેરે કરનાર; બધુજ સહન કરવાના સ્વભાવવાળા, ઘર, ગામ, નગર તથા પર્વત વગેરે સ્થાનોમાં રહેલ ભગવાનના મૂર્તિ સ્વરૂપને **અર્ચાસ્વરૂપ** કહેવામાં આવે છે.

રામ-કૃષ્ણાદિક અવતારો જ્યારે ભગવાન ધારણ ત્યારે લૌકિક બધીજ મર્યાદાને અંગીકાર કરે છે. તેથી દરેક સ્થાનમાં રહેતી દરેક વ્યક્તિને ભગવાનનો સતત પ્રત્યક્ષપણે યોગ રહેવો મુશ્કેલ છે. તેથી ભગવાન આ અર્ચાવતાર રૂપે પ્રત્યેક ભક્તને સુલભ થાય છે. તે ભક્તને આધીન રહીને, ભક્તનો ભક્તિભાવ સ્વીકારીને તેને સંપૂર્ણ દિવ્ય સુખ આપે છે અને અંતે માયાના બંધનમાંથી છોડાવીને મોક્ષ આપે છે.

શ્રી રામાનુજાચાર્ય માને છે કે કાષ્ઠ, પાષાણ, ધાતુ આદિક દ્રવ્યોમાંથી બનાવેલ ભગવાનની મૂર્તિમાં પ્રાણ પ્રતિષ્ઠા અથવા આહ્વાન કરવાથી તેમાં ભગવાનનો આવિર્ભાવ થાય છે.

અર્ચા સ્વરૂપના **ચલ** અને **અચલ** એમબે પ્રકાર છે.

૧. **ચલસ્વરૂપ** :- આ મૂર્તિમાં ખાસ કરીને પૂજન-અર્ચન વખતે આવાહનમંત્રો દ્વારા આહ્વાન કરાય ત્યારે તેમાં ભગવાનનો આવિર્ભાવ થાય છે. અને વિસર્જન મંત્રો દ્વારા વિસર્જન કરવાથી ભગવાન અંતર્ધાન થઈ જાય છે.

ચલ મૂર્તિને એક સ્થાનથી બીજા સ્થાને ફેરવવામાં સુગમતા રહે છે. વળી, તેમાં ભક્ત જ્યારે ઈચ્છે ત્યારે ભગવાનનું આવાહન-વિસર્જન કરી શકે છે.

૨. **અચલસ્વરૂપ** :- આ મૂર્તિમાં પણ આવાહન મંત્રોથી

ભગવાનનું આહ્વાન કરવામાં આવે છે. પ્રાણ પ્રતિષ્ઠા કર્યા પછી તે મૂર્તિને એક સ્થાનથી બીજા સ્થાનમાં ખસેડી શકાતી નથી. જો ખસેડવી હોય તો વિસર્જન કરવું પડે છે અને પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા કરવી પડે છે.

આમ, આ પાંચેય સ્વરૂપોમાં કોઈપણ અધિક ન્યૂન નથી. અર્થાત્ તેમાં સ્વરૂપતઃ કોઈ પ્રકારનું તારતમ્ય નથી. ભગવાન પોતેજ જીવો પર અતિશય કરુણા કરીને, જીવોના કલ્યાણ અર્થે જ વિવિધ કાર્ય માટે વિવિધ સ્વરૂપો ધારણ કરે છે.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ કણાદ (વૈશેષિકદર્શનના પ્રણેતા), ગૌતમ(ન્યાયદર્શનના પ્રણેતા), કપિલ (સાંખ્ય દર્શનના પ્રણેતા), પતંજલિ (યોગદર્શનના પ્રણેતા), મધ્વાચાર્ય (દ્વૈતદર્શનના પ્રણેતા)ની જેમસંપૂર્ણતઃ દ્વૈતવાદી નથી તેમજ શંકરાચાર્યની જેમસંપૂર્ણતઃ અદ્વૈતવાદી પણ નથી. શ્રીજીમહારાજને દ્વૈત અને અદ્વૈત બંને સ્વીકાર્ય છે. તેમના મતે દ્વૈત અને અદ્વૈત બંને સ્વાભાવિક, વાસ્તવિક અને પારમાર્થિક તત્ત્વો છે, છતાં બંને વચ્ચે કશોય વિરોધ નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ : અન્ય આચાર્યોની તુલનામાં શ્રેષ્ઠ આચાર્ય

આપણે સૌ જાણીએ છીએ કે અન્ય મત કે સાંપ્રદાયિક તત્ત્વજ્ઞાનના પ્રવર્તક, પ્રબોધક કે ચિંતક - સાધના કરીને સિદ્ધ થયેલ કોઈક મહાપુરુષ છે. જ્યારે શ્રી સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાનના પ્રબોધક સર્વોપરી સર્વાવતારી પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ પોતે જ છે. શ્રી સ્વામિનારાયણીય સિદ્ધાંતની આ એક અદ્વિતીય અને અનન્ય વિશેષતા છે.

'શ્રી સ્વામિનારાયણીય સિદ્ધાંત'ના પ્રબોધક અને સ્થાપક ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના પ્રાગટ્યનું પ્રયોજન દર્શાવતા કહે છે :-

'दूसरा अवतार है सो कार्य-कारण अवतार हुआ है । और मेरा यह अवतार है सो तो जीवो कुं ब्रह्मरुप करके आत्यंतिक मुक्ति देने के वास्ते अक्षरातीत पुरुषोत्तम जो हम वह मनुष्य जैसा बन्या हूँ ।'

(આત્યંતિક કલ્યાણ : લેખક - પૂ. સ.ગુ. સ્વામી શ્રી નંદકિશોરદાસજી - ભૂજ)

'आज तो में अविद्यारूप जो माया है, तिस के वासते प्रगट हुआ हूं, ज्यों वेदो का वचन ज्यों अविद्या नाश करो, ऐसी मेरी स्तुति कीया है सो वचन आज में सत्य करता हूं । अनंत जीवुं का जो अविद्यारूप जो माया हे तिसका में नाश करता हूँ, जीस दिनमें में प्रगट हुवा था, हुं तिस दिनसे अविद्या के नाश के वास्ते प्रवर्त्या हूं ।' (શ્રીજીના પ્રસાદીના પત્રો - નં.૭)

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે પોતાના પ્રાગટ્યનો દર્શાવેલ **ઉપરોક્ત હેતુ** એમની અને એમણે પ્રબોધેલ સિદ્ધાંતની **અદ્વિતીયતા** સિદ્ધ કરવા સક્ષમછે.

પાંચ વર્ષની નાની બાળ ઉંમરે અભ્યાસ શરૂ કરીને દશ વર્ષની ઉંમર સુધીમાં તો તેઓએ પોતાની પ્રગલ્ભબુદ્ધિ અને સ્મૃતિ શક્તિથી સકળ શાસ્ત્રોનો અભ્યાસ પૂરો કરી **શાસ્ત્રોમાં નિપુણતા** પ્રાપ્ત કરી.

શ્રી ઘનશ્યામ મહારાજ - હરિમંડપ



શિક્ષાપત્રી લેખન સ્થાન શ્રી હરિમંડપ - વડતાલ

ભગવાન શ્રી સ્વામિનારાયણ સંમત વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત

(શ્રી સ્વામિનારાયણ દર્શન)

દશમે વર્ષે કાશીમાં ભરાયેલ વિદ્વત્સભામાં કેવળાદ્વૈતાદિક જુદા જુદા મતના પ્રખર વિદ્વાન પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરીને **જ્વલંત વિજય** મેળવ્યો અને **પોતાનો મત** પ્રસ્થાપિત કર્યો.

પોતાના સાતેક વર્ષના વનવિચરણ દરમ્યાન પુલહાશ્રમમાં ગંડકીને તીરે ચારેક મહિના સુધી એક પગે ઊભા રહીને **ઉગ્ર તપશ્ચર્યા** કરી.

તેમજ વનમાં 'ગોપાળયોગી' નામના એક સિદ્ધયોગીના સાંનિધ્યમાં એક વર્ષ રહીને **અષ્ટાંગયોગ** સિદ્ધ કર્યો.

ઠેર ઠેર જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ, બંધન અને મુક્તિ જેવા **આધ્યાત્મિક વિષયો** પર વિદ્વાનો, ગુરુઓ અને ધર્માચાર્યો સાથે **ચર્ચાઓ** કરી.

ઉદ્ધવાવતાર જગદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી દ્વારા સંપ્રદાયની ધૂરા સંભાળ્યા પછી સુગ્રથિત-સુવ્યવસ્થિત **સંપ્રદાયના સર્જન-પ્રવર્તનનું કાર્ય** શરુ કર્યું.

સ્વયં અનંત દૈવી શક્તિઓ અને ઐશ્વર્યના અધિષ્ઠાતા હતા. તેમણે સમાધિ દ્વારા અનેક મુમુક્ષુઓને પોતપોતાના ઈષ્ટદેવના દર્શન કરાવ્યાં. આ અવતારોને પોતાનામાંથી પ્રગટ થતાં અને પોતાનામાંજ લીન થતાં દર્શાવીને **પોતાની સર્વોપરિતા** પણ સિદ્ધ કરી.

ટૂંક સમયમાં જ **વિશાળ જનસમુદાય**ને પોતાનામાં **અભિમુખ** કર્યો.

આશરે ૩,૦૦૦ સાધુઓને દીક્ષા આપી અને તેમાંથી ૫૦૦ સાધુઓને તો એકજ રાત્રિએ પરમહંસ કક્ષાની દીક્ષા આપી.

વિદ્વત્તા અને અનેકવિધ કળાઓમાં નિપુણ એવા આટલી મોટી સંખ્યામાં પરમહંસો થાય, તેમના શિસ્ત અને નિયમનમાં રહી પ્રેમપૂર્વક તેમને ભગવાન તરીકે સ્વીકારે - એ તેમની આકર્ષક પ્રતિભા અને દિવ્ય વ્યક્તિત્વનું સૂચક છે.

અન્ય દર્શનોના સ્થાપક આચાર્યોએ જ્યારે **'પ્રસ્થાનત્રયી'** ઉપર ભાષ્યો રચ્યા છે ત્યારે તેમને સમાજે ધર્મના સ્થાપક **આચાર્ય** તરીકે સ્વીકાર્યા છે અને પ્રસ્થાનત્રયી પરના ભાષ્યની રચના એજ તેમની જીવનકાળ દરમ્યાનની સર્વશ્રેષ્ઠ કૃતિ માનવામાં આવે છે. અને એવું પણ માનવામાં આવે છે કે **પ્રસ્થાનત્રયી પર ભાષ્ય** કોઈ સામાન્ય કક્ષાના વિદ્વાન રચી શકે જ નહિ. તેના પર ભાષ્ય રચે તે કોઈક **મહાપુરુષ** અથવા **અવતારી પુરુષ** જ હોય.

બ્રહ્મસૂત્રો પર તમામ આચાર્યોએ ભાષ્યો રચીને પોતપોતાના મતનું પ્રતિપાદન કર્યું છે. જેમ કે -

"...જ્યારે ધર્મના ઈતિહાસમાં 'શ્રી સ્વામિનારાયણ દર્શન'ની એક અદ્વિતીય વિરલ ઘટના એ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણે તે બ્રહ્મસૂત્રો પર ભાષ્યની રચના સ્વયં તો ન કરી, પરંતુ પોતાના શિષ્ય સંત સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી પાસે કરાવી. અને તેનું નામ' બ્રહ્મસૂત્રભાષ્ય રત્નમ્' આપવામાં આવ્યું. અને પોતાનું નવ્ય વિશિષ્ટાદ્વૈત મતનું સ્થાપન કર્યું. જે ભાષ્યને ભલભલા વિદ્વાનો પણ ઉકેલી શકતા નથી..."

ક્રમ	ભાષ્યકર્તા	ભાષ્યનું નામ	દાર્શનિક મત
૧.	શ્રી શંકરાચાર્ય	શારીરિક ભાષ્ય	કેવળાદ્વૈત
૨.	શ્રી રામાનુજાચાર્ય	શ્રી ભાષ્ય	વિશિષ્ટાદ્વૈત
૩.	શ્રી મધ્વાચાર્ય	પૂર્ણપ્રજ્ઞભાષ્ય	દ્વૈત
૪.	શ્રી નિમ્બાર્કાચાર્ય	વેદાંત ભાષ્ય	દ્વૈતાદ્વૈત
૫.	શ્રી વલ્લભાચાર્ય	અણુ ભાષ્ય	શુદ્ધાદ્વૈત

જ્યારે ધર્મના ઈતિહાસમાં '**શ્રી સ્વામિનારાયણ દર્શન**'ની એક અદ્વિતીય વિરલ ઘટના એ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણે તે બ્રહ્મસૂત્રો પર ભાષ્યની રચના સ્વયં તો ન કરી, પરંતુ પોતાના શિષ્ય સંત સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી પાસે કરાવી. અને તેનું નામ '**બ્રહ્મસૂત્રભાષ્ય રત્નમ્**' આપવામાં આવ્યું. અને પોતાનું **નવ્ય વિશિષ્ટાદ્વૈત** મતનું સ્થાપન કર્યું. જે ભાષ્યને વાંચી-ભણીને ભલભલા વિદ્વાનો પણ આશ્ચર્ય પામી જાય છે અને કંઈક **નૂતન વિશેષતાનો** અનુભવ અવશ્ય કરે છે.

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી પાસે ઉપનિષદો પર ભાષ્યો રચાવ્યા. આમ, **જે કાર્ય અન્ય દર્શનોના આચાર્યોએ કર્યા છે તે કાર્ય ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના શિષ્ય સંતો પાસે કરાવ્યા છે.** આ જ તેમની સર્વોપરી આચાર્ય, સર્વોપરી ભગવાન તરીકેની સૂચક ઘટનાઓ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રતિપાદિત નવ્ય વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત

તત્ત્વજ્ઞાન એટલે **તત્ત્વોનું જ્ઞાન.**

આપણે ત્યાં ભારતમાં તત્ત્વજ્ઞાન કેવળ બૌદ્ધિક વિલાસનો વિષય નથી, પણ **આત્માનુભૂતિનો રણકાર** છે. જીવનમાં **સાક્ષાત્કાર કરેલું દર્શન** છે. તેથી તત્ત્વજ્ઞાન માટે ભારતની પરંપરામાં ખાસ કરીને '**દર્શન**' શબ્દ વપરાય છે.

ભારતીય વિભિન્ન તત્ત્વજ્ઞાનો કે દર્શનોની પરંપરામાં ભગવાન શ્રી સ્વામિનારાયણે એક આગવું અને વિશિષ્ટ તત્ત્વજ્ઞાન કે દર્શન આપ્યું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રતિપાદિત તત્ત્વજ્ઞાનમાં મૂળભૂત ત્રણ તત્ત્વો સ્વીકારવામાં આવ્યા છે.

૧. જીવ ૨. માયા ૩. પરબ્રહ્મ

પરંતુ, શ્રી રામાનુજીય વિશિષ્ટાદ્વૈતના આ તત્ત્વત્રયીના સિદ્ધાંતથી ભગવાન શ્રી સ્વામિનારાયણે કંઈક **વિશિષ્ટ તત્ત્વોનો સિદ્ધાંત** આપી અધ્યાત્મક્ષેત્રે કાંઈક **નવું પ્રદાન** કર્યું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના મતે **પાંચ તત્ત્વોનો સ્વીકાર** કરે છે. ભગવાન શ્રીહરિનો મત શ્રી રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈતને ઘણો મળતો હોવા છતાં દાર્શનિક અને સાંપ્રદાયિક દૃષ્ટિએ અનેક બાબતોમાં **વિશિષ્ટ** પણ છે. તેથી ભગવાન શ્રી સ્વામિનારાયણના મતને '**નવ્ય વિશિષ્ટાદ્વૈત**' પણ કહી શકાય.

આપણે જાણીએ છીએ કે પૂર્વેના તમામ આચાર્યોએ જ્યારે જ્યારે પોતાના મતનું સ્થાપન કરવાનો વિચાર કર્યો છે ત્યારે ત્યારે તેમણે અન્ય આચાર્યોના મતનું ખંડન કરવું જ પડ્યું છે. પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણ આ તમામ આચાર્યોથી ઉંચેરા તરી આવે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના મતનું સ્થાપન કરવા કે પ્રતિપાદન કરવા માટે ક્યારેય પણ કોઈપણ આચાર્યનું કે તેમણે પ્રસ્થાપિત મતનું ખંડન કર્યું જ નથી. પોતે સ્વયં લખેલી શિક્ષાપત્રીમાં પણ લખે છે :- 'મતં વિશિષ્ટાદ્વૈતં મે' - અમારો જે મત તે **વિશિષ્ટાદ્વૈત** છે એમ જાણવું.

(શિક્ષાપત્રી - શ્લોક : ૧૨૧)



આમ, પોતાને વિશિષ્ટાદ્વૈત મત **પ્રિય** છે અથવા તેમાં તેઓને **રુચિ** છે તેમ બતાવી શ્રી રામાનુજાચાર્યના મતનું પણ ભગવાન શ્રી સ્વામિનારાયણે ખંડન થવા દીધું નથી. તેમ છતાં પણ સંપૂર્ણપણે તે તે મતોને શ્રીજીમહારાજે સ્વીકાર્યા પણ નથી.

શ્રી રામાનુજાચાર્યજીના જીવ, ઈશ્વર અને માયાના તત્ત્વત્રયીના સિદ્ધાંતમાં રુચિ દાખવીને ભગવાન શ્રીહરિએ પોતાનો સ્વતંત્ર જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ - **આ પાંચ નિત્ય તત્ત્વો**નો **સિદ્ધાંત** પ્રસ્થાપિત કર્યો અને શ્રી રામાનુજાચાર્યના મતનું પણ ખંડન થવા દીધું નહિ.

શ્રીજીમહારાજે શ્રી રામાનુજાચાર્યે નિત્ય માનેલા જીવ, ઈશ્વર અને માયા પૈકી જીવના ઈશ્વર-જીવ, અને બ્રહ્મ એમ **ત્રણ ભેદ** પાડી **'જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ'** કુલ પાંચ તત્ત્વો **નિત્ય** છે એમ સ્વીકાર્યા.

શ્રી સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાનના તત્ત્વપંચકમાં સંખ્યાની દૃષ્ટિએ જીવો અનંત છે, ઈશ્વરો અનંત છે, કારણરૂપ માયા એક છે. જ્યારે કાર્યરૂપે માયા અનેક છે, બ્રહ્મરૂપ મુક્તો અનેક છે અને અક્ષરધામરૂપ બ્રહ્મ એક છે અને પરબ્રહ્મ પણ એક છે અને અદ્વિતીય છે.

"...પરબ્રહ્મ તત્ત્વ જ એક અંતિમસત્ય છે, તે એકજ હતા, એકજ છે અને એકજ રહેશે. કારણ કે સ્વરૂપ અને ગુણથી સંપૂર્ણપણે પરબ્રહ્મ સમાન થવાને માટે કોઈ પણ સમર્થ નથી..."

શ્રી સ્વામિનારાયણીય નવ્ય વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં પરબ્રહ્મ તત્ત્વ : એક અને અદ્વિતીય

પરબ્રહ્મ તત્ત્વ જ એક અંતિમસત્ય છે, તે એકજ હતા, એકજ છે અને એકજ રહેશે. કારણ કે સ્વરૂપ અને ગુણથી સંપૂર્ણપણે પરબ્રહ્મ સમાન થવાને માટે કોઈ પણ સમર્થ નથી.

શ્વેતાશ્વતર ઉપનિષદની શ્રુતિ પણ આ જ સિદ્ધાંત રજૂ કરે છે :-

'न तत्समश्चा भ्यधिकश्च दृश्यते ।' (૬/૮) - અર્થાત્ તે પરબ્રહ્મ સમાન કે તેમનાથી અધિક કોઈ જણાતું નથી.

આ **વિષે ભગવાન શ્રી સ્વામિનારાયણના જ સ્પષ્ટ શબ્દો**માં જોઈએ :-

"...તેમ પુરુષોત્તમ ભગવાન સર્વના આત્મા છે, તોપણ અક્ષર પર્યંત કોઈપણ પુરુષોત્તમ ભગવાન જેવા સમર્થ થવાને સમર્થ નથી થતાં..." (વચ. કા.પ્ર. ૮)

"...જે ભગવાનના ભક્ત હોય તે ભગવાનને પ્રતાપે કરીને બ્રહ્મા, શિવ, શુકજી, નારદ તે જેવા

પણ થાય અને પ્રકૃતિપુરુષ જેવા પણ થાય અને બ્રહ્મ તથા અક્ષર જેવા પણ થાય, તોપણ પુરુષોત્તમનારાયણ જેવો થવાને તો કોઈ સમર્થ નથી...'' (વચ. કા. પ્ર. ૧૦)

''...વસ્તુગતે તો કલ્યાણનો માર્ગ એક છે અને ભગવાનનું સ્વરૂપ પણ એક છે. અને તે ભગવાન અતિ સમર્થ છે ને તે જેવો થવાને કાજે અક્ષર પર્યંત કોઈ સમર્થ થતો નથી, એ સિદ્ધાંત છે...'' (વચ. લો. પ્ર. ૪)

''...ભગવાન જેવા તો એક ભગવાન જ છે પણ બીજો કોઈ નથી...'' (વચ. અં. પ્ર. ૩૭)

''...જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે અને ભગવાનને ભજીભજીને ઘણાક ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે. તોપણ તે ભગવાન જેવા તો થતા જ નથી...''

''...માટે સર્વ ક્રિયાના પ્રવર્તાવનારા ને સર્વના સ્વામી એક જ ભગવાન છે. તથા ભગવાન સંગાથે બીજાને દાવ બંધાય એમ પણ જણાતું નથી. માટે ભગવાન તે એક જ છે પણ બીજો એ જેવો થતો નથી...'' (વચ. અં. પ્ર. ૩૯)

૧. પરબ્રહ્મ તત્ત્વ : સદા દિવ્ય સાકાર

વિશ્વના આધ્યાત્મિક ક્ષેત્રમાં મોટા ભાગનો વર્ગ ભગવાનને સાકાર સમજતો નથી. ખ્રિસ્તીઓ, મુસ્લિમો, યહૂદીઓ વગેરે કેટલાક વિશ્વના ધર્મોમાં તો ભગવાનને નિરાકાર સમજવામાં આવે છે, પરંતુ હિન્દુ ધર્મમાં પણ બહુ મોટો વર્ગ ભગવાનને નિરાકાર જ સમજે છે. ખાસ કરીને ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ, અદ્વૈત દર્શનોમાં તેમજ કેટલાક શૈવ દર્શનોમાં અને અન્ય કેટલાય નાના-મોટા સંપ્રદાયોમાં પણ ભગવાનને સાકાર સમજવામાં આવતા નથી.

હિન્દુ ધર્મમાં ભગવાનને સાકાર સમજનારામાં કેટલાક શૈવ સંપ્રદાયો અને વૈષ્ણવ સંપ્રદાયો મોખરે છે. વિશેષ કરીને બધાજ વૈષ્ણવ આચાર્યોએ ભગવાનના સાકારપણાનું નિરૂપણ કર્યું છે તેમ છતાં આપણે એટલું સ્પષ્ટપણે અને દૃઢપણે કહી શકીએ કે એ સૌ કરતા પણ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના ઉપદેશોમાં પરબ્રહ્મ સ્વરૂપ નિરૂપણમાં સાકારપણાનો જ વિશેષ આગ્રહ રાખ્યો છે. કારણ કે તે સમયમાં ધાર્મિક સમાજનો મોટો વર્ગ ભગવાનને નિરાકાર સમજતો હતો. તેમના સંગથી અથવા તેમના ગ્રંથના વાંચન-શ્રવણથી નિરાકાર-સમજણ પોતાના આશ્રિતોમાં ન આવી જાય, જાણતા-અજાણતાં ભગવાનના સ્વરૂપનો દ્રોહ ન થઈ જાય તે માટે સાવધાનીપૂર્વક શ્રીજીમહારાજે નિરાકાર પક્ષનું ખંડન કરીને ભગવાનના સાકારપણાનું જ સવિશેષ નિરૂપણ કર્યું છે.

જેમ કે -

''...એવી જેને ભગવાનને વિષે સાકારપણાની દૃઢ પ્રતીતિ હોય ને તે જેવો તેવો હોય તો પણ એ અમને ગમે છે અને એને માથે કાળ, કર્મ ને માયા તેનો હુકમ નથી...''

''...અને તેજના બિંબ જેવા નિરાકાર ભગવાનને કોઈ દિવસ સમજે જ નહિ, એવી નિષ્ઠાવાળા જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ અને તેને દુઃખવતા થકા મનમાં બીએ છીએ અને તેના દર્શનને પણ ઈચ્છીએ છીએ...'' (વચ. પ્ર. પ્ર. ૩૭)

ભગવાન શ્રીહરિ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણના ૭૧માં પ્રશ્ન પૂછે છે કે, ''... 'શાસ્ત્રમાં કલ્યાણની કેમ રીતિ છે ? ...અને શંકરાચાર્યે તો નિરાકારપણે ભગવાનનું પ્રતિપાદન કર્યું છે અને રામાનુજાદિક જે આચાર્ય તેમણે તો સાકારપણે ભગવાનનું પ્રતિપાદન કર્યું છે; માટે એવી રીતે શાસ્ત્રનો મત લઈને ઉત્તર કરો.' પછી મુનિએ શાસ્ત્રની રીતે નિરાકારનો પક્ષ ખોટો કરીને સાકાર ભગવાનને ભજને કરીને કલ્યાણ છે એવી રીતે પ્રતિપાદન કર્યું. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અમે પણ એ જ પક્ષનું ગ્રહણ કરીએ છીએ...''

ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાનામાં વર્તતા સ્વાભાવિક ગુણોમાંથી એક ગુણની વાત કરતા વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના ૩૯માં કહે છે :- ''...જે ચૈતન્યરૂપ ને તેજોમય એવું જે ભગવાનનું અક્ષરધામ છે તેમાં સદા સાકારમૂર્તિ એવા શ્રીકૃષ્ણવાસુદેવ વિરાજમાન છે ને તે સાકાર થકા સર્વના કર્તા છે પણ નિરાકાર થકી તો કાંઈ થતું નથી, એવી રીતે સાકારની દૃઢ પ્રતીતિ છે. તે કેટલાક વેદાંતના ગ્રંથ વંચાવ્યા ને સાંભળ્યા તોપણ એ પ્રતીતિ ટળી નહિ...''

આ રીતે શ્રીજીમહારાજે સર્વત્ર પોતાના ઉપદેશોમાં પરબ્રહ્મ તત્ત્વ વિષે દૃઢ સાકારપણાની જ રુચિ બતાવી છે અને પોતાના આશ્રિતોને પણ તેવી જ દૃઢતા કરવા ને કરાવવાનો આગ્રહ રાખ્યો છે.

''...વળી, ભગવાનના સર્વે અપરાધ થકી જે ભગવાનના આકારનું ખંડન કરવું એ મોટો અપરાધ છે તે માટે એ અપરાધ તો ક્યારેય પણ કરવો નહિ...'' (વચ. પ્ર. પ્ર. ૭૧)

''...તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વે અવતારનું કારણ અવતારી એવું જાણવું અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય...'' (વચ. મ. પ્ર. ૯)

''...માટે ભગવાનના આકારને વિષે દૃઢ પ્રતીતિ રાખીને એની દૃઢ ઉપાસના કરવી, એમ અમે તમને સર્વેને કહીએ છીએ, તે એ વાર્તાને સર્વે દૃઢ કરીને રાખજો...'' (ગ. મ. પ્ર. ૩૯)

''...ગમે એટલા પુરાણ, ઉપનિષદ, વેદ ઈત્યાદિક ગ્રંથનું શ્રવણ થાય ને તેમાં નિરાકારપણા જેવું સાંભળ્યામાં આવે, તોપણ એમ જાણે જે, કાં તો આપણને એ શાસ્ત્રનો અર્થ સમજાતો નથી ને કાં તો એમાં કેમ કહ્યું હશે, પણ ભગવાન તો સદા સાકાર જ છે...''

(વચ. અં. પ્ર. ૩૫)

આમ, ભગવાનને નિરાકાર પ્રતિપાદન કરનારા ગમે તેવા શાસ્ત્રો કે તેવા સંગની અસર ન થાય તેવી દૃઢતા કરવાનું શ્રીજીમહારાજ જણાવે છે. એટલું જ નહિ, પરંતુ તેઓ તો સ્વાશ્રિતોને પૂર્વોક્ત **વિપરીત સંગનું જોખમ** તેમની **જિજ્ઞાસાવૃત્તિના સંતોષ માટે પણ** ખેડવા દેવા તૈયાર નથી. બધાને આવી દૃઢતા ન હોય તે સ્વાભાવિક છે, તેથી જો તે એવા નિરાકારના શાસ્ત્રો વાંચે અથવા એવા નિરાકારવાદીઓનો સંગ કરે તો તેની **સાકારપણાની દૃઢતા** જતી રહે અને અંતે તેનો મોક્ષ બગડે. તેથી ભગવાન શ્રીહરિ એવા શાસ્ત્રો અને સંગનો ત્યાગ જ કરવાનું **આગ્રહપૂર્વક સૂચન** કરતા કહે છે :- "...જે શાસ્ત્રમાં ભગવાનનું સાકારપણું પ્રતિપાદન ન કર્યું હોય તથા ભગવાનના અવતારનું નિરૂપણ ન હોય, અને તે ગ્રંથ શુદ્ધ વેદાંતના હોય ને એક અદ્વિતીય નિરાકારનું પ્રતિપાદન કરતા હોય ને તે ગ્રંથ સુધા બુદ્ધિવાનના કરેલા હોય તોપણ તે ગ્રંથને કોઈ દિવસ ભણવા નહિ ને સાંભળવા પણ નહિ..." (વચ. લો. પ્ર. ૬)

ભગવાનને નિરાકાર પ્રતિપાદિત કરનારા શુષ્કવેદાંતીઓના શાસ્ત્રોથી પોતાના સૌ આશ્રિતો દૂર રહે તે માટે ભગવાન શ્રી સ્વામિનારાયણનો કેવો આગ્રહ છે, તે તો વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના ૧૯માં દૃશ્યમાન શ્રીજીમહારાજની **કરુણાભીની મૂર્તિ** અને **કરુણાસભર ઉપદેશથી** જ સમજાય છે.

સ.ગુ. શ્રી મહાનુભાવાનંદ સ્વામીની શિષ્યપરંપરાના સંત સ.ગુ. શ્રી ધર્મસ્વરૂપદાસજી સ્વામી પણ પોતે રચેલ **'શ્રીજીસંમત વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતસાગર'** નામના ગ્રંથમાં પરબ્રહ્મ સ્વરૂપ નિરૂપણમાં લખે છે :-

'परब्रह्म परमात्मा स्वाक्षरधाम्नि नित्यं दिव्याकार दिव्यावयवी द्विबाहुः स्थितः ।
क्वचिदन्यत्रं स्वभक्तभावनानुकूल स्वेच्छया चतुर्भुजत्वाऽष्टभुजत्वसहस्रभुजत्वादि रूपं दर्शयति ।।'

અર્થ :- "પરબ્રહ્મ પરમાત્મા (ભગવાન શ્રી સ્વામિનારાયણ) દિવ્યાકાર દિવ્ય અવયવવાળા બે હસ્તવાળા પોતાના અક્ષરધામમાં નિરંતર રહેલા છે, તે પરમાત્મા કોઈ વખતે બીજા ઠેકાણે પોતાના ભક્તની ભાવનાને અનુકૂળ પોતાની ઈચ્છાથી ચારભુજપણું, અષ્ટભુજપણું, સહસ્રભુજપણું એ આદિકથી યુક્ત એવું સ્વરૂપ બતાવે છે."

અને તેથી જ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે :-

'अतश्चास्य स्वरूपेषु भेदो
ज्ञेयो न सर्वथा ।
चतुरादिभुजत्वं तु द्विबाहोस्तस्य
चैच्छिकम् ।।'

એ હેતુ માટે એ શ્રીકૃષ્ણ ભગવાનનાં જે સ્વરૂપ તેમને વિષે સર્વે પ્રકારે કરીને ભેદ ન જાણવો અને ચતુર્ભુજપણું, અષ્ટભુજપણું, સહસ્રભુજપણું, ઈત્યાદિક જે ભેદ જણાય છે તે તો દ્વિભુજ એવા જે તે શ્રીકૃષ્ણ તેમની ઈચ્છાએ કરીને છે એમ જાણવું.

(શિક્ષાપત્રી - શ્લોક : ૧૧૨)

આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણ **પરબ્રહ્મ**ના એટલે પોતાના જ **સદા દિવ્ય સાકાર સ્વરૂપ**નું જ પ્રતિપાદન કરે છે.

પરબ્રહ્મનું અંતર્યામીપણું :

'શ્રીજીસંમત વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતસાગર' નામના ગ્રંથમાં પરબ્રહ્મનું અંતર્યામી સ્વરૂપનું નિરૂપણમાં કરતા સ.ગુ. શ્રી ધર્મસ્વરૂપદાસજી સ્વામી લખે છે :-

'स एव पुरुषोत्तमः परब्रह्माऽक्षरातीतः सर्वेषामन्तर्यामित्वेन कर्मफलप्रदोऽस्ति ।'

અર્થ :- "તે જ પુરુષોત્તમ અક્ષરાતીત પરબ્રહ્મ સર્વના અંતર્યામીપણે કરીને કર્મફળને આપે છે."

તેથી જ આ મતને સ્વીકારતા શ્રીજીમહારાજ શિક્ષાપત્રીમાં લખે છે :-

'हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः । ज्ञेयः स्वतन्त्र ईशोऽसौ सर्वकर्मफलप्रदः ॥'

અને જે ઈશ્વર છે, તે જે તે જેમ હૃદયને વિષે જીવ રહ્યો છે, તેમ તે જીવને વિષે અંતર્યામીપણે કરીને રહ્યા છે. ને સ્વતંત્ર છે ને સર્વ જીવને કર્મફળના આપનારા છે, એમ ઈશ્વરને જાણવા.

(શિક્ષાપત્રી - શ્લોક : ૧૦૭)

આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણે પરબ્રહ્મના અંતર્યામી સ્વરૂપનું પ્રતિપાદન કર્યું છે. પરંતુ તે અંતર્યામી સ્વરૂપે જીવ, ઈશ્વરાદિકમાં રહ્યા તો છે, છતાં પણ તે સ્વરૂપ સાકાર છે એવું જણાવતા વચનામૃત ગઢડા પ્રથમપ્રકરણના ૪૫માં શ્રીજીમહારાજ કહે છે :- "અંતર્યામીપણે કરીને જીવ-ઈશ્વરને વિષે વ્યાપક એવું જે પુરુષોત્તમભગવાનનું બ્રહ્મરૂપ તેજ તે નિરાકાર છે, તોપણ જીવ-ઈશ્વર સર્વેને તેમના કર્મને અનુસારે યથાયોગ્યપણે કર્મના ફળને દેવાને વિષે નિયંતાપણું છે, ને સાકારની પેઠે નિયંતારૂપ ક્રિયાને કરે છે. માટે તે તેજને પણ સાકાર જેવું જાણવું."

આમ, શ્રીજીમહારાજના મતે જીવ-ઈશ્વરો તથા અનંતકોટિ બ્રહ્માંડમાં અણુ-અણુમાં વ્યાપીને રહેલું અંતર્યામી સ્વરૂપ પણ સાકાર મૂર્તિમાન જેવું જ છે, તેથી જ વચનામૃત વરતાલ પ્રકરણના ૧૩માં પણ કહે છે :-

"ભગવાનને ગ્રંથમાં વ્યાપક કહ્યા છે તે તો મૂર્તિમાન છે તે જ પોતાની સામર્થીએ કરીને એક ઠેકાણે રહ્યા થકા સર્વને દર્શન આપે છે એમ વ્યાપક કહ્યા છે, પણ આકાશની પેઠે અરૂપ થકા વ્યાપક નથી."

પરબ્રહ્મ સાથે અન્ય ચાર તત્ત્વોનો સંબંધ :

ભગવાન શ્રી સ્વામિનારાયણના મતે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ આ ચાર તત્ત્વો શરીરના સ્થાને છે. જ્યારે પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ એ ચારે તત્ત્વોના આત્મા કે શરીરીના સ્થાને છે. તેથી જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ આ ચાર તત્ત્વો અને પરબ્રહ્મ વચ્ચે **શરીર-શરીરી**નો સંબંધ સ્થાપિત થાય છે.

આ સિદ્ધાંત સમજાવતા **શ્રીજીમહારાજ** કહે છે :-

"...ભગવાન તો જેમ ક્ષરના આત્મા છે તેમજ પ્રકૃતિપુરુષ થકી પર જે અક્ષરબ્રહ્મ તેના પણ આત્મા છે..."

(વચ. ગ. પ્ર. - ૭૨)

"...ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ છે તે તો સૂક્ષ્મ થકી પણ અતિસૂક્ષ્મ છે અને પૃથ્વી આદિક જે સર્વે તત્ત્વ તેનું **આત્મા** છે અને તે થકી પર જે પ્રધાનપુરુષ તેનું આત્મા છે અને તે પ્રધાન પુરુષ થકી પર જે શુદ્ધ પુરુષ ને પ્રકૃતિ તેનું આત્મા છે, અને તેથી પર જે અક્ષર તેનું પણ આત્મા છે. અને એ સર્વે ભગવાનનું **શરીર** છે..."

(વચ. કા. પ્ર. - ૮)

ગઢડા પ્રથમ પ્રકરણના ૬૪માં આપેલી શરીર-શરીરીની સમજૂતી અનુસાર જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ આ ચારેય તત્ત્વો પરબ્રહ્મની તુલનામાં આધીન, વ્યાપ્ય, અસમર્થ હોવાથી **શરીર** છે અને આ ચારેય તત્ત્વોની તુલનામાં પરબ્રહ્મ સ્વતંત્ર, વ્યાપક અને અતિ સમર્થ હોવાથી એ સર્વેના

શરીરી છે.

"...અને એ બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમનારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે..." (વચ. મ. પ્ર. ૩)

"...અને પુરુષોત્તમ ભગવાન છે, તે સર્વ ક્ષેત્રજ્ઞના ક્ષેત્રજ્ઞ છે તોપણ નિર્વિકાર છે અને માયા આદિક જે વિકારવાન પદાર્થ તેનો વિકાર પુરુષોત્તમ ભગવાનને અડતો નથી..."

(વચ. મ. પ્ર. ૧૭)

આમ, આ વાત કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણ એ સમજાવવા માંગે છે કે, શરીરભૂત તત્ત્વોના કોઈ ઉપાધિ,, વિકારો કે દોષો શરીરીભૂત પરમાત્માને કદી પણ સ્પર્શતા નથી, કે બાધ કરતા નથી.

ભગવાન શ્રીહરિની દૃષ્ટિએ શરીર અને **શરીરી વચ્ચેનો સંબંધ** આ પ્રમાણે છે.

શરીર (જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ)	**શરીરી** (પરબ્રહ્મ)
અતિ અસમર્થ	અતિશય સમર્થ
પરતંત્ર	સ્વતંત્ર
વ્યાપ્ય	વ્યાપક
નિયામ્ય	નિયામક
પ્રેર્ય	પ્રેરક
આધેય	આધાર

આ સંબંધ અનાદિ-અનંત અર્થાત્ શાશ્વત છે, અપૃથક્‌સિદ્ધ છે.

આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણ સંમત સવિશેષ **'નવ્ય વિશિષ્ટાદ્વૈત'** સિદ્ધાંતમાં પરબ્રહ્મ તત્ત્વ એક અને અદ્વિતીય, સદા દિવ્ય સાકાર, તમામ તત્ત્વોમાં અંતર્યામીપણે રહીને કર્મફળને આપનારા, અંતર્યામીપણે રહેવા છતાં પણ મૂર્તિમાનની પેઠે કાર્ય કરતા હોવાથી સદાય સાકાર સ્વરૂપ જ છે.

હવે શ્રી સ્વામિનારાયણીય નવ્ય વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતના મતે તત્ત્વપંચકમાં બીજું તત્ત્વ **'બ્રહ્મ'** તત્ત્વ છે તેના વિષે જાણીએ...

૨. બ્રહ્મ (અક્ષર અથવા અક્ષરબ્રહ્મ)

શ્રી સ્વામિનારાયણીય નવ્ય વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતના તત્ત્વપંચકમાં પરબ્રહ્મ પછી જો કોઈ તત્ત્વ હોય તો તે **બ્રહ્મ** છે. સંપ્રદાયના શાસ્ત્રોમાં આ તત્ત્વનો ઉલ્લેખ અક્ષર, બ્રહ્મ કે અક્ષરબ્રહ્મ વગેરે શબ્દોથી કરવામાં આવેલો છે.

શ્રુતિ-સ્મૃતિઓ, ઈતિહાસ અને પુરાણો તથા અન્ય ભારતીય આધ્યાત્મિક શાસ્ત્રોમાં બ્રહ્મ તત્ત્વનો ઉલ્લેખ તો અનેકવાર આવે છે. તે શાસ્ત્રો તથા તેના અર્થઘટનો કરતા ભાષ્યગ્રંથો કે અન્ય તત્ત્વ નિરૂપણના ગ્રંથો જોઈએ તો ખ્યાલ આવશે કે તેમાં બહુધા **'બ્રહ્મ'** અને **'પરબ્રહ્મ'** શબ્દોને **પર્યાયવાચી** તરીકે પ્રયોજ્યા છે. ક્યારેક અને ક્યાંક જીવને, તો ક્યાંક પ્રકૃતિને, તો ક્યાંક પરબ્રહ્મને જ **'બ્રહ્મ'** કહેલા છે. જો કે બ્રહ્મ અને પરબ્રહ્મ તત્ત્વો ભિન્ન - જુદા છે, એવા ઉલ્લેખો તો શાસ્ત્રોમાં જરૂર મળી આવે છે. તેમછતાં તેમના સ્વરૂપ, ગુણ, કાર્યની દૃષ્ટિએ તે બંને તત્ત્વોમાં **સ્વરૂપતઃ** અને **તત્ત્વતઃ** કઈ રીતે ભિન્નતા છે ? એનું યથાર્થ નિરૂપણ ક્યાંય જોવા મળતું નથી. બ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપની ભિન્નતા વિષે સ્પષ્ટ નિરૂપણ ન હોવાથી, એકજ શબ્દ કે એકજ વાક્યના અનેક અર્થો થવાથી જુદા જુદા વિદ્વાનો તેનો જુદો જુદો અર્થ કરીને પોતપોતાના મતાનુસાર જુદી જુદી રીતે સમજાવે છે.

પરબ્રહ્મ એક **સર્વોપરી** અને **સર્વોચ્ચ તત્ત્વ** છે, એવું તો ઘણાં વૈદિક દર્શનોને અને ભાષ્યકારોને સ્વીકાર્ય છે; પરંતુ **અક્ષરબ્રહ્મ** શું છે તેનો સ્પષ્ટ અને સર્વે શ્રુતિને સાનુકૂળ ખ્યાલ કોઈપણ વેદાંત-દર્શનોમાં અપાયો નથી. શાસ્ત્રોમાં અક્ષરબ્રહ્મ-પરબ્રહ્મનો ભેદ નિરૂપ્યો હોવા છતાં, ભાષ્યકારો તે તે સંદર્ભની વ્યાખ્યા કરવામાં કેવા ગૂંચવાયા છે, તે તો તેમના ભાષ્યગ્રંથો વાંચીએ ત્યારે ખ્યાલ આવે છે.

અક્ષરબ્રહ્મ પર વિવિધ આચાર્યોના ભિન્ન ભિન્ન અને ક્યારેક તો પરસ્પર વિરોધી મંતવ્યો જાણીએ ત્યારે વેદાદિક શાસ્ત્રોના જાણનારાઓ જે **'અક્ષર'** વિષે કહે છે તે અક્ષર તત્ત્વની શ્રીજીમહારાજે કેટલી **વિશદ અને અસંદિગ્ધ સમજણ** આપી છે તે સમજાય છે.

અક્ષરબ્રહ્મ તત્ત્વનું યથાર્થ નિરૂપણ એ ભગવાનની ભારતીય તત્ત્વજ્ઞાનમાં એક **અણમોલ ભેટ** છે. મુંડકોપનિષદની શ્રુતિ જણાવે છે :-

'अक्षरात् परतः परः ।' (મુંડકોપનિષદ : ૨/૧/૨)

અર્થાત્ ભગવાન તો પ્રકૃતિપુરુષથી પર એવું જે અક્ષર તે થકી પર છે.

આ જ હકીકતને પ્રમાણ કરતા **ભગવાન શ્રી સ્વામિનારાયણ** વચનામૃતમાં કહે છે :-

"...પૃથ્વીનું કારણ જે જળ તે તે થકી મોટું પણ છે અને સૂક્ષ્મપણ છે, એવી રીતે જળનું કારણ તે તેજ છે, તેજનું કારણ વાયુ છે, વાયુનું કારણ આકાશ છે, આકાશનું કારણ અહંકાર છે અને અહંકારનું કારણ મહત્તત્ત્વ છે, મહત્તત્ત્વનું કારણ પ્રધાન અને પુરુષ છે અને પ્રધાન અને પુરુષનું કારણ મૂળ પ્રકૃતિ ને બ્રહ્મ છે અને એ સર્વેનું કારણ **અક્ષરબ્રહ્મ** છે અને તે અક્ષર તો પુરુષોત્તમ ભગવાનનું **ધામ** છે..." (વચ. પ્ર. પ્ર. ૬૩)

"...અને ભગવાન જે તે **સ્વતંત્ર** છે ને આત્મા ને અક્ષર તે તો ભગવાનને આધીન છે **પરતંત્ર** છે અને ભગવાન જે તે **અતિસમર્થ** છે ને આત્મા ને અક્ષર તે તો ભગવાનની આગળ અતિ **અસમર્થ** છે..." (વચ. પ્ર. પ્ર. ૬૪)

"...એ ભગવાન તો જેમ ક્ષરના આત્મા છે તેમજ પ્રકૃતિ

પુરુષ થકી પર જે અક્ષરબ્રહ્મ તેના પણ આત્મા છે અને ક્ષર અક્ષર એ બેયને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે અને પોતે તો ક્ષર અક્ષરથી ન્યારા છે...'' (વચ.પ્ર.પ્ર. ૭૨)

''...પુરુષોત્તમ ભગવાન તે તો અનંતકોટિ બ્રહ્માંડના આધાર જે અક્ષર; તે થકી પણ પર છે...'' (વચ.પ્ર.પ્ર. ૭૩)

આમ, અનેક વચનામૃતોમાં શ્રીજીમહારાજ જણાવે છે કે પરબ્રહ્મ તત્ત્વ અક્ષર થકી પણ પર છે.

અક્ષરબ્રહ્મના ચાર સ્વરૂપો :

અક્ષરબ્રહ્મ તત્ત્વતઃ એકજ છે, પરંતુ પરબ્રહ્મના સંકલ્પાનુસાર આ એકજ **અક્ષરબ્રહ્મ** ચાર રૂપે કાર્ય કરે છે.

૧) સચ્ચિદાનંદ ચિદાકાશ તેજ રૂપે...

૨) અનંત અક્ષરમુક્તો સહિત શ્રીજીમહારાજને ધારી રહેલ ધામરૂપે...

૩) અક્ષરધામમાં પરબ્રહ્મના સેવકરૂપે તથા મુક્તોને સત્સંગ કરાવવા માટે મૂર્તિમાન સ્વરૂપે...

૪) આ લોકમાં પરબ્રહ્મની સાથે પધારેલ મૂળ અક્ષર... (ભક્ત સ્વરૂપે)

અહીં એ સ્પષ્ટતા કરવી ઘટે કે અક્ષરના આ ચારેય રૂપોમાં પરસ્પર કાર્યકારણ જેવો કોઈ સંબંધ નથી. ચારેય સ્વરૂપો સમાનપણે, સ્વાભાવિક, વાસ્તવિક અને પારમાર્થિક છે. હવે અક્ષરના આ ચારેય રૂપો વિષે ક્રમશઃ જાણીએ :

૧) અક્ષરબ્રહ્મ : સચ્ચિદાનંદ ચિદાકાશ તેજ રૂપે...

અક્ષરબ્રહ્મનું આ ચિદાકાશ સ્વરૂપ જ વચ. ગ. પ્ર. પ્ર. ૭ના, ''...તથા માયા અને માયાના કાર્ય જે અનંતકોટિ બ્રહ્માંડ તેને વિષે વ્યાપકપણે જે અક્ષરબ્રહ્મને કહેવા તે એનું અન્વયપણું છે...'' આ વચનના આધારે અન્વય છે અને વચ. ગ. મ. પ્ર. ૪૨ પ્રમાણે નિર્ગુણ સ્વરૂપ છે કે, જેમાં અનંતકોટિ બ્રહ્માંડો રહેલા છે.

અક્ષરબ્રહ્મના આ ચિદાકાશ સ્વરૂપ વિષે વચ. પ્ર. પ્ર. ૪૬માં શ્રીજીમહારાજે વિસ્તૃતપણે સમજાવ્યું છે. જેમકે -

''...અને એવો સર્વાધાર જે આકાશ છે તે આકાશને બ્રહ્મ કહીએ, ચિદાકાશ કહીએ ...''

''...અને સર્વનો આધાર જે આકાશ છે તે નિર્વિકારી છે, ને અનાદિ છે...''

''...અને એ આકાશને વિષે પુરુષ ને પ્રકૃતિ તે સંકોચ અવસ્થાને અને વિકાસ અવસ્થાને પામે છે...''

''...અને એ ચિદાકાશ છે તે અતિ પ્રકાશવાન છે અને તે ચિદાકાશ અનાદિ છે ને તેની ઉત્પત્તિ-વિનાશ નથી...''

''...સર્વનો આધાર એવો જે ચિદાકાશ તેની તો લીનતા થતી નથી...''

ભગવાન શ્રી સ્વામિનારાયણે અક્ષરબ્રહ્મના આ સ્વરૂપને નિરાકાર સ્વરૂપ તરીકે વર્ણવતા વચનામૃત ગ. પ્ર. પ્ર.ના ૨૧માં કહ્યું છે :- ''...એવો જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને, અર્ચિમાર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે; તે અક્ષરના બે સ્વરૂપ છે. એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ...''

૨) અક્ષરધામઃ અનંત અક્ષરમુક્તો સહિત શ્રીજી મહારાજને ધારી રહેલ ધામરૂપે...

ધામ એટલે રહેવાનું સ્થાન., **નિવાસસ્થાન.**

અક્ષરબ્રહ્મ એ પરબ્રહ્મને રહેવાનું સ્થાનરૂપ ધામછે.

અક્ષરબ્રહ્મનું આ સ્વરૂપ પરબ્રહ્મનું નિત્ય નિવાસસ્થાનરૂપ **બ્રહ્મમહોલ** છે.

જેમાં પરબ્રહ્મ પોતે, સેવકરૂપે મૂર્તિમાન અક્ષરબ્રહ્મ તથા અનંતકોટિ અક્ષરમુક્તો, દિવ્ય મૂર્તિમાન થકા સદૈવ વિરાજમાન છે. એવું અક્ષરબ્રહ્મનું આ સ્વરૂપ છે.

જેમ શ્રીકૃષ્ણનારાયણનું ગોલોક, શ્રી લક્ષ્મીનારાયણનું વૈકુંઠ, શ્રી નરનારાયણનું બદરિકાશ્રમ, શ્રી વાસુદેવનારાયણનું શ્વેતદ્વીપ ધામ છે, તેમ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણનું ધામ આ અક્ષરધામ છે.

આ વાતને સમજાવતા **ભગવાન શ્રી સ્વામિનારાયણ** વચનામૃતમાં કહે છે :-

''જે અક્ષરબ્રહ્મ છે તે તો એ ભગવાનને રહેવાનું ધામ છે.'' (વચ. પં. પ્ર. ૧)

''...અને એ સર્વેનું કારણ **અક્ષરબ્રહ્મ** છે અને તે અક્ષર તો પુરુષોત્તમભગવાનનું **ધામ** છે...'' (વચ.પ્ર.પ્ર. ૬૩)

અક્ષરબ્રહ્મનું આ સ્વરૂપ મૂર્તિમાન છે તેવું પણ શ્રીજીમહારાજ આ જ વચનામૃતમાં કહે છે કે, ''...અને એ અક્ષરની સંકોચ અને વિકાસ અવસ્થા થાતી નથી, સદાય એક રૂપે રહે છે અને તે અક્ષર મૂર્તિમાન છે...''

''...તેમ અક્ષરધામપણ મૂર્તિમાન છે પણ કોઈને નજરે આવે નહિ, તે શા માટે જે એવાં એવાં બ્રહ્માંડ એક એક રોમમાં અસંખ્યાત ઊડતાં જ ફરે છે એવડા મોટા છે...''

૩) અક્ષરધામમાં પરબ્રહ્મના સેવકરૂપે તથા મુક્તોને સત્સંગ કરાવવા માટે મૂર્તિમાન સ્વરૂપે...

અક્ષરબ્રહ્મ અક્ષરધામમાં મૂર્તિમાન અર્થાત્ મનુષ્યાકારે દિવ્યવિગ્રહ રૂપે પુરુષોત્તમનારાયણની સેવામાં સદાય રહે છે.

આ બાબતને શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા પ્રથમપ્રકરણના ૨૧માં સમજાવે છે :- ''...એ અક્ષર બીજેરૂપે કરીને પુરુષોત્તમનારાયણની સેવામાં રહે છે...''

અક્ષરધામમાં અક્ષરબ્રહ્મ મૂર્તિમાન સ્વરૂપે પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણની સેવામાં **મુખ્ય સેવક** તરીકે સદાય રહે છે. આ વાતનું સમર્થન આપતા ભગવાન શ્રી સ્વામિનારાયણની હજૂરી સેવામાં રહેલા **પાર્ષદ મોનજી ભગત** પોતાની **વાતો**માં જણાવે છે :-

''અક્ષરધામમાં મહારાજની સેવામાં મુખ્ય સેવક તરીકે **સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી** રહ્યા છે.''

વાત નં. ૧૨માં એવો ઉલ્લેખ છે કે એક વખત વડતાલથી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી ઉમરેઠ ગયા. ત્યાં સાધુ વિજ્ઞાનદાસજી પણ ધોલેરાથી દર્શન કરવા આવ્યા. વિજ્ઞાનદાસજી સ્વામીને અમદાવાદ નરનારાયણદેવના દર્શન કરવા જવું હતું તેથી ગોપાળાનંદ સ્વામી પાસે રજા માંગી ત્યારે સ્વામીએ એક દિવસ રોકાઈને જવા કહ્યું. રાત્રિએ વિજ્ઞાનદાસજી સ્વામી ધ્યાનમાં બેઠા ને સમાધિ થઈ ને મહારાજ પાસે અક્ષરધામમાં ગયા. ત્યાં નરનારાયણદેવના દર્શન થયા. નરનારાયણદેવ સ્વામીને ઊભા થઈને મળ્યા. નરનારાયણદેવ સ્વામીને હાથ ઝાલીને સભામાં મહારાજના દર્શને લઈ ગયા. મહારાજના દર્શન કરીને નરનારાયણ ભગવાન અદૃશ્ય થઈ ગયા. સ્વામીની સામે જોઈને પછી મહારાજે કહ્યું કે, ''તમે ક્યાંથી આવ્યા ?'' ત્યારે વિજ્ઞાનદાસજી સ્વામી બોલ્યા કે, ''હે મહારાજ ! હું ઉમરેઠમાં શ્રી ગોપાળાનંદ સ્વામી છે, ત્યાંથી દર્શન કરવા આવ્યો છું.'' આટલું કહ્યું ત્યાં સ્વામીને અદ્‌ભુત દર્શન થયા. મહારાજની બાજુમાં ઊભા રહીને ગોપાળાનંદ સ્વામી ચામરથી પવન નાંખતા હતા. મહારાજ ગોપાળાનંદ સ્વામીની સામું જોતા હતા. આ જોઈને વિજ્ઞાનદાસજીએ પણ ગોપાળાનંદ સ્વામીની સામું જોયું. પછી વળી બધા મુક્તો સામું જોયું એટલે પોતાના મનમાં એમ થયું કે, ''શ્રીજીમહારાજના **મુખ્ય સેવક** તો આ **ગોપાળાનંદ સ્વામી** છે.''

આ પ્રસંગ પરથી એ સિદ્ધ થાય છે કે અક્ષરધામમાં અક્ષરબ્રહ્મ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના સ્વરૂપે રહીને શ્રીજીમહારાજની હજૂરમાં સેવામાં રહ્યાં છે.

૪) આ લોકમાં પરબ્રહ્મની સાથે પધારેલ મૂળ અક્ષર... (ભક્ત સ્વરૂપે)

પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ જ્યારે અનંત જીવાત્માઓની આત્યંતિક મુક્તિ માટે આ લોકમાં પધારે છે ત્યારે પોતાની સાથે પોતાનું સમગ્ર ઐશ્વર્ય, પોતાનું ધામ તથા ધામના મુક્તો સહિત પધારે છે.

આ બાબતને સમજાવતા **શ્રીજીમહારાજ** વચનામૃત ગઢડા પ્રથમપ્રકરણના ૭૧માં કહે છે :-

''...ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે **અક્ષરધામ** અને ચૈતન્યમૂર્તિ એવા જે **પાર્ષદ** અને પોતાના જે સર્વે **ઐશ્વર્ય** તે સહિત જ પધારે છે...''

''...માટે ભગવાનના ભક્તને **ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી પર વિરાજમાન છે** એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી...''

આમ, શ્રીજીમહારાજના પણ અનેક વચનો એ સાબિત કરે છે કે અક્ષરધામ પણ મૂર્તિમંત સ્વરૂપે પરબ્રહ્મનો જ્યાં જ્યાં અવતાર થાય છે ત્યાં ત્યાં તેમની સેવામાં જાય છે.

હવે, અક્ષરબ્રહ્મના આ **ચતુર્થ અને અંતિમસ્વરૂપ વિષે અનેક ચર્ચાઓ** સંપ્રદાયમાં થાય છે. અને તેનો ઉકેલ લાવવો પણ આપણા માટે અશક્ય છે.

એક પ્રશ્ન થાય છે કે પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણની સાથે પધારેલ **અક્ષરધામનું મૂર્તિમંત સ્વરૂપ** તે કોણ ?

આનાં ઉત્તરો આપવા સંપ્રદાયના ઘણાં વિદ્વાન (?) પુરુષોએ પ્રયત્નો કર્યા છે અને આજે પણ શરૂ જ છે.

કોઈક આ પ્રશ્નનો ઉકેલ લાવતા એમ કહે છે કે મહારાજની સાથે આ લોકમાં પધારેલ અક્ષરધામ તે **સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી** હતા. કોઈક વળી મહારાજના સેવક પડછાયા સમાન **મૂળજી બ્રહ્મચારી**ને મૂળ અક્ષર તરીકે કહે છે, તો કોઈ વળી **સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી**ને મૂળ અક્ષરનો અવતાર માને છે, તો કેટલાક સમજુવર્ગ **સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી**ને **મૂળ અક્ષર** સમજે છે.

હવે આ પ્રશ્નનો ઉકેલ તો સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ જો ફરીવાર આ લોકમાં પધારીને ખુલાસો કરતા જાય તો થાય તેમ છે અને કાં તો અક્ષરધામમાં જઈને મહારાજને જ પૂછીએ તો આ પ્રશ્નનો ઉકેલ મળી શકે તેમ છે. તે વિના તો પોતપોતાની અંગત શ્રદ્ધા ને સમજણને આધારે સૌ કોઈ જુદા જુદા પાત્રને **'મૂળ અક્ષર'** તરીકે સ્વીકારે છે.

પરંતુ મૂળ અક્ષરમૂર્તિ ચાહે કોઈપણ હોય, બ્રહ્માનંદ સ્વામી હોય કે ચાહે મૂળજી બ્રહ્મચારી હોય કે ચાહે ગુણાતીતાનંદ સ્વામી

હોય યા તો ચાહે ગોપાળાનંદ સ્વામી હોય. જે કોઈ પણ હોય. **ભગવાન શ્રી સ્વામિનારાયણ ધારે તો સામાન્ય જીવાત્મા પણ મૂળ અક્ષરની સ્થિતિને પામી જાય.** ભગવાન શ્રીહરિ ધારે તો બ્રહ્માનંદ સ્વામી, મૂળજી બ્રહ્મચારી, ગુણાતીતાનંદ સ્વામી અથવા તો ગોપાળાનંદ સ્વામી પણ મૂળ અક્ષર સ્થિતિને પામી જાય છે. માટે પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે જેને કોઈને પણ મૂળ અક્ષર માનતા હોય તેનાથી કાંઈ તેના મોક્ષમાં ફેર પડતો નથી.

તેમ છતાંય સંપ્રદાયના ઈતિહાસના પાના ઉથલાવતા લીલાચરિત્રોના ગ્રંથોને ખોળતાં, સંપ્રદાયના વૃદ્ધ સંતોની વાતો સાંભળતા એવો ખ્યાલ આવી શકે કે, **શ્રીજીમહારાજની સાથે પધારેલ અક્ષરધામ તે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી** જ હોઈ શકે !!!

સદ્. અક્ષરાનંદ સ્વામી તેમની **વાતો**માં કહે છે :- "એક સમે શ્રીજીમહારાજે ગઢપુરમાં અક્ષરઓરડીમાં મુક્તાનંદ સ્વામી તથા શુકમુનિ તથા મૂળજી બ્રહ્મચારી તથા રતનજીભાઈ તથા મીંયાજીભાઈ આગળ વાત કરી જે, **આ ગોપાળાનંદ સ્વામી છે તે મૂળ અક્ષરનો અવતાર છે !"** (વાત. નં. ૬૮૭)

સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામીની વાતોમાં પણ **સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના નામનો ઉલ્લેખ** અન્ય મુક્તો કરતાં **વિશિષ્ટપણે** કરેલો છે :- "...કથા વાર્તા ભજન, સ્મરણ એ આદિક જે જે ક્રિયા કરીએ છીએ તે સર્વેને શ્રીજીમહારાજ જોઈ રહ્યા છે ને **અક્ષરધામના મુક્ત તથા ગોપાળાનંદ સ્વામી**ને આગળ મહારાજ વાત કરે છે જે એ બહુ સારું કરે છે..." (વાત. નં. ૧૭) તથા "...આજે પણ જે જે ભજન, સ્મરણ.... ને રાતે ઊઠીને ભગવાનનું ધ્યાન કરે છે.... તે સર્વેને શ્રીજીમહારાજ સાંભળે છે... ને બહુ રાજી થાય છે જે આ બહુ સારું કરે છે. એમ **સર્વે મુક્તને ને ગોપાળાનંદ સ્વામીને કહે છે ને સ્વામી પણ રાજી થાય છે.** (વાત. નં. ૧૮) આ રીતે મુખ્ય અક્ષરબ્રહ્મ તરીકે સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીનો **સ્પષ્ટ નિર્દેશ** કરેલો જણાય છે."

સ.ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામી પણ પોતાની વાતોમાં આજ વાત કરતા લખે છે :- "...અને અક્ષરઓરડીમાં મહારાજ પોતે મુક્તાનંદ સ્વામી, શુકમુનિ, મૂળજી બ્રહ્મચારી, રતજી, મીંયાજી વગેરે પાસે શ્રીમુખે કહેતા હતા કે, **ગોપાળાનંદ સ્વામી મૂળ અક્ષરનો અવતાર છે.** છેલ્લા પ્રકરણના એકવીસમા વચનામૃતમાં પણ આ વાત છે. તે શુદ્ધ સંપ્રદાયે કરીને જો સમજે તો સમજાય. વળી તે એવા હતા કે સઘળી ક્રિયામાં નિરંતર મહારાજને જ અક્ષરધામમાં દેખતા. તે જેમ ફાનસમાં દીવો દેખે તેમ સઘળા જીવો અને તેમાં રહેલા શ્રી પુરુષોત્તમનારાયણને પ્રત્યક્ષ દેખતા હતા..." (વાત નં. ૨૨૩)

સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી પણ **મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગોપાળાનંદ સ્વામીનો મહિમા** જાણતા હતા. તેથી જ તો જૂનાગઢ મંદિરની મહંતાઈ જ્યારે શ્રીજીમહારાજે સોંપી ત્યારે એક શરત કરી કે વર્ષમાં એક મહિનો ગોપાળાનંદ સ્વામી જો જૂનાગઢ મને સત્સંગ-કથાવાર્તાનો લાભ આપવા પધારે તો જૂનાગઢ મંદિરનું **મહંતપદ** સ્વીકારું.

આ વાતના પુરાવાઓ સંપ્રદાયના અનેક ગ્રંથોમાં મળે છે કે ગુણાતીતાનંદ સ્વામી ફક્ત આ એક જ શરતે જૂનાગઢ જવા તૈયાર થયા હતા. ગોપાળાનંદ સ્વામીનો મહિમા સમજ્યા સિવાય આવું માંગી શકાય તેમ નથી.

સદ્. નિર્ગુણદાસજી સ્વામી **૨૨૮મી વાત**માં લખે છે :- "...ગુણાતીતાનંદ સ્વામી ચારમાં (સનકાદિકમાં) મોટા સનકાદિકનો અવતાર છે, એમ ગોપાળાનંદ સ્વામી કહેતા હતા..."

હવે, અમુક સમજુ સત્સંગીઓની સમજણ પ્રમાણે ગુણાતીતાનંદ સ્વામી જ મૂળ અક્ષરનો અવતાર હોય તો જેમને ભગવાન શ્રીહરિએ **સત્સંગના રખેવાળ** તરીકે બંને આચાર્ય મહારાજશ્રીઓના કાંડા સોંપ્યા હતા અને આચાર્યશ્રીની આજ્ઞામાં સારાંય સંપ્રદાયના ત્યાગી-ગૃહી આશ્રિત વર્ગને **વર્તાવવાની જવાબદારી** સોંપી હતી તેવા ગોપાળાનંદ સ્વામી ઉપરોક્ત વાત ન કહેત.

શ્રીજીમહારાજની હજૂરી સેવામાં રહેલા **પાર્ષદ મોનજી ભગત** તેમની વાતોમાં **૯મી વાત**માં કહે છે :- "મહારાજે જ્યારે દેહોત્સર્ગ કરવાનો સંકલ્પ કર્યો ત્યારે બંને આચાર્ય મહારાજશ્રી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, ભાઈ આત્માનંદજી,



ભાઈ સ્વંયપ્રકાશાનંદજી સ્વામી, આનંદાનંદ સ્વામી, શુકમુનિ, ગુણાતીતાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, કપિલેશ્વરાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, પરમાનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી આદિક સદ્‌ગુરુઓ સમસ્ત તથા બ્રહ્મચારી મુકુંદાનંદજી, વાસુદેવાનંદજી વગેરે બ્રહ્મચારી તથા શ્રીપાત્ દેવાનંદ સ્વામી વગેરે સંન્યાસી તથા ભગુજી તથા મીંયાજી તથા રતનજી વગેરે પાર્ષદો તથા દાદાખાચર તથા મયારામભટ્ટ વગેરે સત્સંગીઓ આગળ કરી હતી કે, **'આ ગોપાળાનંદ સ્વામી તો મૂળ અક્ષર છે. અને એ ચાર રૂપે કરીને અમારી સેવા કરે છે.** તે ચાર રૂપ ક્યા ? તો એક તો અક્ષરધામમાં મૂર્તિમાન થકા અમારી સેવા કરે છે તથા અનંતકોટિ મુક્તને અમારો મહિમા નિરંતર કહે છે, એ **પ્રથમનું રૂપ** છે. અને જે ધામરૂપે કરીને અનંતકોટિ મુક્તને ધારી રહ્યા છે એ **બીજું રૂપ** છે. અને જેને આધારે અનંતકોટિ બ્રહ્માંડ રહ્યાં છે એ (સચ્ચિદાનંદ તેજ રૂપે) **ત્રીજું રૂપ** છે. અને આ મનુષ્યરૂપે પ્રગટ દેખાય છે ને જેને અમે સર્વ સત્સંગમાં મોટેરા કરી મૂકતા જઈએ છીએ, એ **ચોથું રૂપ** છે.''

આમ કહીને તમામ સંતો તથા સત્સંગીઓને **ગોપાળાનંદ સ્વામી બંને આચાર્યોની આજ્ઞામાં જેમ વર્તવે તેમ વર્તવાની આજ્ઞા** કરી.''

આ રીતે સત્સંગના અનેક પ્રસિદ્ધ ઈતિહાસો, લીલાચરિત્રો તથા સ્વામીએ બતાવેલા **અસાધારણ ઐશ્વર્યો** જોતા ખ્યાલ આવે છે કે **અક્ષરબ્રહ્મનું મૂર્તિમંત મનુષ્યાકાર સ્વરૂપ** તે જ **ગોપાળાનંદ સ્વામી** રૂપે શ્રીજીમહારાજની સાથે આ લોકમાં પધાર્યું હતું.

જેમ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ ધામનો ત્યાગ કર્યા વગર જ્યાં પ્રકાશવું ઘટે ત્યાં પોતાના સંકલ્પથી ઐશ્વર્યે કરીને નટની માયાની જેમ જણાય છે, તેમ અક્ષરબ્રહ્મ પણ ધામમાં ભગવાનની સેવામાં રહ્યા થકા પુરુષોત્તમનારાયણની સેવામાં આ લોકમાં પણ પધારે છે. **પરબ્રહ્મની માફક અક્ષરબ્રહ્મ પણ અનંતરૂપ ધારણ કરી શકે છે,** અનંતરૂપે દેખાય છે. આ લોકમાં તે સામાન્ય મનુષ્ય કે સાધુ જેવા દેખાય, તેમ છતાં તેમાં અપાર ઐશ્વર્ય-સામર્થ્ય-શક્તિ રહેલા છે. તેમની દેહ ધરવાની, દેહ મૂકવાની રીત અલૌકિક છે, પરંતુ કાળ-કર્મ અને માયાને આધીન નથી. અક્ષરધામમાં જે પોતાનું સ્વરૂપ છે અને આ લોકમાં જે સ્વરૂપ છે તે બંને તત્ત્વતઃ એકજ છે, તેમાં કોઈ પ્રકારનો ભેદ નથી.

અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ વચ્ચે સમાનતા (સાધર્મ્ય) :

પરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મ આ બંને તત્ત્વોના કેટલાક **એક સમાન ગુણધર્મો** છે. જેમકે -

- બંને અનાદિકાળથી માયાથી પર છે.

"...અને જે માયા છે, તે ત્રિગુણાત્મિકા છે ને અંધકાર રૂપ છે ને શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ છે, અને આ જીવને દેહ તથા દેહના જે સંબંધી તેમને વિષે અહંમમત્વની કરાવનારી છે, એમમાયાને જાણવી..."

(શિક્ષાપત્રી - શ્લોક : ૧૦૬)

- બંને એક અને અદ્વિતીય છે.

- બંનેને કાળ-કર્મ ને માયા કંઈ પણ કરવા સમર્થ નથી, પરંતુ બંને પોતાના સંબંધમાં આવતા તમામને માયાથી પર કરી શકે છે.

- બંને સૃષ્ટિ કાર્યમાં સીધા જોડાતા નથી. તેમના સંકલ્પ અને અનુપ્રવેશથી જ મૂળપુરુષ માયા સાથે જોડાઈને સૃષ્ટિ કરે છે.

- બંને અક્ષરધામમાં રહ્યા થકા જ અનંત જીવોના આત્યંતિક કલ્યાણાર્થે અનંતકોટિ બ્રહ્માંડમાં મનુષ્યરૂપે પ્રગટ થાય છે. છતાં બંને સાકરના નાળિયેરની જેમ સચ્ચિદાનંદરૂપ દિવ્ય છે.

અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ વચ્ચે વિષમતા (ભેદ) :

પરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મના સ્વરૂપને વિષે અનેક પ્રકારનું સામ્ય હોવા છતાં બંને ભિન્ન તત્ત્વો હોવાને લીધે બંને વચ્ચે ઘણી **અસમાનતા** પણ છે. જેમ કે -

- બંને તત્ત્વની દૃષ્ટિએ અને સ્વરૂપની દૃષ્ટિએ પણ ભિન્ન છે. (વચ. ગ.પ્ર.૭, મ.પ્ર. ૩, અં.પ્ર. ૧૦)

- અક્ષરબ્રહ્મ તત્ત્વથી અને સ્વરૂપથી પરબ્રહ્મથી ભિન્ન હોવાને લીધે તે ક્યારેય તત્ત્વતઃ પરબ્રહ્મ બની શકે જ નહિ. (વચ. કા.પ્ર. ૮, ૧૦, લો.પ્ર. ૪)

- અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ વચ્ચેનો ભેદ અનાદિ, અનંત અને શાશ્વત છે.

- આ લોકમાં અને અક્ષરધામમાં પણ બંને વચ્ચે **સ્વામી-સેવકપણાનો ભેદ** રહે જ છે.

- અક્ષરબ્રહ્મ સર્વત્ર અને સદૈવ પરબ્રહ્મના ભક્ત, સેવક, ઉપાસક છે. જ્યારે પરબ્રહ્મ તેના ઈષ્ટદેવ, સ્વામી અને ઉપાસ્ય છે.

- પરબ્રહ્મ અક્ષરના પણ કારણ, આધાર અને પ્રેરક છે. (વચ. ગ.મ.પ્ર. ૩)

- પરબ્રહ્મ અક્ષરના પણ **નિયંતા** છે, ભગવાન છે, **ઉપાસ્ય** છે, **સ્વામી** છે, જ્યારે અક્ષર **સેવક** છે, **દાસ** છે, ભક્ત છે, **ઉપાસક** છે. (વચ. ગ. અં. પ્ર. ૩૮)

- પરબ્રહ્મ અક્ષરના શરીરી (આત્મા) છે અને અક્ષર તો પરબ્રહ્મનું શરીર છે.

(વચ. ગ. પ્ર. ૬૪, ૭૨. કા. પ્ર. ૮. લો. પ્ર. ૯, ૧૦)

- પરબ્રહ્મ અક્ષરના વ્યાપક છે, જ્યારે અક્ષર પરબ્રહ્મના વ્યાપ્ય છે. (વચ. ગ.પ્ર. ૭, ૬૪. સા. પ્ર. ૫)

- અક્ષરબ્રહ્મ ધામરૂપે હોવાથી **પરબ્રહ્મનું નિવાસસ્થાન** છે. જ્યારે પરબ્રહ્મ તો અક્ષરના માલિક છે, ધણી છે, અધિપતિ છે.

- પરબ્રહ્મમાં રહેલ ઐશ્વર્ય, સામર્થ્ય, કર્તૃત્વ, નિયંતૃત્વ તથા અનંત કલ્યાણકારી ગુણો કોઈને આધીન નથી. પરંતુ અક્ષરબ્રહ્મના બધાજ ગુણો **પરબ્રહ્મને આધીન** છે.

- અક્ષરબ્રહ્મ ચિદાકાશરૂપે અનંતકોટિ બ્રહ્માંડને ધારવા અને ધામરૂપે પરબ્રહ્મ અને અનંતકોટિ અક્ષરમુક્તોને ધારવા સમર્થ હોવા છતાં તે પરબ્રહ્મની તુલનામાં અતિ અસમર્થ અને પરતંત્ર છે, જ્યારે પરબ્રહ્મ અક્ષરબ્રહ્મની તુલનામાં અતિશય સમર્થ અને સ્વતઃ સ્વતંત્ર છે. (વચ. ગ. પ્ર. ૬૪)

- પરબ્રહ્મ અક્ષરબ્રહ્મને પણ લીન કરીને પોતે સ્વરાટ્ થકા એકલા જ વિરાજમાન રહે અને પોતાને મનમાં આવે તો અક્ષરધામવિના પણ અનંતકોટિ મુક્તોને પોતાને ઐશ્વર્યે કરીને ધારવા સમર્થ છે. (વચ. લો. પ્ર. ૧૩)

અહીં અક્ષરબ્રહ્મને લીન કરે, એ વચનનું તાત્પર્ય એવું લઈ શકાય કે પંચાળાના ૭માં વચનામૃત પ્રમાણે પરબ્રહ્મ પોતાના તેજ-સામર્થ્યે કરીને અક્ષરબ્રહ્મના તેજ-સામર્થ્યને દાબીને, ઢાંકીને કે લીન કરીને તેમના દ્વારા સ્વરાટ્ થકા પોતે જ કાર્ય કરે છે. પરબ્રહ્મમાં આવું જે **અસાધારણ લક્ષણ** છે તે અક્ષરબ્રહ્મમાં નથી. તેથી અક્ષરબ્રહ્મ પોતાના તેજે કરીને પરબ્રહ્મના તેજ-સામર્થ્યને લીન કરી શકે નહિ. પરબ્રહ્મનું તેજ અક્ષરબ્રહ્મના તેજથી અનંત અપાર છે.

૩. માયા

શ્રી સ્વામિનારાયણીય નવ્ય વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં પાંચ અનાદિ તત્ત્વોમાં **ત્રીજું અનાદિ તત્ત્વ** માયા છે, જેનાથી વિસ્મયકારી અને વિચિત્ર સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. તેથી તેને **માયા, મૂળમાયા** કે **મહામાયા** કહેવામાં આવે છે. અને તે જ્ઞાનની વિરોધી હોવાથી તેને **અવિદ્યા** કહેવામાં આવે છે. પ્રધાનાદિક સર્વે જડ તત્ત્વોનું મૂળ કારણ હોવાથી તેને **પ્રકૃતિ** કે **મૂળપ્રકૃતિ** પણ કહેવામાં આવે છે.

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી 'શ્રી સત્સંગિજીવન' ગ્રંથમાં **માયાનું લક્ષણ** જણાવતાં લખે છે :-

'जन्मक्षेत्रं च जीवानामनादिश्चिज्जडात्मिका ।
तमोमयी हरेः शक्तिः कार्यकारणरूपिणी ॥
गुणत्रयात्मिका चाजा या चोक्ताऽज्ञानसंज्ञिका ।
सा मायेति त्वया ज्ञेया यां तरन्त्याश्रिता हरेः ॥'

"માયા જીવાત્માની ઉત્પત્તિ (અર્થાત્ જન્મ)ના ક્ષેત્રરૂપ છે. અનાદિ છે. જડચિદાત્મક છે. ગાઢ અંધકારરૂપ છે. ભગવાન શ્રીહરિની શક્તિ સ્વરૂપા છે. કાર્યકારણ સ્વરૂપા છે. ત્રિગુણાત્મિકા છે. અજન્મા

છે. અજ્ઞાન સ્વરૂપા છે. આ પ્રકારની જે માયા તેને ભગવાન શ્રીહરિનો આશ્રય કરનારા જ તરી શકે છે.'' (શ્રી સત્સંગિજીવન : ૧/૫૧/૩૦-૩૧)

ભગવાન શ્રી સ્વામિનારાયણ **માયાનું સ્વરૂપ** વર્ણવતાં શિક્ષાપત્રીમાં લખે છે :-

'त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देहतदीययोः ।
जीवस्य चाहंममताहेतुर्मायाऽवगम्यताम् ॥'

અને જે માયા છે, તે ત્રિગુણાત્મિકા છે ને અંધકાર રૂપ છે ને શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ છે, અને આ જીવને દેહ તથા દેહના જે સંબંધી તેમને વિષે અહંમમત્વની કરાવનારી છે, એમ માયાને જાણવી. (શિક્ષાપત્રી - શ્લોક : ૧૦૬)

વળી, શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે :- ''તે જે પ્રકૃતિ (માયા) છે તે ત્રિગુણાત્મક છે ને જડ ચિદાત્મક છે ને નિત્ય છે ને નિર્વિશેષ છે, અને મહદાદિક સમગ્ર તત્ત્વ અને જીવમાત્ર તેનું ક્ષેત્ર છે, અને ભગવાનની શક્તિ છે.'' (વચ. ગ. પ્ર. પ્ર. ૧૨)

હવે આપણે પ્રકૃતિ (માયા)ના આ ઉપરોક્ત **લક્ષણો** સમજીએ :-

માયા : ત્રિગુણાત્મિકા

મૂળ કારણરૂપ કે કાર્યરૂપ માયામાં સત્ત્વ, રજ અને તમઆ ત્રણ ગુણ અપૃથક્‌સિદ્ધ સંબંધથી રહેલા છે. તેથી માયા **ત્રિગુણાત્મક** છે.

માયા : જડચિદાત્મક

મૂળમાયા સ્વરૂપતઃ તો જડ જ છે, પરંતુ મૂળમાયામાં ચૈતન્ય ધર્મવાળા અનંતજીવો અને ઈશ્વરો લીનાવસ્થામાં રહેલા હોવાથી તેને **જડચિદાત્મક** કહેલ છે.

માયા : નિત્ય

મૂળમાયા અનાદિ અને અનંત હોવાથી તેની ક્યારેય ઉત્પત્તિ થઈ નથી, કે ક્યારેય તેનો આત્યંતિક નાશ થવાનો નથી. વળી, અદ્વૈત દર્શનની જેમ માયા મિથ્યા ન હોવાથી તે બાધિત પણ થતી નથી. તેથી તે **નિત્ય** અને સનાતન તત્ત્વ છે.

મૂળમાયા નિત્ય હોવા છતાં તે પરિવર્તનશીલ કે પરિણામ શીલ જરૂર છે, તેથી પરિણામી નિત્ય તત્ત્વ છે. છતાં તેનો આત્યંતિક ઉચ્છેદ કે નાશ ક્યારેય થતો નથી. આ મૂળમાયા કે મૂળપ્રકૃતિ નિત્ય છે, પરંતુ મહદાદિક વિકારો તો અનિત્ય છે. ઉત્પત્તિ કાળે તેની ઉત્પત્તિ થાય છે, પ્રલયકાળે તેનો નાશ થાય છે.

માયા : નિર્વિશેષ

માયાના મૂળ સ્વરૂપમાં પૃથ્વી આદિક વિશેષો ન હોવાથી તેને **નિર્વિશેષ** કહી છે, તે અવ્યક્ત અને સૂક્ષ્મરૂપ છે. માયાની આ અવસ્થામાં તેને વિષે પોતપોતાના કારણ દેહથી યુક્ત એવા અનંતજીવો અને ઈશ્વરો લીનતાને પામીને અવ્યક્તરૂપે રહેલા હોય છે.

માયા : ભગવાનની શક્તિ

માયાને ભગવાનની જે **શક્તિ** કહી છે, તે તો જગતના સર્જનાદિક કાર્યમાં સહાયરૂપ ઉપયોગી સાધનના અર્થમાં કહી છે. પરંતુ માયા પણ પોતાનું સ્વતંત્ર વર્ચસ્વ ધરાવતી નથી. તેની જે જે કાંઈ શક્તિ છે તે પરબ્રહ્મને આધીન છે.

માયા : વિસ્મયકારિણી

માયામાં આકર્ષણ, મોહ, આસક્તિ અને બંધન કરવું વગેરે ગુણો હોવાથી તેને **વિસ્મયકારિણી** કહી છે. વળી, મૂળપ્રકૃતિ પોતાના ગર્ભમાંથી અસંખ્યાત પ્રધાનપ્રકૃતિઓ, અનંત બ્રહ્માંડો, અનંત પ્રકારના આશ્ચર્યો, ભ્રમ, મોહ અને આકર્ષણ પમાડે તેવા ભોગ-વિલાસો ઉત્પન્ન કરતી હોવાથી માયાની પ્રવૃત્તિને ઈન્દ્રજાળ જેવી કરામતકારી, વિસ્મયકારિણી કહી છે.

માયા : તમોમયી (અંધકારરૂપ)

માયાનું એક લક્ષણ **અંધકારરૂપ** છે. માયાના આ આવરણને કારણે જ જીવ-ઈશ્વરોને પોતાના સ્વરૂપનું કે બ્રહ્મ-પરબ્રહ્મના પરોક્ષ યા પ્રત્યક્ષ સ્વરૂપનું પણ યથાર્થ જ્ઞાન થઈ શકતું નથી.

અંધકારરૂપ આ માયા, અવિદ્યા કે અજ્ઞાનમય કારણદેહ રૂપે કે અવ્યાકૃત શરીરરૂપે અનાદિકાળથી જ જીવો-ઈશ્વરો સાથે વળગે છે. જીવ-ઈશ્વરોના બંધન, દુઃખ અને સંસૃતિનું મૂળભૂત કારણ જ તમોરૂપ આ અજ્ઞાન, અવિદ્યા કે માયા છે.

૪. ઈશ્વર

શ્રી સ્વામિનારાયણીય નવ્ય વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં નિત્ય તત્ત્વ ચોથું **'ઈશ્વર'** છે.

અન્ય ચાર તત્ત્વોની જેમ આ પણ વાસ્તવિક, સ્વાભાવિક અને પારમાર્થિક તત્ત્વ છે. આ તત્ત્વ અનાદિ અને અનંત છે અર્થાત્ તેની ઉત્પત્તિ થતી નથી કે તેનો નાશ પણ થતો નથી.

જગતની ઉત્પત્તિ, સ્થિતિ કે પ્રલય અવસ્થામાં અથવા તો ઈશ્વરની પોતાની બદ્ધ કે મુક્ત સ્થિતિમાં પણ તેનું અસ્તિત્વ અને વ્યક્તિત્વ હંમેશા જળવાઈ જ રહે છે. (વચ. ગ. પ્ર.૭, ગ. અં. પ્ર. ૧૦)

પ્રલયકાળે પોતપોતાના અવ્યાકૃત દેહથી યુક્ત થકા માયામાં લીન હોય છે. ભગવાનની ઈચ્છાથી સૃષ્ટિકાળે જગતના સર્જનાદિક કાર્યમાં કાર્યરત થાય છે. (વચ. ગ. અં. પ્ર. ૧૦)

આ રીતે જ્યાં સુધી ઈશ્વરો માયાથી મુક્ત નથી થતાં ત્યાં સુધી જગતના ઉત્પત્તિ આદિક કાર્યમાં ભગવાનના સંકલ્પથી જોડાય છે, માયામાં લીન થાય છે, અને પુનઃ કાર્યમાં જોડાય છે. (વચ. ગ. મ. પ્ર. ૩૧)

જ્યારે અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મના સાક્ષાત્ સંબંધથી ઈશ્વરો માયાના ભાવથી મુક્ત થાય છે ત્યારે અક્ષરધામમાં અક્ષરમુક્તની પંક્તિમાં ભળીને પુરુષોત્તમનારાયણના સાંનિધ્યમાં પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણના દર્શન સુખમાં જ નિમગ્ન રહે છે. આમ, ઈશ્વર(વૈરાજપુરુષ)નું વ્યક્તિગત અસ્તિત્વ અને વ્યક્તિત્વ તો કોઈપણ અવસ્થામાં અનાદિ, નિત્ય



"...અને જે જીવ છે તે હૃદયને વિષે રહ્યો છે ને અણુ સરખો સૂક્ષ્મછે ને ચૈતન્યરૂપ છે ને જાણનારો છે, અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખાપર્યંત સમગ્ર પોતાના દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે, અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, ઇત્યાદિક છે લક્ષણ જેનાં એવો જીવ છે એમજાણવો..."

(શિક્ષાપત્રી - શ્લોક : ૧૦૫)

રહે છે.

ઈશ્વરો સ્વરૂપ સ્વભાવે કરીને તો શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સત્તારૂપ, જ્ઞાનરૂપ, સુખરૂપ, અમાયિક તથા સચ્ચિદાનંદરૂપ છે; પરંતુ તેઓ અનાદિ મહામાયાથી વેષ્ટિત હોવાને લીધે તેમને પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતો નથી. જ્યારે તેઓ માયાના ભાવથી મૂકાય છે ત્યારે જ તેમને પોતાના સ્વરૂપનો યથાર્થ અનુભવ થાય છે.

ઈશ્વરો અને જીવો વચ્ચેનો ભેદ :-

જીવ અને ઈશ્વર વચ્ચેના ભેદની સ્પષ્ટતા કરતા શ્રીજીમહારાજ વચનામૃત પંચાળા પ્રકરણના બીજામાં કહે છે :- "ઈશ્વરના દેહમાં જે પંચભૂત રહ્યા છે, તેની **મહાભૂત** એવી સંજ્ઞા છે ને તે ભૂત સર્વ જીવોના દેહોને ધારી રહ્યાં છે. અને જીવના દેહમાં જે પંચભૂત છે તે અલ્પ છે, બીજાને ધારવાને સમર્થ નથી, અને જીવ છે તે **અલ્પજ્ઞ** છે ને ઈશ્વર છે તે **સર્વજ્ઞ** છે. એવી રીતે યુક્તિ શીખીને જીવ-ઈશ્વરને વિષે સમપણું ન સમજવું."

વળી, ઈશ્વરની આયુષ્ય જીવની અપેક્ષાએ ઘણી વધારે છે. જીવ અલ્પજ્ઞ છે, જ્યારે ઈશ્વર સર્વજ્ઞ છે છતાં ઈશ્વરો પણ માયાથી બદ્ધ હોવાથી તેમની જ્ઞાતૃત્વશક્તિ સીમિત તો છે જ.

ઈશ્વરો પોતાના શાસનહેઠળ જે બ્રહ્માંડ હોય તેમાં જેવો દેહ ધારણ કરવો હોય તેવો દેહ ધારણ કરી શકવાનું સામર્થ્ય ધરાવે છે. જ્યારે સામાન્યપણે જીવોમાં આવું સામર્થ્ય હોતું નથી.

વચનામૃત સારંગપુર પ્રકરણના છઠ્ઠામાં ભગવાન શ્રી સ્વામિનારાયણે જીવ-ઈશ્વર વચ્ચેનો ભેદ સ્પષ્ટપણે સમજાવ્યો છે, તે નીચે પ્રમાણે છે.

		:: જીવ ::	:: ઈશ્વર ::
સત્ત્વગુણ પ્રધાન :-	દેહ	- સ્થૂળ	- વિરાટ
	અવસ્થા	- જાગ્રત	- સ્થિતિ
	સંજ્ઞા	- વિશ્વાભિમાની	- વૈરાજ (વૈશ્વાનર)
રજોગુણ પ્રધાન :-	દેહ	- સૂક્ષ્મ	- સૂત્રાત્મા
	અવસ્થા	- સ્વપ્ન	- ઉત્પત્તિ
	સંજ્ઞા	- તૈજસાભિમાની	- હિરણ્યગર્ભ
તમોગુણ પ્રધાન :-	દેહ	- કારણ	- અવ્યાકૃત
	અવસ્થા	- સુષુપ્તિ	- પ્રલય
	સંજ્ઞા	- પ્રાજ્ઞાભિમાની	- ઈશ્વર

ઈશ્વરો કોણ અને કેટલાં ? :-

સંખ્યાની દૃષ્ટિએ જીવની જેમઈશ્વરો (મુખ્યત્વે વૈરાજ પુરુષો) પણ અસંખ્યાત અર્થાત્ અનંત અપાર છે.

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના ૨૧ તથા ૩૧ના આધારે તથા (સ.જી. : ૧/૧/૫-૬-૯-૧૦) તથા (વાસુદેવ માહાત્મ્ય : ૨૪/૭૦-૭૧)ના આધારે કહી શકાય કે દરેક બ્રહ્માંડના બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, (દેવ+ઈશ્વર=નિમ્ન ઈશ્વરકોટિ), વૈરાજપુરુષ, અનિરૂદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ તથા પ્રધાનપુરુષ (ઉચ્ચતમ ઈશ્વરકોટિ) **ઈશ્વર ચૈતન્ય** છે.

વળી, કૃષ્ણનારાયણ, લક્ષ્મીનારાયણ, વાસુદેવનારાયણ,

નરનારાયણ અને વિરાટપુરુષ દ્વારા થતાં સર્વે **અવતારોના ચૈતન્યો** પણ ઈશ્વરકોટિનાં છે. (નાના-મોટા દરેક અવતારોમાં અવતારીનો આવિર્ભાવ ન્યૂનાધિક ભાવે થતો હોવાથી તે અવતારો પોતાના દ્વિચૈતન્ય ગણાય છે, જ્યારે અવતારી **પુરુષોત્તમનારાયણ** તો અક્ષરધામમાં સદાય સ્વયં અને **અદ્વિતીય મૂર્તિ** જ વિરાજમાન છે.)

તદુપરાંત સાત્ત્વિક અહંકારમાંથી ઉત્પન્ન થયેલા **ઇન્દ્રિયો-અંતઃકરણના દેવતાઓ** પણ ઈશ્વરકોટિનાં ચૈતન્યો છે. જેમકે-

	:: ઇન્દ્રિય ::	:: દેવતા ::
અંતઃકરણ :-	- મન	- અનિરુદ્ધ (ચંદ્ર)
	- બુદ્ધિ	- પ્રદ્યુમ્ન (બ્રહ્મા)
	- ચિત્ત	- વાસુદેવ
	- અહંકાર	- સંકર્ષણ (રુદ્ર)
જ્ઞાનેન્દ્રિયો :-	- શ્રોત્ર	- દિગ્પાલ
	- ત્વક્	- વાયુ
	- ચક્ષુ	- સૂર્ય
	- રસના	- વરુણ
	- ઘ્રાણ	- અશ્વિનીકુમાર
કર્મેન્દ્રિયો :-	- વાક્ (વાણી	- અગ્નિ
	- પાણિ (પાણી	- ઈન્દ્ર
	- પાદ (પગ)	- વિષ્ણુ
	- પાયુ (મળદ્વાર)	- યમ
	- ઉપસ્થ (મૂત્રદ્વાર)	- પ્રજાપતિ

આ ઈશ્વરોમાં જે કાંઈ સત્તા, ઐશ્વર્ય, સામર્થ્ય, કર્તૃત્વ અને સર્વજ્ઞત્વાદિક ગુણો છે, તે સર્વે પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણને આધીન છે. તેઓ જીવ કરતા વિશેષ સમર્થ હોવા છતાં અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ આગળ તો અતિ અસમર્થ છે.

ઈશ્વરોનું આયુષ્ય દરેક બ્રહ્માંડના આયુષ્ય (દ્વિપરાર્ધકાળ) જેટલું હોય છે. પ્રત્યેક બ્રહ્માંડના પ્રાકૃત પ્રલય વખતે ઈશ્વરોનું આયુષ્ય પૂરું થતાં સર્વે ઈશ્વરો સ્થૂળદેહનો ત્યાગ કરીને અવ્યાકૃત શરીર સાથે મહામાયામાં લીન થઈ જાય છે. પુનઃ સૃષ્ટિ સમયે ઉત્પન્ન થઈને સૃષ્ટિકાર્યમાં જોડાય છે.

ઈશ્વરો **પોતાના આત્યંતિક કલ્યાણ માટે** પૃથ્વી પર જન્મ લઈ શ્રવણ-મનનાદિ સાધનો દ્વારા **બ્રહ્મ-પરબ્રહ્મના સંગે** માયા પર થઈ **અક્ષરમુક્તની પંક્તિમાં ભળે છે.** જ્યાં સુધી ઈશ્વરોનું આત્યંતિક કલ્યાણ ન થાય ત્યાં સુધી જીવોની જેમ ઈશ્વરનું પણ આ સૃષ્ટિમાં આવાગમન ચાલું રહે છે.



૫. જીવ

શ્રી સ્વામિનારાયણીય **નાદ્ય** **વિશિષ્ટાદ્વૈત** સિદ્ધાંતમાં પાંચમું નિત્ય તત્ત્વ 'જીવ' છે. તે અન્ય ચાર તત્ત્વોથી તદ્દન ભિન્ન છે. તેના આ ભેદ કોઈપણ અવસ્થામાં જળવાઈ રહે છે, કારણ કે તે સ્વરૂપતઃ વાસ્તવિક, પારમાર્થિક અને ત્રિકાલાબાધિત એવું સત્ તત્ત્વ છે. તે અનાદિ છે એટલે કે તેની કદી ઉત્પત્તિ થતી નથી. તેમજ તે **અનંત છે એટલે કે તેનો કદાપિ** નાશ થતો નથી. આમ, તે અજન્મા, અજર, અમર, અવિનાશી નિત્ય તત્ત્વ છે.

શિક્ષાપત્રીમાં **જીવનું સ્વરૂપ** આ રીતે વર્ણવવામાં આવ્યું છે :-

'હૃત્સ્થોઽણુસૂક્ષ્મશ્ચિદ્રૂપો જ્ઞાતા વ્યાપ્યાખિલાં તનુમ્ ।
જ્ઞાનશક્ત્યા સ્થિતો જીવો જ્ઞેયોઽચ્છેદ્યાદિલક્ષણઃ ।।'

અને જે જીવ છે તે હૃદયને વિષે રહ્યો છે ને અણુ સરખો સૂક્ષ્મછે ને ચૈતન્યરૂપ છે ને જાણનારો છે, અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખાપર્યંત સમગ્ર પોતાના દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે, અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, ઈત્યાદિક છે લક્ષણ જેનાં એવો જીવ છે એમ જાણવો.

(શિક્ષાપત્રી - શ્લોક : ૧૦૫)

- ભગવાન શ્રી સ્વામિનારાયણે જીવાત્માને ગ. પ્ર. ૨૦માં તથા અંત્ય. પ્ર. ૪, ૩૯માં વચનામૃતમાં પ્રકાશરૂપ, પ્રકાશમાન અને તેજસ્વી કહ્યો છે.

- વચ. ગ. પ્ર. ૨ ૩માં ત્રણ અવસ્થા ને ત્રણ દેહથી પર, ભિન્ન છે એમ કહ્યું છે.

- વચ. ગ. પ્ર. ૭ ૩માં **સચ્ચિદાનંદ** છે એમ કહ્યું છે.

- વચ. સા. ૧૨ તથા લોયા. ૧૭માં અચ્છેદ્ય, અભેદ્ય, અજર, અમર, અવિનાશી છે એમ કહ્યું છે.

- વચ. સા. ૧૯માં શુદ્ધ, નિર્વિકારી, ગુણાતીત છે એમ કહ્યું છે.

- વચ. સા. ૧ તથા લોયા. ૧૦માં **આનંદ-સુખરૂપ** છે એમ કહ્યું છે.

- વચ. સા.૧૨ તથા મ. પ્ર. ૬૬માં આત્મા જ્ઞાનરૂપ, ચૈતન્યરૂપ છે એમ કહ્યું છે.

- વચ. લો. ૧૦ તથા પં. પ્ર. ના ૩માં **ચેતન** છે એમ કહ્યું છે.

- વચ. પં. પ્ર. ૩જામાં અલિંગ, અરૂપ છે એમ કહ્યું છે.

- વચ. મ. પ્ર. ૪૫ તથા ૫૭માં માયાના ત્રણ ગુણ, દશ ઈન્દ્રિયો, દશ પ્રાણ, ચાર અંતઃકરણ, પંચભૂત, પંચવિષય અને ચૌદ ઈન્દ્રિયોના દેવતા એ સર્વે માયિક ઉપાધિ અને આવરણથી રહિત **સત્તામાત્ર** છે એમ કહ્યું છે.

- વચ. અં. પ્ર. ૨૨માં જીવ પુરુષ પણ નથી, સ્ત્રી પણ નથી, પરંતુ **સત્તામાત્ર ચૈતન્ય** છે એમ કહ્યું છે.

- વચ. અં. પ્ર. ૩૯માં જીવાત્મા બ્રાહ્મણ નથી, ક્ષત્રિય નથી,

કણબી નથી, કોઈનો દીકરો નથી, કોઈનો બાપ નથી, એની કોઈ જાત નથી, નાત નથી એમક હ્યું છે.

- વચ. સા. ૧૧ તથા મ. પ્ર. ૬૬માં તથા વર. પ્ર. ૬માં જીવ અનાદિ અજ્ઞાન-માયારૂપ કારણ દેહથી યુક્ત છે એમ કહ્યું છે.

જીવ અનેક છે...

ભગવાન શ્રી સ્વામિનારાયણના નવ્ય વિશિષ્ટાદ્વૈતને મતે **જીવોની સંખ્યા** અનંત-અપાર છે.

વચ. ગ. પ્ર. ૧૨માં **શ્રીજીમહારાજ** કહે છે :- "...જ્યારે એ સર્વે બ્રહ્માંડનો પ્રલય થાય છે ત્યારે જે સર્વે જીવ છે તે તો માયાને વિષે રહે છે..."

વચ. અં. પ્ર. ૩૭માં કહે છે :- "...અને એ ભગવાન છે તે પોતાના ધામરૂપ એક દેશને વિષે રહ્યા થકા જ અન્વયપણે અનેક બ્રહ્માંડને વિષે રહ્યા જે સર્વે જીવના સમૂહ, તેમને વિષે તેમના યથાયોગ્ય કર્મફળ પ્રદાતાપણે અંતર્યામી રૂપે કરીને રહ્યા છે અને સર્વ જીવના જીવન છે..."

"...એવા જે એ ભગવાન, તે જ પોતે જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થાય છે..."

આમ, અનેક વચનામૃતોમાં શ્રીજીમહારાજે જીવો અનેક છે તેવો ઉલ્લેખ કર્યો છે.

અનંત જીવોમાંના પ્રત્યેક જીવની સત્તા, સ્વાભાવિક, પારમાર્થિક અને વાસ્તવિક છે, પરંતુ ઔપાધિક નથી. પ્રત્યેક શરીરમાં રહેનાર જીવ સ્વરૂપતઃ અને તત્ત્વતઃ ભિન્ન છે. પ્રત્યેક શરીરમાં સુખદુઃખ, અનુભવ, સ્મૃતિ ભિન્ન ભિન્ન હોવાથી તેના અધિષ્ઠાતારૂપ પ્રત્યેક જીવ અલગ છે.

જીવો સ્વરૂપતઃ અને તત્ત્વતઃ એકબીજાથી ભિન્ન અને પૃથક્ હોવા છતાં બધાજ જીવો સ્વરૂપતઃ સમાન છે. બધા જ જીવોનું મૂળભૂત સ્વરૂપ સમાનપણે સચ્ચિદાનંદરૂપ હોવાથી બધા જીવો સ્વરૂપતઃ સમાન જરૂર કહી શકાય, પરંતુ એક જ જીવ છે એવું કદાપિ કહી ન શકાય. **જો બધા જ દેહમાં એક જ જીવ હોય તો એકજ સમયે એકજ દેહમાં સુખ અને બીજા દેહમાં દુઃખનો અનુભવ ન થઈ શકે.** વળી, જન્મ-મરણ, બંધન-મોક્ષ, સ્વભાવની વિચિત્રતા અને વિવિધતા, પ્રવૃત્તિની ભિન્નતા તથા વિશ્વમાં પ્રવર્તતી વિષમતા વગેરે જગતની વ્યવસ્થાને પણ કોઈપણ રીતે સમજાવી ન શકાય.

બધાજ જીવો સ્વરૂપતઃ સમાન હોવા છતાં જીવોની બદ્ધ અવસ્થામાં કર્મભેદ અને પરિણામે દેહાદિકના ભેદને લીધે જીવોમાં ભિન્નતા, વિષમતા, વિચિત્રતા અને વિવિધતા જણાય છે.

જીવોના બે ભેદ : મુક્ત અને બદ્ધ

ભગવાન શ્રી સ્વામિનારાયણે જીવોના **બે ભેદ** સ્વીકાર્યા છે : બદ્ધ જીવો અને મુક્ત જીવો.

જેમ વચ. ગ. પ્ર. પ્રકરણના ૧૨માં તથા અં. પ્ર. ૩૭માં વચનામૃતમાં અનેક બદ્ધ જીવાત્માઓ છે એમ કહ્યું છે તેમ.

વચ. ગ. પ્ર. ના ૨૧માં મુક્ત જીવો પણ અનંત છે એવું જણાવતા શ્રીજીમહારાજ કહે છે :- "...અને એ અક્ષરધામને વિષે અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા એવા અનંતકોટિ મુક્ત રહ્યા છે..."

લો.પ્ર. ૧૪માં વચનામૃતમાં પણ ભગવાન શ્રીહરિ કહે છે :- "...ને તે સિંહાસનને ચારે કોરે અનંતકોટિ મુક્ત બેઠા થકા તે નારાયણના દર્શન કરે છે..."

આમ, અનેક વચનામૃતોમાં મુક્ત જીવો પણ અનેક છે એમ શ્રીજીમહારાજે સ્વીકાર્યું છે.

બદ્ધ જીવોમાં **દૈવી** અને **આસુરી** એમ બે ભેદ પડે છે.

જ્યારે...,

મુક્ત જીવના બે ભેદ : ભગવાન શ્રી સ્વામિનારાયણે **મુક્ત સ્થિતિને પામેલા જીવના બે ભેદ** સ્વીકાર્યા છે. ૧. જીવન્મુક્ત ૨. વિદેહ મુક્ત.

૧) **જીવન્મુક્ત :-**

જીવનમુક્ત એટલે દેહ છતાં જ

મુક્તસ્થિતિને પામેલ, દુઃખના આત્યંતિક અભાવનો અનુભવ કરનાર અને બ્રહ્મરૂપે પરમાત્માનો સાક્ષાત્કાર અને દિવ્યાનંદનો અનુભવ કરનાર.

સા. ૯મા વચનામૃતમાં આ સ્થિતિનું વર્ણન કરતા કહ્યું છે :- "...માટે અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ ને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય..."

વચ. ગ. અં. પ્ર. ૨માં કહ્યું છે :- "...અને જ્યારે આવો સંત સમાગમપ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ, તેને છતે દેહે જ પામ્યો છે..."

આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણે દેહ છતાં જ બ્રાહ્મીસ્થિતિ, મોક્ષ કે **પરમપદની પ્રાપ્તિ** થાય છે તેવું ઘણાં વચનામૃતોમાં કહ્યું છે.

જીવન્મુક્તને કારણ દેહનો નાશ થયેલો હોવાથી અહંમમત્વરૂપ માયા રહેતી નથી. પરિણામે રાગ-દ્વેષનો તથા વાસના, સ્વભાવ અને દેહભાવનો પણ નાશ થઈ જાય છે. અને ગ. મ. પ્ર. ૧૧ પ્રમાણે ભગવાનની આજ્ઞાથી નિષ્કામભાવે ભગવાનની પ્રસન્નતાને અર્થે જે જે કર્મ કરે છે તે ક્રિયમાણ કર્મ ભક્તિરૂપ થવાની બંધનરૂપ થતાં નથી.

પોતાના પ્રારબ્ધ કર્મો પૂરાં થાય ત્યાં સુધી એ જીવન્મુક્તની સ્થિતિનો અનુભવ કરે છે. જીવન્મુક્ત ત્રણ દેહ, ત્રણ ગુણ અને ત્રણ અવસ્થાથી પર પોતાના સ્વરૂપને બ્રહ્મરૂપે અતિશય ઉજ્જવળ અને પ્રકાશમાન જુએ છે. અને તે પ્રકાશ મધ્યે પ્રત્યક્ષ એવા પુરુષોત્તમભગવાનની મૂર્તિને જુએ છે.

(વચ. ગ. પ્ર. ૨૦, મ.પ્ર. ૮, ૬૨)

૨) **વિદેહમુક્ત :-**

વિદેહમુક્ત એટલે દેહ મૂક્યા પછી પરમપદની પ્રાપ્તિ. જીવન્મુક્તના પ્રારબ્ધ કર્મો જ્યારે ભોગવાઈ જાય છે, ત્યારે તેનો સ્થૂળ અને સૂક્ષ્મદેહ સાથેનો સંબંધ છૂટી જાય છે. ત્યારબાદ તે ભગવાનના અક્ષરધામમાં જાય છે. (વચ. ગ. પ્ર. ૧, ૨૧, લો. પ્ર. ૩, ગ. મ. પ્ર. ૬૭, અં. પ્ર. ૨૨)

કદાચ કોઈક ભક્તને જીવન દરમ્યાન કોઈક કચાશને કારણે જીવન્મુક્તિનો અનુભવ ન થયો હોય, તેમ છતાં પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ અંત વખતે પણ તેની કસરમાત્ર ટાળી નાંખે છે. અને તે ભક્ત વિદેહમુક્ત બની જાય છે અર્થાત્ અક્ષરધામમાં જઈ શકે છે.

અક્ષરધામમાં મુક્તનો દેહ :

જીવાત્મા દેહને મૂકીને ભગવાનનાં ધામમાં કેવો દેહ પ્રાપ્ત કરે છે તે વિષે જણાવતાં **શ્રીજીમહારાજ** કહે છે :-

"...ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની ઈચ્છાએ કરીને **બ્રહ્મમય (દિવ્ય ચૈતન્યમય)** દેહને પામે છે..."

(વચ. ગ. પ્ર. ૧)

"...એવા જે ભગવાનના સ્વરૂપના જ્ઞાનવાળા છે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં **ચૈતન્યની જ મૂર્તિ** થઈને ભગવાનની હજૂરમાં રહે છે..."

(વચ. ગ. પ્ર. ૩૭)

"...પછી એ દેહને મૂકીને જુદો થાય છે ત્યારે એ ભક્તને ભગવાન **ભાગવતી તનુ** આપે છે ને તે દેહે કરીને એ ભગવાનના ધામને વિષે રહે છે..."

(વચ. સા. પ્ર. ૧૪)

"...જ્યારે એ જીવના અજ્ઞાનની નિવૃત્તિ થાય છે ત્યારે એને માયિક ત્રણ દેહનો સંગ છૂટી જાય છે. પછી એ જીવ કેવળ ચૈતન્ય સત્તામાત્ર રહે છે. પછી એ જીવને ભગવાનની ભૂમિ આદિક જે આઠ પ્રકારની પ્રકૃતિ તે થકી જુદી જે **ચૈતન્ય પ્રકૃતિ** તેનો ભગવાનની ઈચ્છાએ કરીને **દેહ** બંધાય છે ને તેણે યુક્ત થકો ભગવાનના અક્ષરધામને વિષે રહે છે..."

(વચ. ગ. મ. ૬૬)

"...અને ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા એવા જે ભગવાનના ધામમાં ભક્ત છે તેનો આકાર

પણ **ભગવાન જેવો** છે. ...'' (વચ. ગ. અં. ૩૭)

''...ભગવાનના અક્ષરધામને વિષે જે ભગવાનનો **આકાર** છે તથા તે ભગવાનના પાર્ષદ જે મુક્ત તેમના જે આકાર છે, તે સર્વે સત્ય છે ને દિવ્ય છે ને અતિશય પ્રકાશે યુક્ત છે. અને તે ભગવાનનો ને તે મુક્તનો જે આકાર તે પુરુષના જેવો **દ્વિભુજ** છે અને **સચ્ચિદાનંદરૂપ** છે. ...'' (વચ. ગ. અં. ૩૮)

પરબ્રહ્મથી મુક્તનું અલગ અસ્તિત્વ : મુક્ત મૂર્તિના તેજમાં ભળી જતાં નથી...,

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં નવ્ય વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતની **મુક્તિ મીમાંસા**માં ધ્યાન ખેંચવા જેવી એક **સ્પષ્ટ હકીકત** એ છે કે અક્ષરધામમાં અક્ષરમુક્તનું **ભિન્ન વ્યક્તિત્વ** અને **અસ્તિત્વ** રહે છે. જેમ તેજમાં તેજ ભળી જાય કે જળમાં જળ મળી જાય તેમ અક્ષરમુક્ત, અક્ષરબ્રહ્મ કે પરબ્રહ્મમાં ભળી જઈને પોતાનું અલગ વ્યક્તિત્વ ગુમાવતા નથી.

તેથી જ શ્રીજીમહારાજ ગ. મ. ૩૮માં વચનામૃતમાં કહે છે :- ''તે **પ્રવેશ** તે એમ સમજવો જે, જેમ અતિશય લોભી હોય તેનો ધનમાં પ્રવેશ થાય છે, ને જેમ અતિ કામી હોય તેનો મનગમતી સ્ત્રીમાં પ્રવેશ થાય છે ને જેમ ઘણીક દોલતવાળો હોય ને તે વાંઝિયો હોય ને તેને દીકરો આવે તો તેનો દીકરામાં પ્રવેશ થાય છે, તેમ એવી રીતે **જેનો જીવ જે સંગાથે બંધાયો હોય તેને વિષે તેનો પ્રવેશ** જાણવો, પણ જેમ જળમાં જળ મળી જાય છે અને અગ્નિમાં અગ્નિ મળી જાય છે તેમ પ્રવેશ નથી થતો.''

તથા ગઢડા અં. પ્ર. ૩૩માં કહ્યું છે :- ''તે **પ્રવેશ** તે શું ? તો તેજના મંડળને વિષે દિવ્યમૂર્તિ એવા જે વાસુદેવ ભગવાન તેને વિષે એ ભક્તને સ્નેહ હોય તે સ્નેહે કરીને વાસુદેવ ભગવાનની મૂર્તિને વિષે એના મનનું **નિરંતર અનુસંધાન** રહે ને આસક્ત થકો વર્તે ને એવી રીતે રહ્યો થકો એ વાસુદેવ ભગવાનની સેવાને વિષે પણ બહાર થકી રહે...''

આમ, અક્ષરમુક્ત પરબ્રહ્મ પુરુષોત્તમની મૂર્તિમાં અત્યંત પ્રેમાસક્ત થઈને એમની મૂર્તિમાં **નિમગ્ન** રહે છે, તેનું પોતાનું અલગ અસ્તિત્વ હોવા છતાં તેને પોતાના અસ્તિત્વનું પણ ભાન નથી. કેવળ ભગવાનના દર્શન સુખમાં જ **ગરકાવ** રહે છે.

શ્રી સ્વામિનારાયણીય નવ્ય વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં મુક્તિમીમાંસાની **બીજી** એક આગવી **વિશેષતા** એ છે કે અક્ષરધામમાં **અક્ષરમુક્ત** અક્ષરબ્રહ્મના સાધર્મ્યને પામેલા છે, છતાં તે **તત્ત્વતઃ અક્ષરબ્રહ્મ** થતા નથી. તેમજ પરબ્રહ્મ જેવા જ આકાર હોવા છતાં કોઈપણ અક્ષરમુક્ત **તત્ત્વતઃ પરબ્રહ્મ** થઈ શકતા નથી.

આ વાતને સમજાવતા **ભગવાન શ્રીહરિ** કા. ૧૦માં વચનામૃતમાં કહે છે :- ''...અને જે ભગવાનના ભક્ત હોય તે ભગવાનને પ્રતાપે કરીને બ્રહ્મા, શિવ, શુકજી, નારદ તે જેવા પણ થાય અને પ્રકૃતિપુરુષ જેવા પણ થાય અને **બ્રહ્મ તથા અક્ષર** જેવા પણ થાય તો પણ **શ્રી પુરુષોત્તમનારાયણ જેવો થવાને કોઈ સમર્થ નથી...**''

તથા લોયાના ૪માં (ચોથા) વચનામૃતમાં કહ્યું છે :- ''...અને ભગવાનનું સ્વરૂપ પણ એકજ છે અને તે ભગવાન અતિ સમર્થ છે ને તે જેવો થવાને કાજે **અક્ષરપર્યંત** કોઈ સમર્થ થતો નથી. એ **સિદ્ધાંત** છે...''

વળી, ગઢડા અં. પ્ર.ના ૩૭માં વચનામૃતમાં કહ્યું છે :- ''...ને ભગવાન જેવા તો એક ભગવાન જ છે, પણ બીજો કોઈ નથી અને ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા એવા જે ભગવાનના ધામમાં **ભક્ત** છે તેનો આકાર પણ ભગવાન જેવો છે, તો પણ તે **પુરુષ** છે ને ભગવાન **પુરુષોત્તમ** છે ને તે સર્વમાં શ્રેષ્ઠ છે ને એમને **ઉપાસ્ય** છે ને સર્વેના **સ્વામી** છે ને એ ભગવાનના મહિમાનો કોઈ પાર પામતા નથી...''

ભક્ત ભગવાનના સાધર્મ્યપણાને પામે છે એવા જ્યાં વચનો હોય ત્યાં તેનું તાત્પર્ય એટલું જ છે કે મુક્ત પણ ભગવાનની જેમ **દિવ્ય** અને **સ્વતંત્ર** બને છે. તેથી હવે તેને **માયા પરાભવ પમાડવા સમર્થ થતી નથી.** માયિક ઉપાધિ તેને વળગતી નથી.

બસ, આટલું જ સ્વતંત્રપણું મુક્તને પ્રાપ્ત થાય છે પરંતુ ભગવાનની આગળ તો તે પણ **પરતંત્ર** ને **આધીન** છે.

આમ, સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે **'વેદાંત દર્શન'**ના આધારભૂત મુખ્યગ્રંથો ઉપનિષદો, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ ભગવદ્ગીતા વગેરે આ **પ્રસ્થાનત્રયીના સારરૂપે** પોતાને માન્ય એવો **સિદ્ધાંત** સમજાવેલ હોવાથી તથા તેના માટે શ્રી રામાનુજાચાર્યજીનો વિશિષ્ટાદ્વૈત મત આધારભૂત હોવાથી **'શ્રી સ્વામિનારાયણીય નવ્ય વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત'** તરીકે ઓળખાવી શકાય. પરંતુ શ્રી રામાનુજાચાર્યનો જે વિશિષ્ટાદ્વૈત હતો તે જ **સંપૂર્ણપણે** ભગવાન શ્રી સ્વામિનારાયણનો પણ 'मतं विशिष्टाद्वैतं मे'ના આધારે **વિશિષ્ટાદ્વૈત** છે તેમ ન કહી શકાય.

તેથી, શિક્ષાપત્રી, વચનામૃત કે અન્ય સાંપ્રદાયિક ગ્રંથોમાં સર્વત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના લોકોત્તર-અસાધારણ પારમેશ્વર-ભાવથી સવિશેષ અને સ્વતંત્ર **'નવ્ય વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત'** જ પ્રતિપાદન કર્યો છે, જેને બુદ્ધિમાન વિદ્વાન વર્ગ સહેલાઈથી સમજી શકે તેમ છે.

અસ્તુ... જય શ્રી સ્વામિનારાયણ...

સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ

↓

અક્ષરબ્રહ્મ

↓

મૂળપુરુષ	મહાપુરુષ	પ્રકૃતિપુરુષ
મહદ્‌બ્રહ્મ	મહામાયા	જડપ્રકૃતિ

↓

પ્રધાનપુરુષ (અસંખ્ય)

↓

મહત્તત્ત્વ (ચિત્ત)

↓

અહંકાર (ત્રિવિધ)

(સાત્ત્વિક)	(રાજસ)	(તામસ)
સત્ત્વગુણ	**રજોગુણ**	**તમોગુણ**
ચૌદ ઈન્દ્રિયોના દેવતાઓ એક મન **કુલ પંદર**	દશ ઈન્દ્રિયો દશ પ્રાણ એક બુદ્ધિ **કુલ એકવીશ**	પંચભૂત તથા પંચવિષય **કુલ દશ**

ઉપર મુજબ ૫૧ (એકાવન) તત્ત્વો મળતા વૈરાજ પુરુષનો વૈરાટ નામનો દેહ ચૌદ લોક સાથેનો તૈયાર થયો ને તે વૈરાટ નામના દેહમાંથી ત્રણ દેવો ઉત્પન્ન થયા.

વૈરાટના હૃદયમાંથી	વૈરાટની નાભિમાંથી	વૈરાટની ભ્રકુટિમાંથી
વિષ્ણુ થયા વૈકુંઠમાં રહ્યા કાર્ય **પાલન**	બ્રહ્મા થયા સત્યલોકમાં રહ્યા કાર્ય **ઉત્પત્તિ**	મહેશ થયા કૈલાસમાં રહ્યા કાર્ય **સંહાર**

મરિચ્યાદિક પ્રજાપતિ થયા

કશ્યપાદિક પ્રજાપતિ થયા

દક્ષાદિક પ્રજાપતિ થયા

મૃત્યુલોકમાં મનુષ્યો	દેવલોકમાં દેવતાઓ	અતળલોકમાં દૈત્યો

ઉત્પન્ન થયેલ સૃષ્ટિ ચાર ખાણમાં (યોનિમાં) વહેંચાયેલ છે.

-: ઉદ્ભિજ :-	-: અંડજ :-	-: સ્વેદજ :-	-: જરાયુજ :-
ઊગી નીકળે તે વનસ્પતિ...	ઈંડામાંથી જન્મે તે પક્ષી - કીટ...	પસીનામાંથી જન્મે તે જુ, માંકડ...	ઓળમાંથી જન્મે તે પશુ, મનુષ્યો...

શ્રી સ્વામિનારાયણીય નવ્ય વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં સૃષ્ટિ પ્રક્રિયા

પરબ્રહ્મ તો સ્વતઃ પૂર્ણકામઅને સ્વસ્વરૂપમાં જ સંતૃપ્ત છે, તેથી જગતના સર્જન પાછળ તેમને કોઈ પ્રકારનો અંગત સ્વાર્થ નથી. પરંતુ અનંત માયામાં લીન જીવાત્માઓને મુક્તિની તક મળે એ માટે કરુણાવશ થઈને સૃષ્ટિનું સર્જન કરે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ગ.પ્ર. ૧૨, ૪૧ તથા ગ. અંત્ય. ૧૦માં સૃષ્ટિ પ્રક્રિયાની સમજૂતી આપી છે તે આ પ્રમાણે સમજી શકાય.

મહાપ્રલય એટલે કે આત્યંતિક પ્રલય પછી પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ જ્યારે સૃષ્ટિ રચવાની ઈચ્છા કરે છે, ત્યારે પુરુષોત્તમનારાયણના અનુપ્રવેશથી મૂળપ્રકૃતિ અને મૂળપુરુષ (અક્ષરાત્મક પુરુષ) દ્વારા અનંત પ્રધાન પ્રકૃતિ ઉત્પન્ન થાય છે.

પ્રત્યેક પ્રધાન પ્રકૃતિ સાથે માયામાં રહેલા એક એક ઈશ્વરરૂપ પુરુષ જોડાય છે. આ રીતે મૂળ પ્રકૃતિ અને મૂળપુરુષના સંયોગથી અનંત પ્રધાન અને પુરુષના જોડલાં ઉત્પન્ન થાય છે.

પ્રત્યેક પ્રધાનપુરુષના આ જોડલામાંથી એક એક બ્રહ્માંડરૂપ વિરાટ પુરુષની ઉત્પત્તિ થાય છે.

ક્રમની દૃષ્ટિએ જોઈએ તો પ્રધાનપુરુષમાંથી મહત્તત્ત્વ, તેમાંથી ત્રણ પ્રકારનો અહંકાર, તેમાંથી ઈન્દ્રિયો-અંતઃકરણ, પંચ તન્માત્રા, પંચભૂત ઉત્પન્ન થાય છે. જેમાં ઈશ્વરરૂપ પુરુષનો પ્રવેશ થવાથી તેને વિરાટપુરુષ, વૈરાજપુરુષ અથવા વિરાટનારાયણ કહેવામાં આવે છે.

વિરાટપુરુષની નાભિમાંથી બ્રહ્મા, હૃદયમાંથી વિષ્ણુ અને ભ્રકુટિમાંથી શિવ પ્રગટ થાય છે.

બ્રહ્મા દ્વારા મરીચ્યાદિક પ્રજાપતિ, કશ્યપાદિક પ્રજાપતિ, દેવ, દૈત્ય, મનુષ્ય અને પશુ-પંખી આદિક સમગ્ર સ્થાવરજંગમસૃષ્ટિની ઉત્પત્તિ થાય છે.

આ રીતે એક પ્રધાનપુરુષના જોડલામાંથી ૨૪ તત્ત્વોનું બનેલું આ બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે. એવી જ રીતે અનંત પ્રધાનપુરુષોના જોડલામાંથી અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ થાય છે.

પ્રત્યેક બ્રહ્માંડ પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ અને પ્રકૃતિ (પ્રધાન પ્રકૃતિ તથા મૂળપ્રકૃતિ) આ આઠ આવરણથી યુક્ત હોય છે.

સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા સ્વામી ધર્મવલ્લભદાસજી - રઘુવીરવાડી



શ્રીજી પ્રસાદિભૂત તીર્થધામસરધારને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તૈયાર થયેલ સુંદર કલાત્મક અક્ષરદ્વાર સમાન 'નૂતન શ્રી નૃગેન્દ્ર પ્રવેશદ્વાર'ના ઉદ્‌ઘાટન તેમજ 'દિવ્ય શાકોત્સવ' પ્રસંગે પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ઉપસ્થિત ૫૦ હજારથી વધારે ભક્ત સમુદાય.

કાલસારી (તા. વિસાવદર)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય નિશ્રામાં યોજાયેલ મંદિરનો 'રજત જયંતિ મહોત્સવ' (તા. ૨૪ થી ૩૦ ડીસેમ્બર)

ઉત્તરાજ (તા. સિનોર)ને આંગણે યોજાયેલ દિવ્ય શાકોત્સવમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા.૩-૧-૨૦૧૦)

રોપા (વડોદરા)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય ઉપસ્થિતિમાં યોજાયેલ શાકોત્સવ તથા સત્સંગ સભા (તા. ૩-૧-૨૦૧૦)

આણંદને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય ઉપસ્થિતિમાં યોજાયેલ ભક્ત ચિંતામણી પારાયણ તેમજ શાકોત્સવ (તા. ૮-૧-૨૦૧૦)

વેરાવળ (સોમનાથ)ને આંગણે યોજાયેલ એમ્બુલન્સ વાહન લોકાર્પણ પ્રસંગે પધારેલ પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. (૩-૧-૨૦૧૦)

સુણાવ (જી. આણંદ) ને આંગણે યોજાયેલ દિવ્ય શાકોત્સવમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા.૫-૧-૨૦૧૦)

વડોદરાને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય ઉપસ્થિતિમાં યોજાયેલ શાકોત્સવ તથા સત્સંગ સભા

શ્રી જીજ્ઞેશકુમાર એસ.મોટને હાર્દિક અભિનંદન...

મૂળ રવાનાં નિવાસી **પ.ભ. શ્રી ડો. જીજ્ઞેશકુમાર એસ. મોટ** (હાલ - ભુજ) બિઝનેશ એડમીનીસ્ટ્રેશનમાં 'ડોકટરેટ' મેળવી છે. એ.એમ. આઈ. આઈ. - મુંબઈ દ્વારા માર્ગદર્શનક વિનિતા જૈનના માર્ગદર્શન હેઠન હ્યુમન રીસોર્સ ડેવલપમેન્ટ અન્ડ ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટસ જેવા ધારધાર વિષય પર પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરી 'એ' ગ્રેડ (૭૩%) સાથે ઉતીર્ણ થયા છે. આ અગાઉ એમ. બી. એ. વિથ એચ.આર. પણ સારા ગ્રેડ સાથે મેળવી ઉર્તીણ થયા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ તેઓને જીવનમાં ઉત્તરોતર પ્રગતિ કરાવતા રહે તેવી શ્રીચરણોમાં પ્રાર્થના સહ...

લી. ભાવેશકુમાર પ્રવિણભાઈ સોલંકી - માનકુવા, ભુજ-કચ્છ

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ દ્વારા આયોજીત ભાવનગરને આંગણે યોજાયેલ દ્વિતીય ભવ્ય દ્વિતીય 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' અંતર્ગત 'શ્રીમદ્ સત્સંગિજીવન નવાહ્ન પારાયણ'(તા. ૫ થી ૧૩ જાન્યુઆરી - ૨૦૧૦) ડ

છપાય છે... છપાય છે... ટૂંકસમયમાં જ વ્રત-ઉત્સવનો નિર્ણય છપાય છે... છપાય છે...

વ્હાલા ભક્તજનો ! ટૂંકસમયમાં જ દક્ષિણ વિભાગ વડતાલ દેશ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન દ્વારા નિર્ણય છપાય છે તો જો આપ તેમાં પોતાનું નામઅથવા કંપની, ઓફિસ, ફેકટરી યા તો દુકાનનું નામશુભેચ્છ તરીકે આપવા ઈચ્છતા હોય તેમણે તેમજ નિર્ણયમાં આપવામાં આવતી મંદિરોની યાદીમાં આપના ગામનું નામજો ન હોય અથવા આપની જાણમાં કોઈ મંદિરનું નામ બાકી રહી ગયું હોય તો નીચે જણાવ્યા પ્રમાણે સંપર્ક કરવો.

પૂ. ઘનશ્યામી સ્વામી - મો. ૯૮૨૫૧૩૪૧૦૮

પ.ભ. શ્રી નનુમામા - મો. ૯૮૨૫૨૩૪૩૬૨

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

:: અભયદાન સત્સંગ સભા ::

-: સરધાર :-	-: સંપર્ક :-	-: રાજકોટ :-
તા. ૭-૦૨-૧૦, રવિવાર	શ્રી મહેન્દ્રભાઈ પાટડીયા - મો. ૯૪૨૬૨૨૯૫૫૮	તા.૩૦-૦૧-૧૦, શનિવાર
સમય :- સવારે ૮ થી ૧	શ્રી કરશનભાઈ ઢાંકેચા - મો. ૯૪૨૬૭૮૧૧૭૯	**સમય :-** રાત્રે ૯ થી ૧૧

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ચાલો ડોંબીવલી...

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ - ડોંબીવલી આયોજીત

પધારો ડોંબીવલી...

દિવ્ય શાકોત્સવ - ડોંબીવલી

પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

તારીખ : ૧ ફેબ્રુઆરી - ૨૦૧૦, શનિવાર સમય : રાત્રે ૭ થી ૧૧

સ્થળ : 'શ્રીહરિકૃષ્ણ સભામંડપ' શ્રી સ્વામિનારાયણ મંદિર, રાજાજી રોડ, બેંક ઓફ ઈન્ડિયાની સામે, રેલ્વે બ્રીજની બાજુમાં, ડોંબીવલી (ઈસ્ટ) . ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫, ૨૪૨૦૬૮૦. મો. ૯૩૨૨૭૫૩૦૫૨

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વૃદ્ધ મુંબઈ પરાવિસ્તાર ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ મહિલા સત્સંગ સમાજ તથા શ્રી ઘનશ્યામ મહિલા મંડળ - ડોંબીવલી આયોજીત 'ડોંબીવલી' (મહારાષ્ટ્ર)ને આંગણે

સૌપ્રથમવાર મહાન ગ્રંથરાજ ભગવાન શ્રીસ્વામિનારાયણની પરાવાણી

શ્રી વચનામૃત વાંચન પારાયણ

ફક્ત સ્ત્રીભક્તો માટે

કથા પ્રારંભ
તા. ૨૨-૧-૨૦૧૦
મહા સુદ-૭, શુક્રવાર

કથા પૂર્ણાહુતિ
તા. ૨૬-૧-૨૦૧૦
મહા સુદ-૧૧, મંગળવાર

-: કથા સમય :-
સવારે ૮.૩૦ થી ૧૨.૩૦
બપોરે ૨-૩૦ થી ૬.૩૦

સ્થળ 'શ્રીહરિકૃષ્ણ સભામંડપ' શ્રી સ્વામિનારાયણ મંદિર, રાજાજી રોડ, બેંક ઓફ ઈન્ડિયાની સામે, રેલ્વે બ્રીજની બાજુમાં, ડોંબીવલી (ઈસ્ટ). ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫, ૨૪૨૦૬૮૦. મો. ૯૩૨૨૭૫૩૦૫૨

આયોજક ધર્મકુળ આશ્રિત શ્રી ઘનશ્યામ મહિલા મંડળ, શ્રી સ્વા. મહિલા મંદિર-ડોંબીવલી

તા. ક. :- બહારગામથી પધારેલ સ્ત્રીભક્તજનો માટે બપોરે ફરાળ અને સાંજે મહાપ્રસાદ તેમજ ઉતારાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

ચાલો વાંસખીલીયા...

પધારો વાંસખીલીયા...

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સ. ગ.પુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી

પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના

દિવ્ય સાંનિધ્યમાં મુંબઈ પરાવિસ્તારમાં યોજાતી ભવ્ય

શ્રી સ્વામિનારાયણ મહોત્સવ

અંતર્ગત

શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ

વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

કથા સમય

સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ ❖ બપોરે ૩ થી ૬

તારીખ : ૨૪ થી ૩૦ જાન્યુઆરી - ૨૦૧૦

આયોજક :- ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ - વાંસખીલીયા

કથા સ્થળ : મું. વાંસખીલીયા, જી. આણંદ. સંપર્ક : પૂ. ઘનશ્યામસ્વામી - મો. ૯૮૨૫૧૩૪૧૦૮, રાકેશભાઈ પટેલ - મો. ૯૯૯૮૩૨૧૯૭૧

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સ. ગ.પુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી

પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના

દિવ્ય સાંનિધ્યમાં મુંબઈ પરાવિસ્તારમાં યોજાતી ભવ્ય

દ્વિમાસિક સત્સંગ સભા

તથા

દિવ્ય શાકોત્સવ

-: તારીખ :-

તા. ૩૧-૧-૨૦૧૦,
રવિવાર

-: સમય :-

બપોરે ૩.૦૦ થી ૮.૦૦

આયોજક :- ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ - વાસી

નિમંત્રક :- ધર્મકુળ આશ્રિત બૃહદ મુંબઈ પરાવિસ્તાર શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ - વાસી, દહિસર, બોરિવલી, મલાડ, કાંદિવલી, મીરારોડ, ભાયંદર, મુલુંડ, થાણા, ઘાટકોપર, ડોંબીવલી, વસઈ

સ્થળ :- માસાહેબ મીનાતાઈ ઠાકરે મેદાન, સેકટર - ૧૫/૧૬ માર્કેટ, વિદેહી હોટલની સામે, બેંક ઓફ ઈન્ડિયાની પાસે, ન્યુબોમ્બે - વાસી.

સુરત શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં
યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ ઉત્કર્ષ મહાસભા' (તા. ૧૬ જાન્યુઆરી - ૨૦૧૦)

Shree Swaminarayan Chintan, January - 2010 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011, RNI No. GUJGUJ10785/06/1/03 - TC

શ્રીજી પ્રસાદિભૂત તીર્થધામસરધારને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તૈયાર થયેલ સુંદર કલાત્મક અક્ષરદ્વાર સમાન 'નૂતન શ્રી નૃગેન્દ્ર પ્રવેશદ્વાર'ના ઉદ્‌ઘાટન તેમજ 'દિવ્ય શાકોત્સવ' પ્રસંગે પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ઉપસ્થિત ૫૦ હજારથી વધારે ભક્ત સમુદાય. (તા. ૩-૧-૨૦૧૦)

બગસરાને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીની દિવ્ય નિશ્રામાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ 'ભવ્ય શાકોત્સવ'નો આસ્વાદ માણવા ઉપસ્થિત ૩૦ હજારથી વધારે ભક્તજનો. (તા. ૧૯-૧૨-૦૯)

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji
છબીકલા : શ્રીહરિ ડીજીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦